દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૨ ■ Volume 66 ■ Issue 266 ■ વિક્રમ સંવત ૨૦૭૯
■ આશ્વિન વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 November 2023, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧૩ નવેમ્બર ૨૦૨૩, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છેલ્લી લીગ મેચમાં વિજય સાથે ભારતીય ટીમ અજેય

## નેધરલેન્ડ્સને ૧૬૦ રનથી હરાવ્યું, નવેનવ મેચ જીતીને ભારતે ઈતિહાસ સર્જ્યો

બેંગલૂરુ: વર્લ્ડ કપ ૨૦૨૩ની ૪૫મી અને છેલ્લી લીગ મેચમાં ભારતે નેધરલેન્ડ્સને ૧૬૦ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ ગ્રુપ રાઉન્ડમાં પોતાની તમામ મેચ જીતી લીધી છે. તેણે તમામ નવ ટીમો સામે જીત મેળવી હતી. બેંગ્લૂરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમ ઈન્ડિયાએ ૫૦ ઓવરમાં ચાર વિકેટે ૪૧૦ રન કર્યા હતા. જેના જવાબમાં નેધરલેન્ડ્સની ટીમ ૪૭.૪ ઓવરમાં ૨૫૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ દિવાળીના દિવસે ચાહકોને જીતની ભેટ આપી હતી. શાનદાર ઇનિંગ બદલ શ્રેયસ ઐય્યરને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

૪૧૧ના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજે નેધરલેન્ડ્સને સારી શરૂઆત કરતા અટકાવ્યું અને બીજી ઓવરમાં વેસ્લી બર્રેસી (૦૪)ને આઉટ કર્યો હતો. જો કે આ પછી કોલિન એકરમેન અને મેક્સ ઓ'ડાઉડે ઇનિંગ સંભાળી અને બીજી વિકેટ માટે ૬૧ રનની ભાગીદારી કરી હતી. ૧૩મી ઓવરમાં કોલિન એકરમેન ૩૨ બોલમાં ૩૫ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ ૧૬મી ઓવરમાં ૩૦ રનના અંગત સ્કોર પર જાડેજાએ મેક્સ ઓડાઉડને બોલ્ડ કરીને પેવેલિયન મોકલી દીધો હતો.

વિરાટ કોહલીએ ૧૭ રને આઉટ થયેલા કેપ્ટન સ્કોટ એડવર્ડ્સને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. ત્યારબાદ ૩૨મી ઓવરમાં જસપ્રીત બુમરાહે પોતાના સુંદર યોર્કર વડે બાસ ડી લીડે (૧૨)ને બોલ્ડ કર્યો હતો. આ રીતે નેધરલેન્ડ્સે ૫ વિકેટ ગુમાવી દીધી હતી. એન્ગલબ્રેચટે ૪૫ રનની ઇનિંગ રમી હતી.નિદામાનુરુને ભારતીય કેપ્ટન રોહિત શર્માએ આઉટ કર્યો હતો.

ભારત તરફથી જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજાએ ૨-૨ વિકેટ લીધી હતી. આ સિવાય વિરાટ કોહલી અને રોહિત શર્માએ ૧-૧ સફળતા મેળવી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે ચાર વિકેટ ગુમાવીને ૪૧૦ રન કર્યા હતા. શ્રેયસ ઐય્યરે સૌથી વધુ અણનમ ૧૨૮ રન કર્યા હતા. લોકેશ રાહુલે ૧૦૨ રન કર્યા હતા. કેપ્ટન રોહિતે ૬૧ રન અને ગિલ-કોહલીએ ૫૧ રનનું યોગદાન આપ્યું હતું. આ મેચમાં ભારતના પ્રથમ પાંચ બેટ્સમેનોએ ૫૦થી વધુ રન કર્યા હતા. લોકેશ રાહુલ અને શ્રેયસ ઐય્યરે ચોથી વિકેટ માટે ૨૦૮ રનની ભાગીદારી કરી હતી. આ વર્લ્ડ કપમાં ભારતનો બીજો સર્વશ્રેષ્ઠ સ્કોર છે. આ પહેલા ભારતે ૨૦૦૭માં બર્મુડા સામે ૪૧૩ રન કર્યા હતા. લોકેશ રાહુલે ૬૨ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી અને તે વિશ્વ કપમાં દેશ માટે સૌથી ઝડપી સદી હતી. નેધરલેન્ડ્સ માટે બાસ ડી લીડે બે વિકેટ ઝડપી હતી. મીકરેન અને મર્વને એક-એક વિકેટ મળી હતી. કેપ્ટન રોહિત શર્મા અને શુભમન ગીલે ઝડપી શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે ૭૧ બોલમાં ૧૦૦ રનની શાનદાર ભાગીદારી કરી હતી. આ ભાગીદારી ૧૨મી ઓવરમાં શુભમન ગિલના આઉટ થયા બાદ તૂટી હતી. ગિલ ૩૨ બોલમાં ૩ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૫૧ રન કરી પાછો ફર્યો હતો. આ પછી ૧૮મી ઓવરમાં કેપ્ટન રોહિત શર્મા બાસ ડી લીડેનો શિકાર બન્યો હતો. રોહિત ૫૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૧ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ ત્રીજી વિકેટ માટે શ્રેયસ ઐય્યર અને વિરાટ કોહલીએ ૭૧ રનની ભાગીદારી કરી, કોહલી ૫૬ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગો ફટકારીને વાન ડેર મર્વેનો શિકાર બન્યો હતો. આ પછી નંબર ચાર શ્રેયસ ઐય્યર અને પાંચમા નંબર પર આવેલા કેએલ રાહુલે ચોથી વિકેટ માટે ૨૦૮ (૧૨૮ બોલ) રનની ભાગીદારી કરી હતી. આ દરમિયાન શ્રેયસ ૯૪ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૧૨૮ રન કરીને અણનમ રહ્યો હતો. જ્યારે કેએલ રાહુલે ૬૪ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૧૦૨ રન કર્યા હતા. નેધરલેન્ડ્સ માટે લોગાન વેન બીકે ૧૦ ઓવરમાં ૧૦૭ રન આપ્યા હતા. આ સિવાય પોલ વાન મીકેરેને ૧૦ ઓવરમાં ૯૦ રન, બાસ ડી લીડે ૧૦ ઓવરમાં ૮૨ રન અને રોલોફ વાન ડેર મર્વે ૧૦ ઓવરમાં ૫૩ રન આપ્યા હતા. ટીમ તરફથી પોલ વાન મીકેરેન, રુલોફ વાન ડેર મર્વે અને બાસ ડી લીડેએ ૧-૧ વિકેટ લીધી હતી.

## કચ્છ પહોંચ્યો શિયાળો
## નલિયા ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડોમાં થઇ રહેલી ભારે બરફ વર્ષાની અસર હેઠળ ઠંડી-ગરમી વચ્ચે લાંબા સમયથી અટવાયેલા કચ્છમાં આખરે શિયાળાનું આગમન થયું છે અને સર્વત્ર એકાએક ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી જેટલું રહેતાં આ સિંગલ ડિજિટ તાપમાન થવાનું જાણે કાઉન્ટડાઉન શરૂ થયું છે.

દીપોત્સવી પર્વના દિવસે વહેલી સવારે દેવ મંદિરોમાં દર્શન કરવા બહાર નિકળેલા લોકો ગરમ વસ્ત્રો ન પહેરવા બદલ વસવસો કરતા નજરે પડ્યા હતા. જમ્મુથી કચ્છમાં પહોંચી આવેલા ઠંડા વાયરાઓએ બપોરે પડતી ગરમીની પક્કડને ઢીલી બનાવી દેતાં એકાએક ઠંડીનો અહેસાસ અનુભવાઈ રહ્યો છે. નલિયા ઉપરાંત ભુજ, ગાંધીધામ, કંડલા, ખાવડા સહિતના વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે સરકી જતાં શિયાળાએ કાયદેસરની દસ્તક દીધાનો અનુભવ જનજીવનને થઇ રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના જોજિલા, મુઘલ રોડ, ગુલમર્ગ, સોનમર્ગ સહિતના વિસ્તારોમાં થઇ રહેલી બરફવર્ષાથી ઉત્તર ભારતની સાથે કચ્છમાં આગામી એકાદ સપ્તાહમાં જ શિયાળાની મજબુત પક્કડ જામે તેવી પ્રબળ સંભાવના મોસમ વિભાગ દ્વારા વ્યકત કરાઈ છે.

## ગુજરાતમાં ઠંડીનો ચમકારો
## ગાંધીનગરમાં ૧૮.૨, અમદાવાદમાં ૨૦.૮ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દિવાળીના દિવસો દરમિયાન ધીમે-ધીમે ઠંડીનો ચમકારો વર્તાવા લાગ્યો છે. રવિવારે સૌથી ઓછું ૧૭.૨ ડિગ્રી આસપાસ લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં ૧૮.૨ અને અમદાવાદમાં ૨૦.૮ ડિગ્રી આસપાસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યના અનેક જિલ્લાઓમાં વહેલી સવારે ઠંડા પવનોનો અહેસાસ થયો હતો અને ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. રાજ્ય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં ૧૭ નવેમ્બર બાદ ઠંડી જોર પકડશે. જ્યારે રવિવારે રાજ્યના પાંચ જેટલાં શહેરો અને નગરોમાં લઘુતમ તાપમાન ૨૦ની નીચે નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૦ અને લઘુતમ તાપમાન ૨૦.૮ નોંધાયું હતું. જ્યારે વડોદરામાં મહતમ તાપમાન ૩૫.૦ અને લઘુતમ તાપમાન ૨૦.૨, સુરતમાં મહતમ તાપમાન ૩૫.૮, લઘુતમ તાપમાન ૨૩.૮, રાજકોટમાં મહતમ તાપમાન ૩૮.૦ અને લઘુતમ તાપમાન ૨૨.૦ અને ગાંધીનગરમાં મહતમ તાપમાન ૩૫.૮ અને લઘુતમ તાપમાન ૧૮.૦ ડિગ્રી નોંધાયું હતું. ■

## ગુજરાત સરકારે દિવાળીના દિવસે ૭૧ જેલ કેદીઓને મુક્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા વધુ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેલ કર્મચારીઓના ભથ્થામાં વધારો કર્યા બાદ ૧૨મી નવેમ્બરે દિવાળીના દિવસે ૭૧ જેલ કેદીઓને મુક્ત કર્યા હતા. આ ૭૧ જેલ કેદીઓની વર્તણૂંક સારી હોવાથી તમામને સજામાંથી મુક્તિ આપવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા બે દિવસ પહેલા જેલ વિભાગના ક્લાસ-૩ના કર્મચારીઓના ભથ્થામાં વધારાની જાહેરાત કરવામાં આવી હતી. જેના માટે ૧૩.૨૨ કરોડના બજેટની ફાળવણી કરાઈ છે. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા કરાયેલી જાહેરાત અનુસાર હવેથી જેલ સહાયકને રુ. ૩૫૦૦, જેલ સિપાહી માટે રુ. ૪૦૦૦, હવલદારને રુ. ૪૫૦૦ અને સુબેદારને રુ. ૫૦૦૦ નું જાહેર સુરક્ષા પ્રોત્સાહન ભથ્થું આપવાની મોટી જાહેરાત કરાઈ છે. જ્યારે ફિક્સ પગારનાં જેલ સહાયકોને રુપિયા ૧૫૦ લેખે જાહેર રજાના દિવસે ચૂકવાતા વળતરમાં વધારો કરીને રુ. ૬૬૫ રજા પગાર કરી દેવામાં આવ્યો છે. ત્યારે સરકારના ૭૧ જેલ કેદીઓને મક્ત કરવાના નિર્ણયથી દિવાળી અને ત્યારબાદના તહેવાર તેમના પરિવાર સાથે ઉજવી શકતા તેમના પરિવારમાં દિવાળીના પર્વ પર બમણો આનંદ છવાયો હતો.

## વન-ડે વર્લ્ડકપમાં ભારત તરફથી સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બન્યો કેએલ રાહુલ



બેંગલૂરુ: ભારતીય ક્રિકેટ ટીમના બેટ્સમેન કેએલ રાહુલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની છેલ્લી લીગ મેચમાં શાનદાર સદી ફટકારી છે. તેણે માત્ર ૬૨ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. રાહુલ પહેલા સાવધાનીપૂર્વક રમી રહ્યો હતો અને બાદમાં મોટા શોટ ફટકાર્યા હતા. વર્લ્ડ કપમાં રાહુલની આ બીજી સદી છે. આ પહેલા તેણે ૨૦૧૯ વર્લ્ડ કપમાં શ્રીલંકન ક્રિકેટ ટીમ સામે સદી ફટકારી હતી. રાહુલે વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત માટે સૌથી ઝડપી સદી ફટકારી છે. તેણે રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો હતો. રોહિતે આ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ સામે ૬૩ બોલમાં સદી ફટકારી હતી. વિરેન્દ્ર સેહવાગે વર્ષ ૨૦૦૭માં માત્ર ૮૧ બોલમાં સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ

૨૦૧૧ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ સામે ૮૩ બોલમાં સદી ફટકારી હતી. રાહુલ પાંચમા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. તેણે માત્ર ૬૪ બોલમાં ૧૦૨ રન કર્યા હતા.ત્યારબાદ રાહુલે શ્રેયસ સાથે મળીને ૧૨૮ બોલમાં ૨૦૮ રનની શાનદાર ભાગીદારી કરી હતી. રાહુલે પોતાની ઇનિંગ દરમિયાન ૧૧ ચોગ્ગા અને ૪ સિક્સર ફટકારી હતી. મેચ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૫૯.૩૮ હતો.

આ વર્લ્ડ કપમાં રાહુલે ૯ મેચની ૮ ઇનિંગ્સમાં ૬૯.૪૦ની એવરેજથી ૩૪૭ રન કર્યા હતા. આ સમયગાળા દરમિયાન તેણે ૯૩.૫૩ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી છે.

## ઓસ્ટિનમાં સામસામા ગોળીબારમાં પોલીસ અધિકારી અને આરોપીનાં મોત

ઓસ્ટિન (ટેક્સાસ): અહીંના એક ઘરમાં પોલીસ અને આરોપી વચ્ચેના સામસામા ગોળીબારમાં ટેક્સાસના પોલીસ અધિકારીનું મૃત્યું થયું હતું, જ્યારે આરોપી ઠાર મરાયો હતો. આ ઘરમાં બે અન્ય વ્યક્તિના મૃતદેહ પણ મળી આવ્યા હતા તેવી માહિતી પોલીસ વડા રોબિન હેન્ડરસને આપી હતી. શનિવારે મળસ્કે ૩.૦૦ કલાકે એક મહિલાનો પોલીસની મદદ માટે ફોન આવ્યો હતો. પોલીસ પહોંચે તે અગાઉ એક આરોપી ઘરમાંથી ભાગી ગયો હતો, જ્યારે બીજા આરોપી પાસે ચપ્પુ હતું તેવું મહિલાએ કહ્યું હતું. પોલીસે ઘરમાં પ્રવેશ કરતા તેમની પર ગોળીબાર થયો હતો. આથી તેઓ બહાર આવ્યા હતા અને સ્પેશિયલ વેપન્સ ઍન્ડ ટેકટિક્સ (એસડબ્લ્યુએટી) તરીકે ઓળખાતા વિશેષ પોલીસ દળની મદદ માગી હતી. જેવા એસડબ્લ્યુએટીના અધિકારીઓએ ઘરમાં પ્રવેશ કર્યો હતો તેમના પર ગોળીબાર થયો હતો. પોલીસ દળે સામો ગોળીબાર કર્યો હતો. સામસામા ગોળીબારમાં બે પોલીસ અધિકારી અને આરોપીને ગોળી વાગી હતી, જેમાં આરોપીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. બંને પોલીસ અધિકારીને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એક અધિકારીનું મોત થયું હતું, જ્યારે બીજાની હાલત સ્થિર છે તેવું હેન્ડરસને કહ્યું હતું.

આરોપીના હુમલાનો ભોગ બનેલા બે વ્યક્તિના મૃતદેહ ઘરમાંથી મળી આવ્યા હતા. પોલીસ દળની વધુ તપાસ ચાલી રહી છે, તેવું હેન્ડરસને જણાવ્યું હતું. ■

## યમુનોત્રી નિર્માણાધીન ટનલ ધસી પડી પચીસથી વધુ કામદારો ફસાયા હોવાની આશંકા

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં યમુનોત્રી નેશનલ હાઈવે પર સિલ્ક્યારાથી દાંડલગાંવ સુધી નિર્માણાધીન ટનલ ધસી પડી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ટનલની અંદર પચીસથી વધુ મજૂરો ફસાયેલા હોવાની આશંકા છે. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઉત્તરકાશીએ આ વાતની પુષ્ટિ કરી છે. કન્સ્ટ્રકશન કંપની દ્વારા કાટમાળ હટાવવાની કામગીરી કરવામાં આવી છે. ઘટનાસ્થળે પાંચ ૧૦૮ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ મૃત્યુની જાણ નથી. પોલીસ ફોર્સની સાથે અન્ય બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. મળતી માહિતી મુજબ, અકસ્માત રવિવારે સવારે ૫:૦૦ વાગ્યે થયો હતો. આ ભૂસ્ખલન સિલ્ક્યારા તરફના ટનલના પ્રવેશદ્વારથી ૨૦૦ મીટરના અંતરે થયું હતું, જ્યારે કામ કરી રહેલા કામદારો વાહનના પ્રવેશદ્વારની અંદર ૨૮૦૦ મીટર અંદર હતા.

ઓલવેધર રોડ પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામાં આવી રહેલી ટનલની લંબાઈ ૪.૫ કિમી છે. તેમાંથી ચાર કિમીનું બાંધકામ પૂર્ણ થયું છે. અગાઉ ટનલનું નિર્માણ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક સપ્ટેમ્બર ૨૦૨૩ હતો, પરંતુ હવે તેને માર્ચ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ■



**બચાવ કામગીરી:** ઉત્તરકાશીમાં બ્રહ્મકાલ-યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર પર સિલ્ક્યારા અને ડંડલગાંવની વચ્ચે બંધાઇ રહેલા બોગદાના તૂટી પડેલા ભાગના સ્થળે ચાલતી બચાવ કામગીરી. આ ટનલમાં અંદાજે ૪૦ જણ ફસાઇ ગયા હતા. (પીટીઆઇ)

## મથુરામાં ફટાકડાની સાત દુકાનમાં આગ: નવને ઈજા

મથુરા: મથુરાના ગોપાલબાગ વિસ્તારમાં રવિવારે ફટાકડાની સાત દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. આગના પગલે ફાયર વિભાગના જવાન સહિત સાત જણને ઈજા થઈ હતી. ૧૦ મોટરસાઈકલ પણ બળી ગઈ હતી. અહીં હંગામી ધોરણે ફટાકડાનું બજાર ઊભું કરવામાં આવ્યું હતું. રવિવારે બપોરે ગોપાલબાગ વિસ્તારની સાત દુકાનમાં આગ ફાટી નીકળી હતી. નવ વ્યક્તિને ઈજા થઈ હતી. ઈલેક્ટ્રિકલ શોર્ટસર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી તેવું પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું તેવું રાયા પોલીસમથકના અધિકારી અજય કિશોરે કહ્યું હતું. ફટાકડા વેચવાની પરવાનગી સાતે દુકાન પાસે હતી તેવું અજય કિશોરે કહ્યું હતું. ચાર વ્યક્તિને સારવાર માટે આગ્રાની એસ.એન. મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા હતા જ્યારે બાકીના ત્રણને મથુરા ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ફટાકડાની માર્કેટમાં ફરજ બજાવતા ફાયરમેન ચંદ્રશેખરને આગ ઓલવવાની કામગીરી દરમ્યાન ઈજા થઈ હતી તેવું અધિકારીઓએ જણાવ્યું હતું. ઘટનાસ્થળે હાજર લોકોની માહિતીના આધારે ચીફ ફાયર ઓફિસર નરેન્દ્ર પ્રતાપ સિંહે કહ્યું કે વીજળીનો વાયર ફટાકડાના જથ્થા પર પડતા આગ લાગી હતી.

આગ ઓલવવામાં અડધો કલાક લાગ્યો હતો. માલસામાનનું નુકસાન કેટલું થયું છે તેનું આકલન હજી બાકી છે તેવું નરેન્દ્ર પ્રતાપ સિંહે કહ્યું હતું. આગમાં ૧૦ મોટરસાઈકલ પણ બળી ગઈ હતી. ■

## અમદાવાદમાં દાની ડેટા એપથી કૌભાંડ કરનારા વધુ બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાની ડેટા નામની ફૂટબોલ ફેન્ટસી ગેમિંગ એપ્લિકેશન મારફતે ૧૧૦૦થી વધુ વ્યક્તિઓ સાથે ૨૭૧ કરોડ રૂપિયાની ઠગાઈ આચરવાના કેસમાં પોલીસે વધુ બે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવતા તેમના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દાની ડેટા નામની એપ્લિકેશન મારફતે ભોગ બનનારને ફૂટબોલની મેચો ૩:૩ ના સ્કોર ઉપર રોકાણ કરવાથી ૦.૭૫ ટકા નફા સાથે રકમ પરત આપવાની ૧૦૧ ટકા ગેરંટી આપી ભોગ બનનારને રોકાણ કરાવીને એપ્લિકેશનને ગૂગલ પ્લે-સ્ટોર ઉપરથી હટાવી લેવામાં આવી હતી. જેમાં ભોગ બનનારને તેમણે કરેલા રોકાણના રૂપિયા પરત નહી આપી છેતરપિંડી આચરવામાં આવી હતી. ■

## ઓવરહેડ વાયર તૂટતાં ટ્રેનના ડ્રાઈવરે લગાવી ઈમરજન્સી બ્રેક: બેનાં મોત

ધનબાદ: ઝારખંડના કોડરમા જિલ્લામાં શનિવારે એક ટ્રેન અકસ્માતમાં બે મુસાફરોનાં મોત થયાં હતાં. ઓવરહેડ ઇલેક્ટ્રિક વાયર તૂટવાને કારણે દિલ્હી જતી ટ્રેનને અચાનક રોકવામાં આવતી હતી. પૂર્વ મધ્ય રેલવેના અધિકારીઓએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ગોમોહ અને કોડરમા રેલવે સ્ટેશનો વચ્ચે પરસાબાદ નજીક બપોરે ૧૨.૦૫ વાગ્યે અકસ્માત થયો હતો જ્યારે ઓવરહેડ ઇલેક્ટ્રિક વાયર તુટતાં પુરી-નવી દિલ્હી પુરુષોત્તમ એક્સપ્રેસના ડ્રાઇવરે ટ્રેનને રોકવા માટે ઇમરજન્સી બ્રેક લગાવી હતી.

ધનબાદ રેલવે ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે, “વીજ પુરવઠો અચાનક બંધ થઈ જતાં, ટ્રેનને રોકવા માટે ઈમરજન્સી બ્રેક લગાવવામાં આવી હતી અને આંચકો લાગવાને કારણે બે લોકોના મોત થયા હતાં.” દુર્ઘટના સમયે ટ્રેન ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી રહી હતી. અધિકારીએ જણાવ્યું કે દુર્ઘટના સ્થળેથી પુરુષોત્તમ એક્સપ્રેસને ડીઝલ એન્જિન દ્વારા ગોમોહ સ્ટેશન લાવવામાં આવી હતી અને પછી ઇલેક્ટ્રિક એન્જિન દ્વારા દિલ્હી મોકલવામાં આવી હતી. ■

## રાજસ્થાનના બુંદીમાં માર્ગ અકસ્માતમાં પરિવારનાં ચારનાં મોત

કોટા: રાજસ્થાનના બુંદી જિલ્લામાં રવિવારે વહેલી સવારે નેશનલ હાઇવે બાવન પર કાર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અથડામણમાં મધ્ય પ્રદેશના એક પરિવારના ૪ સભ્યોનાં મોત થયાં હતાં. આ દુર્ઘટના હિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. કારમાં સવાર મધ્ય પ્રદેશનો પરિવાર પુષ્કર તરફ જઇ રહ્યો હતો. મૃતકોની ઓળખ દેવી સિંહ (૫૦), તેની પત્ની માનખોર કંવર (૪૫), તેના ભાઇ રાજારામ (૪૦) અને ભત્રીજા જિતેન્દ્ર (૨૦) તરીકે થઇ છે. જેઓ મધ્ય પ્રદેશના અગર-માલવા જિલ્લાના ગંગુખેડી ગામના રહેવાસી છે. હિંડીલી પોલીસ સ્ટેશનના સર્કલ ઇન્સ્પેક્ટર મનોજ સિકરવાલે જણાવ્યું હતું કે, આ અકસ્માત લગભગ ૧૨-૩૦ વાગ્યે થયો હતો. જ્યારે ચાર લોકોને લઇ જતી એસયુવી હિંડોલી

શહેર નજીક પાછળથી એક ભારે ટ્રક સાથે અથડાઇ હતી.એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર એસયુવી સંભવતઃ સ્પીડમાં હતી, આગળ જતા ટ્રકે અચાનક બ્રેક મારતા કાર ટ્રક સાથે ધડાકાભેર અથડાઇ હોવાનું અનુમાન છે. ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે રવિવારે સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થયું હતું. ટ્રક ડ્રાઇવર તેનું વાહન છોડીને સ્થળ પરથી ભાગી ગયો હતો. તેને પકડવાના પ્રયાસો ચાલુ છે. મૃતદેહોને પરિવારના સભ્યોના આવ્યા પછી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવશે તેમ પોલીસે જણાવ્યું હતું. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ન્યૂઝિલેન્ડ સામે સેમીમાં ટક્કરથી થોડો ઉચાટ

**ભારતમાં** રમાઈ રહેલા વન ડે વર્લ્ડકપમાં ખરાખરીના જંગનો તખ્તો તૈયાર છે. ભારત રવિવારે નેધરલેન્ડ્સ સામે છેલ્લી લીગ મેચ રમ્યું પણ એ ઔપચારિકતા જેવી હતી. સેમિફાઈનલમાં કઈ ચાર ટીમ રમશે એ પહેલાં જ નક્કી થઈ ગયું હતું. ભારતીય ક્રિકેટ ચાહકો માટે નિરાશાના સમાચાર એ છે કે, પાકિસ્તાનની ટીમ વર્લ્ડ કપ ૨૦૨૩માંથી બહાર થઈ ગઈ છે તેથી સેમિફાઈનલમાં પાકિસ્તાન સામે મુકાબલો નહીં થાય. સેમી ફાઈનલમાં ભારતની ટક્કર ન્યુઝિલેન્ડ સામે થશે જ્યારે બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા ટકરાશે.

આમ તો શ્રીલંકા સામે મોટી જીત મેળવીને ન્યૂઝિલેન્ડે વનડે વર્લ્ડ કપ સેમિફાઈનલમાં પોતાનું સ્થાન લગભગ પાકું કરી જ લીધું હતું, ન્યુઝિલેન્ડે પહેલાં શ્રીલંકાને માત્ર ૧૭૨ રનમાં ઓલઆઉટ કર્યું ને પછી તોફાની બેટિંગ કરીને વિકેટો પડે તેની પરવા કર્યા વિના ૨૩.૨ ઓવરમાં ટાર્ગેટ ચેઝ કરીને શ્રીલંકાને ૫ વિકેટે હરાવ્યું પછી તેનો નેટ રન રેટ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન કરતાં ઘણો સારો થઈ ગયો હતો.

આમ તો ન્યૂઝિલેન્ડની જીત સાથે નક્કી થઈ ગયેલું કે, પહેલી સેમિફાઈનલમાં ભારતનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે. ૧૫ નવેમ્બરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બપોરે ૨ વાગ્યાથી રમાનારી સેમિફાઈનલમાં રોહિત શર્માની ટીમ કેન વિલિયમસનની ટીમ સામે ટકરાશે એ નક્કી હતું પણ ટેક્નિકલી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંને પાસે સેમિફાઈનલમાં આવવાની તક હતી.

પાકિસ્તાન તેની છેલ્લી લીગ મેચમાં ઈંગ્લેન્ડ સામે ૨૮૭ રનથી જીતે અથવા અફઘાનિસ્તાન તેની છેલ્લી લીગ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ૪૩૮ રનથી જીતે તો જ તેઓ સેમિફાઇનલમાં પહોંચી શકશે. આમ તો ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા એ બંને ટીમો ઈતિહાસમાં ક્યારેય આટલા મોટા માર્જિનથી હારી નહોતી તેથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંને ફેંકાઈ ગયાં ને સેમિફાઈનલમાં ન્યૂઝિલેન્ડ રમશે એ નક્કી હતું પણ ક્રિકેટમાં કંઈ કહેવાય નહીં તેથી મેચ ના પતે ત્યાં સુધી રાહ જોવા સિવાય છૂટકો નહોતો.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં પણ પાકિસ્તાન પાસે સેમિફાઈનલમાં પ્રવેશવાની તક વધારે હતી કેમ કે ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાનની જીતનાં સમીકરણ થોડાં સરળ હતાં. પાકિસ્તાનની ટીમ બીજી બેટિંગ કરે તો જે પણ ટાર્ગેટ મળે એ ૩૮ બોલમાં ચેઝ કરવાનો હતો પણ એ શક્ય ના બને પણ બીજું સમીકરણ એ હતું કે, પાકિસ્તાન પહેલી બેટિંગ કરીને પછી ૨૮૭ રનથી જીતે તો પણ સેમિફાઈનલમાં પ્રવેશી શકે.

પાકિસ્તાન પાસે એવો સ્ફોટક બેટ્સમેન છે કે જે તોફાની બેટિંગ કરીને ૪૦૦ કરતાં વધારે રનનો સ્કોર ઊભો કરી શકે. પાકિસ્તાન પાસે એવા બોલરો પણ છે કે જે સામેની ટીમને ૧૦૦ રનની અંદર ખખડાવી શકે એ જોતાં પાકિસ્તાન પાસે ચોક્કસ તક હતી પણ પાકિસ્તાનનું ફોર્મ જોતાં કોઈને આશા નહોતી એ પણ એટલું જ સાચું છે. પાકિસ્તાનના ક્રિકેટરોને જ વિશ્વાસ નહોતો કે પાકિસ્તાન ટીમ કંઈક કરી શકશે.

પાકિસ્તાનના મહાન ક્રિકેટર વસીમ અકરમે તો કટાક્ષ કરેલો કે, પાકિસ્તાને સેમિફાઈનલ રમવું હોય તો એક જ ફોર્મ્યુલા છે. પાકિસ્તાન પહેલાં બેટિંગ કરીને સારો સ્કોર કરે અને પછી ઈંગ્લેન્ડની આખી ટીમને ૨૦ મિનિટ માટે ડ્રેસિંગ રૂમમાં બંધ કરી દે કે જેથી ઈંગ્લેન્ડના તમામ ખેલાડીઓને ટાઇમઆઉટ આપવામાં આવે તો પાકિસ્તાન હજુ પણ સેમિફાઈનલમાં પહોંચી શકે છે. શ્રીલંકાના એન્જેલો મેથ્યુસને ટાઈમઆઉટ આપવામાં આવ્યો હતો. ઇન્ટરનેશનલ ક્રિકેટમાં કોઈ બેટ્સમેન ટાઇમઆઉટ થયો હોય એવી આ પહેલી ઘટના હતી ને એ સંદર્ભમાં અકરમે કટાક્ષ કર્યો હતો.

ટૂંકમાં વાત એટલી જ હતી કે, પાકિસ્તાન પહેલાં જ ફેંકાઈ ગયું છે ને છેલ્લી લીગ મેચમાં પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામે ધોળકું ધોળીને સીધા જ બહાર નીકળી જવાનો રસ્તો અપનાવ્યો. કોલકાતામાં ઇંગ્લેન્ડે ૩૩૭ રન બનાવ્યા પછી પાકિસ્તાન ૪૩.૩ ઓવરમાં ૨૪૪ રનમાં ઓલઆઉટ થઈ જતાં ૭૦ રને હારીને સાવ ફેંકાઈ ગઈ. ઇંગ્લેન્ડે પાકિસ્તાનને ૩૩૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. પાકિસ્તાનને સેમિફાઈનલમાં પહોંચવા માટે ૩૮ બોલમાં ટાર્ગેટને ચેઝ કરવાનો હતો કે જે શક્ય નહોતું તેથી આથી મેચનું પરિણામ આવે તે પહેલાં જ પાકિસ્તાનની ટીમ ફેંકાઈ જ થઈ ગઈ હતી.

પાકિસ્તાન તો ગયું પણ હવે આપણું શું થશે એ સવાલ છે. ભારતે પહેલી વાર વર્લ્ડ કપમાં ગ્રુપ સ્ટેજની તમામ મેચો જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે તેથી ભારતીય ચાહકોની અપેક્ષાઓ બહુ વધારે છે પણ સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે રમવાનું છે તેથી થોડો તણાવ પણ છે. ન્યુઝિલેન્ડ વર્લ્ડકપમાં ભારત પર હાવી થઈ જાય છે તેથી ક્રિકેટ ચાહકોનો ઉચાટ સમજી શકાય એવો છે.

આ વખતે ભારત અને ન્યૂઝિલેન્ડ સતત બીજી વખત વન-ડે વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ટકરાશે. ૨૦૧૯માં પણ ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઇનલ રમાઈ હતી. એ વખતે પણ ભારત પોઈન્ટ ટેબલમાં ટોપ પર હતું અને ન્યૂઝિલેન્ડ ચોથા નંબરે હતું પણ ન્યૂઝિલેન્ડે માન્ચેસ્ટરમાં રમાયેલી સેમિફાઇનલ ૧૮ રનથી જીતીને આપણને ફેંકી દીધા હતા. વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી મેચમાં આપણા ટોપ બેટ્સમેન ના ચાલ્યા તેમાં આપણે ફેંકાઈ ગયેલા.

ન્યૂઝિલેન્ડનો આઈસીસીની ટૂર્નામેન્ટની નોકઆઉટ મેચોમાં ભારત સામે દેખાવ સારો છે. આઈસીસીની નોકઆઉટ મેચમાં આ વખતે ભારત અને ન્યૂઝિલેન્ડ ચોથી વખત ટકરાશે. આ પહેલાં અલગ-અલગ ટૂર્નામેન્ટની ત્રણ નોકઆઉટ મેચ બંને વચ્ચે રમાઈ છે ને ત્રણેય વખત ન્યૂઝિલેન્ડ જીત્યું હતું. ૨૦૧૯ના વર્લ્ડ કપની સેમી ફાઈનલ અને બે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત ન્યૂઝિલેન્ડ સામે હાર્યું છે. ૨૦૨૧ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પણ ન્યૂઝિલેન્ડે ભારતને હરાવ્યું હતું.

જો કે ભારત માટે એક સારી વાત એ છે કે, આ વખતે ભારતે ન્યૂઝિલેન્ડને વર્લ્ડ કપમાં છેલ્લાં ૨૦ વર્ષથી નહીં હરાવી શક્યાનો સિલસિલો તોડ્યો છે. ભારત ઘરઆંગણે રમી રહ્યું છે તેનો ફાયદો ભારતને મળ્યો છે ને એ ફાયદો સેમિફાઈનલમાં પણ મળે એવી આશા વધારે પડતી નથી. ભારતીય ટીમ જોરદાર ફોર્મમાં પણ છે એ જોતાં ન્યૂઝિલેન્ડને હરાવીને ફાઈનલમાં પ્રવેશવું જરાય કપરું નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ),

સોમવાર, તા. ૧૩-૧૧-૨૦૨૩, દર્શ અમાસ,સોમવતી અમાસ,

- ભારતીય દિનાંક ૨૨, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧લો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૫
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૨ સુધી (તા. ૧૪મી) પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૧-૧૭ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૩ સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૫ સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : સવારે ક. ૧૧-૩૨, મધ્યરાત્રે ક. ૦૦-૧૮
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૩ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ- અમાવસ્યા. દર્શ અમાવસ્યા, સોમવતી અમાવસ્યા બપોરે ક. ૧૪-૫૮ સુધી, અન્વાધાન, કેદાર ગૌરી વ્રત (દક્ષિણ ભારત), બલિપૂજા, ગોવર્ધનપૂજા, ગૌક્રીડા, અન્નકૂટ, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૧-૧૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ બલી પૂજન, તીર્થમાં સોમવતી અમાસનું પ્રાયશ્ચિત સ્નાન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી, સૂર્ય, પિતૃ, વિષ્ણુ, ગુરુ તર્પણ, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, મંદિરોમાં ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાના જાપ, પૂજન, ઈન્દ્ર-અગ્નિ દેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ અધ્યાત્મમાં રુચિ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અણધાર્યા ફેરફારો લાવે. ચંદ્ર-મંગળ યુતિ કજિયાખોર, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ સ્વપ્નદૃષ્ટા, સૂર્ય-હર્ષલ પ્રતિયુતિ વિકૃત મનોદશા.
- ખગોળ જ્યોતિષઃચંદ્ર-સૂર્ય યુતિ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ, સૂર્ય-હર્ષલ પ્રતિયુતિ

ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## રોહિત શર્માનો ઈન્ટરનેશનલ ક્રિકેટમાં અનોખો રેકોર્ડ, નેધરલેન્ડ્સ વિરુદ્ધ પૂરી કરી અનોખી સદી

બેંગલૂરુઃ ભારતીય વન-ડે કેપ્ટન રોહિત શર્માએ વર્લ્ડકપ ૨૦૨૩માં નેધરલેન્ડ્સ સામેની મેચમાં અનોખો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. ભારતીય કેપ્ટને નેધરલેન્ડ સામે અડધી સદીની અડધી સદી પૂરી કરી છે. રોહિત શર્મા ૧૦૦ અડધી સદી ફટકારનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો હતો. નેધરલેન્ડ્સ સામે હિટમેને ૫૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૧ રન કર્યાં હતા.

રોહિત શર્માની વન-ડે ક્રિકેટમાં આ પંચાવનમી અડધી સદી હતી. તેણે ટેસ્ટમાં ૧૬ અર્ધસદી અને ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ૨૯ અડધી સદી ફટકારી છે.

આ રીતે ભારતીય કેપ્ટને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ અડધી સદી પૂરી કરી હતી. રોહિત શર્મા પહેલા સચિન તેંડુલકર (૧૬૪), વિરાટ કોહલી (૧૩૬), રાહુલ દ્રવિડ (૧૪૬), મહેન્દ્ર સિંહ ધોની (૧૦૮) અને સૌરવ ગાંગુલી (૧૦૭) ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ આંકડો પાર કરી ચૂક્યા છે.

નેધરલેન્ડ્સ સામેની આ અડધી સદી સાથે રોહિત શર્મા વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ ૫૦ પ્લસ રન બનાવનાર ત્રીજો ખેલાડી બન્યો હતો. ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૫૦થી વધુનો સ્કોર કરવાનો રેકોર્ડ ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ સચિન તેંડુલકરના નામે છે, જેણે ૨૧ વખત આ આંકડો પાર કર્યો છે. આ આંકડો ૧૪ વખત પાર કરીને વિરાટ કોહલી આ યાદીમાં બીજા સ્થાને છે. ત્યારબાદ રોહિત શર્મા અને બંગલાદેશના કેપ્ટન શાકિબ અલ હસન ૧૩-૧૩ વખત ૫૦થી વધુનો સ્કોર કરનાર ત્રીજા બેટ્સમેન છે.

## નેપાળમાં રોડ અકસ્માતઃ સાતનાં મોત

કાઠમંડુઃ નેપાળના નવલપુર જિલ્લામાં એક જીપ એક ઘર સાથે અથડાતા અકસ્માત થયો હતો. જેમાં સાત પ્રવાસીના મોત થયાં હતાં. જીપ બુલિંગટારથી કાવાસોટી જઇ રહી હતી. ત્યારે દેવચુલીમાં ઘર સાથે અથડાતા છ પ્રવાસીનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં. એક પ્રવાસીને ગંભીર ઇજાઓ થતા તેને સ્થાનિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મૃત્યુ થયું હતું. છ અન્ય પ્રવાસી ઇજાગ્રસ્ત થયા હતા. તેમની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે તેવી માહિતી પોલીસે આપી હતી.

## ઇમ્ફાલમાં ₹ ૪૨ કરોડનું ડ્રગ્સ પકડાયું

ઐજવાલ : ઇમ્ફાલ જિલ્લાના ઝોખાવથાર ગામમાં પોલીસ દળે મેથામફેટામાઇન ટેબ્લેટ્સ ઝડપી હતી. ૧૫.૯ કિલોગ્રામ વજન ધરાવતી ટેબ્લેટ્સનું મૂલ્ય રૂ. ૪૨ કરોડ છે. કેફી ટેબ્લેટ્સ લઇ જતી વ્યક્તિ ઘટનાસ્થળેથી ફરાર થઇ ગઇ હતી.

પોલીસને બાતમી મળી હતી તેના આધારે આસામ રાઇફલ્સ અને મિઝોરમ પોલીસની સંયુક્ત ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. વધુ તપાસ ચાલી રહી છે તેવું પોલીસે જણાવ્યું હતું.

## દિલ્હીમાં રવિવારે સવારે એક્યુઆઇ ત્રણ અઠવાડિયાના શ્રેષ્ઠ સ્તરે નોંધાયો

### ફટાકડા ફોડવા પરના પ્રતિબંધનો કડક અમલ થશે તો દિવાળીના દિવસે શ્રેષ્ઠ હવાની ગુણવત્તા જોવા મળશે

નવી દિલ્હીઃ દિલ્હીમાં ફટાકડા પરના પ્રતિબંધનો કડક અમલ થશે તો રાજધાની માટે આઠ વર્ષમાં દિવાળીના દિવસે શ્રેષ્ઠ હવાની ગુણવત્તા જળવાશે. દિલ્હીવાસીઓ આકાશ સ્વચ્છ કરવા અને પુષ્કળ સૂર્યપ્રકાશ મેળવવા માટે જાગૃત થયા હોય એમ શહેરનો એર ક્વોલિટી ઇન્ડેક્સ(એક્યુઆઇ) રવિવારે સવારે સાત વાગ્યે ૨૦૨ હતો, જે ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયાના શ્રેષ્ઠ સ્તરે છે.

શનિવારનો ૨૪ કલાકનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૨૨૦ હતો. જે આઠ વર્ષમાં દિવાળી પહેલાના દિવસનો સૌથી નીચો રહ્યો હતો. આ વર્ષે દિલ્હીમાં દિવાળી પહેલા હવાની ગુણવત્તામાં તીવ્ર સુધારો જોવા મળ્યો હતો, જે શુક્રવારે છૂટાછવાયા વરસાદ અને પ્રદૂષણોના ફેલાવા માટે અનુકૂળ પવનની ગતિને આધારી છે. ગુરુવારે ૨૪ કલાકનો સરેરાશ એક્યુઆઇ ૪૩૭ હતો. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર દિલ્હીમાં ગયા વર્ષે દિવાળી પર ૩૧૨, ૨૦૨૧માં ૩૮૨, ૨૦૨૦માં ૪૧૪, ૨૦૧૯માં ૩૩૭, ૨૦૧૮માં ૨૮૧, ૨૦૧૭માં ૩૧૯ અને ૨૦૧૬માં ૪૩૧નો એક્યુઆઇ નોંધાયો હતો. શહેરમાં ૨૮ ઓક્ટોબરથી શરૂ થતા બે અઠવાડિયાં સુધી ખૂબ જ નબળીથી ગંભીર હવાની ગુણવત્તાનો અનુભવ થયો હતો. આ સમયગાળા દરમિયાન રાજધાનીમાં ગૂંગળામણભર્યો ઝેરી ધુમ્મસ છવાયેલો રહ્યો હતો.

આઇએમડીએ અગાઉ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ હળવા વરસાદ સહિતની સાનુકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે દિવાળી પહેલા હવાની ગુણવત્તામાં નજીવા સુધારાની આગાહી કરી હતી. છેલ્લાં ત્રણ વર્ષની પ્રથા અનુસાર દિલ્હીમાં રાજધાની શહેરમાં ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેંચાણ અને ઉપયોગ પર વ્યાપક પ્રતિબંધની જાહેરાત કરી છે. જો કે શનિવારે રાત્રે રાજધાનીના કેટલાક ભાગોમાં ફટાકડા ફોડવાના છૂટાછવાયા બનાવો નોંધાયા હતા. નીચા તાપમાન અને ફટાકડા ફોડવાથી દિલ્હીમાં રવિવારે રાત્રે પ્રદૂષણના સ્તરમાં વધારો થવાની શક્યતા વર્તાય રહી છે.

## લોસ એન્જલસમાં આગઃ હાઈવે બંધ કરાયો

લોસ એન્જલસઃ અહીંથી પસાર થનારા હાઈવેની નીચેના ગોડાઉનમાં આગ લાગતા શનિવારે હાઈવે બંધ કરવામાં આવ્યો હતો. શનિવારે વહેલી સવારે હાઈવે પાસેના ટ્રેઇલર, લાકડાનો જથ્થો અને ગોડાઉનમાંની અન્ય આઈટમ બળવા લાગતા આગની જ્વાળાઓથી હાઇવેના ગાર્ડરેલ્સ વાંકા થઈ ગયા હતા અને રોડના કોન્ક્રીટમાં તિરાડો પડી હતી. અહીંના એક ઔદ્યોગિક વિસ્તારમાં ઇન્ટરસ્ટેટ ૧૦ ઓવરપાસ ૨૪ કલાક માટે બંધ કરવામાં આવ્યો હતો. કેલિફોર્નિયા ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટેશને ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગો પર ડાઈવર્ટ કર્યો હતો. આગ પર કાબૂ મેળવવા ૧૬૦થી વધુ ફાયર એન્જિન પણ તૈનાત કરાયા હતા. આઠ એકરના વિસ્તારમાં ફેલાયેલી આગથી પાર્કિંગ લોટમાંની સંખ્યાબંધ કાર બળી ગઈ હતી અને હાઈટેન્શન પાવરલાઈનના એક થાંભલાને નુકસાન થયું હતું.

ફાયર વિભાગના પ્રવક્તા માર્ગારેટ સ્ટીવર્ટે કહ્યું કે આગ થોડા કલાકમાં ઓલવી નાખવામાં આવી હતી. આગની દુર્ઘટનામાં કોઈ પણ વ્યક્તિને ઈજા થઈ ન હતી તેવું તેમણે કહ્યું હતું.

## બિહારનાં કેટલાંક શહેરોની હવા પણ પ્રદૂષિતઃ ૩૦૦થી વધુ એક્યુઆઇ નોંધાયો

### હવાના પ્રદૂષણને ચકાસવા કડક કાયદાનો અમલ કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું સૂચન

પટનાઃ રાજધાની દિલ્હી બાદ બિહારનાં કેટલાંક શહેરોમાં ખૂબ જ નબળી હવાની ગુણવત્તા નોંધાઇ છે. પરિણામે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે રવિવારે જિલ્લા વહીવટીઓને તેમના સંબંધિત વિસ્તારોમાં હવાના પ્રદૂષણને ચકાસવા માટે કડક કાયદાનો અમલ કરવાનું સૂચન કર્યું છે. દેશના ૨૪૩ શહેરોના સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના દૈનિક એક્યુઆઇ બુલેટિન(સીપીસીબી) અનુસાર બેગુસરાય ૩૮૨ એક્યુઆઇ સાથે યાદીમાં ટોચ પર હતું. જ્યારે સારણનો ૩૭૬ અને પટનાનો ૩૭૫ એક્યૂઆઇ નોંધાયો હતો. બિહારના અન્ય જિલ્લાઓ જ્યાં એક્યુઆઇ ખૂબ જ નબળી કેટેગરીમાં હતા તેમાં હાજીપુર(૩૫૬), પૂર્ણિયા(૩૫૦), કટિહાર(૩૫૦), મોતિહારી(૩૪૧), ભાગલપુર(૩૪૦), રાજગીર(૩૨૯) અને અરાહ(૩૨૩)નો સમાવેશ થાય છે. ૩૦૦થી વધુના એક્યૂઆઇને અત્યંત નબળી હવાની ગુણવત્તા તરીકે ગણવામાં આવે છે. સીપીસીબી કહે છે કે ખૂબ જ નબળી હવાની ગુણવત્તા લાંબા સમય સુધી સંપર્કમાં રહેવા પર શ્વસન સંબંધી બીમારીનું કારણ બને છે. જિલ્લા વહીવટીઓને તેમના સંબંધિત વિસ્તારોમાં વાયુ પ્રદૂષણને રોકવા માટે કાયદાનો કડક અમલ કરવા સૂચનાઓ આપી છે.

## આશા રાખું છું કે આઇસીસીના સસ્પેન્શનથી અમારા કાર્યક્રમમાં અસર નહીં પડેઃ શ્રીલંકન કેપ્ટન

કોલંબોઃ શ્રીલંકાના કેપ્ટન કુસલ મેન્ડિસે રવિવારે આશા વ્યક્ત કરી હતી કે આઈસીસી દ્વારા દેશની ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરવાના કારણે રાષ્ટ્રીય ટીમની આગામી ઈવેન્ટ્સ અને મેન્સ અંડર-૧૯ વર્લ્ડ કપના કાર્યક્રમની તૈયારીઓ પર કોઈ અસર થશે નહીં. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઝિમ્બાબ્વે સામે મર્યાદિત ઓવરોની શ્રેણી સાથે શરૂ કરીને આવતા વર્ષે શ્રીલંકાનું વ્યસ્ત શેડ્યૂલ છે. ૨૦૨૪ મેન્સ અંડર-૧૯ વર્લ્ડ કપ ૧૩ જાન્યુઆરીથી શ્રીલંકામાં શરૂ થશે જેમાં ૧૬ ટીમ ભાગ લેશે. ભારતમાં વર્લ્ડ કપમાંથી મેન્ડિસની કેપ્ટનશીપ હેઠળની ટીમની નિરાશાજનક હાર થયા બાદ શ્રીલંકામાં ખળભળાટ મચી ગયો છે. ભારતમાંથી પરત ફર્યા બાદ મેન્ડિસે મીડિયાને કહ્યું હતું કે ''અમે આશા રાખીએ છીએ કે સસ્પેન્શન જલદી ખતમ થઈ જશે.'' જેથી અમે પ્રેક્ટિસ કરી શકીશું. અમારો ભાવિ કાર્યક્રમ. અંડર-૧૯ વર્લ્ડ કપની યજમાની માટે પણ તે સારું રહેશે.

## ન્યૂઝિલેન્ડનો ટેસ્ટ સ્ટાર હેનરી નિકોલ્સ બોલ ટેમ્પરિંગના આરોપમાંથી નિર્દોષ જાહેર

વેલિંગ્ટનઃ ન્યૂઝિલેન્ડના ટેસ્ટ બેટ્સમેન હેનરી નિકોલ્સને ન્યૂઝિલેન્ડ ક્રિકેટની આચાર સંહિતા અંગેની સુનાવણી બાદ બોલ ટેમ્પરિંગમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે કેન્ટરબરી અને ઓકલેન્ડ વચ્ચેની સ્થાનિક ફર્સ્ટ-ક્લાસ મેચ બાદ અમ્પાયરો દ્વારા નિકોલ્સના બોલ ટેમ્પરિંગ અંગેની જાણ કરવામાં આવી હતી. બુધવારે મેચના ત્રીજા દિવસે દર્શાવવામાં આવ્યું હતું કે ફિલ્ડિંગ દરમિયાન છેડછાડ કરતી વખતે નિકોલ્સ તેના હેલ્મેટ પર બોલને ઘસતો હતો.નિકોલ્સને આચાર સંહિતાની કલમ ૧.૧૫ હેઠળ જાણ કરવામાં આવી હતી, જે બોલની સ્થિતિ બદલવાથી સંબંધિત છે.ન્યૂઝિલેન્ડ ક્રિકેટે રવિવારે જાહેર નિવેદનમાં જણાવ્યું હતું કે નિકોલ્સને આરોપમાંથી મુક્ત કરાયો છે. તે કેન્ટરબરીની આગામી મેચમાં રમવા માટે મુક્ત છે અને આ મહિનાના અંતમાં ન્યૂઝિલેન્ડની ટીમ સાથે બાંગ્લાદેશનો પ્રવાસ કરશે.

## લંડનમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં નીકળેલી રેલીમાં હિંસા, ૧૨૦થી વધુ લોકોની ધરપકડ

લંડનઃ ઇંગ્લેન્ડની રાજધાની લંડનમાં પેલેસ્ટાઈન તરફી રેલીમાં હિંસા ફાટી નીકળ્યા બાદ ૧૨૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સેન્ટ્રલ લંડનમાં લગભગ ત્રણ લાખ પેલેસ્ટાઈન સમર્થકોએ રેલી કાઢી હતી.

જવાબમાં જમણેરી સમર્થકોએ પણ રેલી કાઢી હતી અને બે રેલીઓ વચ્ચે ઘર્ષણ થતાં હિંસા ફાટી નીકળી હતી. પીએમ ઋષિ સુનકે હિંસાની આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે.

બ્રિટનમાં દર વર્ષે પ્રથમ વિશ્વ યુદ્ધના અંતની યાદમાં ૧૧ નવેમ્બરના દિવસે યુદ્ધવિરામ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગઈ કાલે પેલેસ્ટાઈન સમર્થકોએ ગાઝામાં યુદ્ધવિરામની માંગ સાથે લંડનમાં રેલી કાઢી હતી. જ્યારે હિંસા ફાટી નીકળી ત્યારે વડા પ્રધાન ઋષિ સુનકે તેની નિંદા કરી. ઉલ્લેખનીય છે કે રેલી દરમિયાન ઇઝરાયલ વિરોધી નારા લગાવવામાં આવ્યા હતા. ગાઝામાં લડાઈ બાદથી બ્રિટનમાં ઘણી પેલેસ્ટાઈન તરફી રેલીઓ યોજાઈ છે, પરંતુ શનિવારની રેલી સૌથી મોટી હતી.

આ રેલીમાં હિંસા ફાટી નીકળવાની આશંકા પહેલાથી જ હતી પરંતુ લંડન મેટ્રોપોલિટન પોલીસે રેલી પર પ્રતિબંધ મૂકવાની ના પાડી દીધી હતી. આ હિંસા બાદ લંડનમાં તણાવનું વાતાવરણ છે. વડા પ્રધાને પોલીસને આ હિંસાની ગંભીરતાથી તપાસ કરવા સૂચના આપી છે. ગૃહ પ્રધાન સુએલા બ્રેવરમેને પેલેસ્ટાઈનના સમર્થનમાં યોજાયેલી રેલીને નફરતની રેલી ગણાવી હતી. બ્રેવરમેનના નિવેદનની લંડનના મેયર દ્વારા પણ ટીકા કરવામાં આવી છે.

## ભારતે ઈઝરાયલને આપ્યો મોટો ઝટકો

### પેલેસ્ટાઈનમાં ઈઝરાયલ વસાહતો વિરુદ્ધ યુએનના ઠરાવમાં મતદાન કર્યું

નવી દિલ્હીઃ ઇઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા ૩૭ દિવસથી યુદ્ધ ચાલે છે. દરમિયાન યુએનમાં એક ઠરાવ લાવવામાં આવ્યો હતો. ભારતે આ મામલે પ્રથમ વખત મતદાન કર્યું છે. પેલેસ્ટિનિયન પ્રદેશોમાં ઇઝરાયલી વસાહતો વસાવવાના વિરોધમાં આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. ભારતે આ પ્રસ્તાવના સમર્થનમાં મતદાન કર્યું છે.

નોંધનીય છે કે જ્યારથી હમાસ-ઇઝરાયલ વચ્ચે જંગ શરૂ થયો છે ત્યારથી ભારતે યુએનમાં ઇઝરાયલ વિરુદ્ધ લાવવામાં આવેલા પ્રસ્તાવોથી દૂરી બનાવી છે. ભારત અનેક વાર હમાસના આતંકવાદી હુમલાની નિંદા કરી ચૂક્યું છે જ્યારે બીજી તરફ ભારતે ગાઝામાં માનવીય મદદની પણ તરફેણ કરી છે. યુએનમાં પહેલી વાર ભારતે પેલેસ્ટાઇનમાં ઇઝરાયલી વસાહતોના વિરોધના પ્રસ્તાવના સમર્થનમાં મતદાન કર્યું છે. ભારતે ઇઝરાયલના વિરોધમાં મતદાન કરી તેને મોટો ઝટકો આપ્યો છે. આ વોટિંગમાં કૂલ ૧૪૫ દેશોએ ભાગ લીધો હતો. ૧૮ દેશો વોટિંગમાં હાજર નહોતા રહ્યા. કેનેડા, હંગેરી, ઇઝરાયલ, માર્શલ આઇલેન્ડ્સ, ફેડરેટેડ સ્ટેટ્સ ઓફ માઇક્રોનેશિયા, નૌરુ, યુનાઇટેડ સ્ટેટ્સ-એમ માત્ર સાત દેશોએ આ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું.

યુએનમાં રજૂ કરાયેલા ઠરાવનું શીર્ષક ''પેલેસ્ટિનિયન પ્રદેશો, જેરુસલેમ અને કબજા હેઠળના સીરિયન ગોવામાં ઇઝરાયલ વસાહતો'' હતું. આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ હતી. આનો અર્થ એ છે કે પેલેસ્ટિનિયન વિસ્તારોમાં ઇઝરાયલી વસાહતો નહીં હોય. ટીએમસી નેતાએ આ પ્રસ્તાવના સમર્થનમાં મતદાન કરવા બદલ ભારતની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું હતું કે તેઓ એ જાણીને ખુશ છે કે ભારતે ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે. પેલેસ્ટિનિયન વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ઈઝરાયલની વસાહતો સ્થાપિત કરવી યોગ્ય નથી.

૭ ઓક્ટોબરના રોજ અચાનક હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧૨૦૦ લોકો માર્યા ગયાં હતાં. આ પછી ઈઝરાયલ ગાઝા પર સતત હુમલા કરી રહ્યું છે. ગાઝામાં અત્યાર સુધીમાં ૧૧ હજારથી વધુ લોકો માર્યા ગયા છે. જેમાં ૪ હજારથી વધુ બાળકોનાં મોત થયાં છે. ઘણા દેશોએ યુદ્ધવિરામની અપીલ કરી છે, પરંતુ ઇઝરાયલના પીએમ યુદ્ધવિરામ માટે સહમત નથી.

ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું છે કે યુદ્ધવિરામનો અર્થ આત્મસમર્પણ થશે. જ્યાં સુધી હમાસનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ થશે નહીં.

# સુરતમાં દિવાળીના દિવસે હાર્ટએટેકથી બે જીવનજયોત રામ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં દિવાળીના દિવસે જ હાર્ટએટેકથી બે લોકોના જીવનદીપ બૂઝાયા હોવાનું જાણવા મળ્યું હતુ. પ્રથમ બનાવમાં અઠવા વિસ્તારમાં રહેતા એક ૪૯ વર્ષીય આધેડનું હૃદયરોગના હુમલાથી મોત થયું હોવાનું તો બીજી ઘટનામાં પાંડેસરા અંબિકા નગર ખાતે રહેતા એક વ્યક્તિનું પણ હૃદયરોગથી મોત થયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી.

આ ઘટનાઓની વધુ વિગતો પ્રમાણે સુરતમાં બે લોકોના હાર્ટએટેકથી મોતની માહિતી મળી હતી. અઠવા વિસ્તારમાં રહેતા એક ૪૯ વર્ષીય આધેડ જેમનું નામ પુષ્પમ જૈન હતું તેમનું હૃદયરોગના હુમલાથી મોત થયું હોવાની જાણકારી મળી હતી. પુષ્પમ જૈન કાપડના વેપારી હતા અને અઠવા વિસ્તારમાં રહેતા હતા. તેઓ ગત બપોરે પોતાના નિવાસે જમીને સૂતા હતા. પરંતુ સાંજ પડી હોવા છતાં ઉઠ્યા નહીં તેથી પરિવાર દ્વારા તેમને ઉઠાડવામાં આવ્યા છતાં તેઓ ઉઠ્યા નહોતા. આમ ઊંઘમાં જ તેમનું હૃદયરોગના હુમલાના લીધે મોત નીપજ્યાનું પ્રાથમિક તારણ નિકળ્યું હતું. આ મામલે પરિવાર દ્વારા ૧૦૮ને બોલાવવામાં આવી હતી, જેના પછી પરિવારને ખ્યાલ આવ્યો કે તેમનું ઊંઘમાં જ મોત થઈ ચૂક્યું છે.

આવી જ અન્ય એક ઘટના સુરતના પાંડેસરાના ૪૮ વર્ષીય રોશનલાલ હવાસિંઘ સાથે બનવા પામી હતી. રોશનલાલ મૂળ હરિયાણાના નિવાસી હતા અને રોજગારી માટે સુરત આવ્યા હતા. તેઓ પાંડેસરાના અંબિકા નગર ખાતે એકલા જ રહેતા હતા અને ડાઇંગ મિલમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમનું પણ ઊંઘમાં જ અચાનક મોત નીપજ્યું હોવાની માહિતી સામે આવી છે. પ્રાપ્ત વિગતો નુસાર રોશનલાલ પણ બપોરે સૂઈ ગયા હતા. જેના બાદ તેમને ઊંઘમાં જ હાર્ટએટેક આવ્યો હોય એવું પ્રાથમિક તારણ છે. તેઓ ઉંઘ્યા બાદ ઉઠ્યા નહોતા. તેમને પાડોશીએ જગાડવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તેઓ ઉઠ્યા નહોતા. જેના બાદ રોશનલાલનું મોત થયું હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે જેના પછી મોતનું સાચું કારણ સામે આવી શકે છે. જો કે પ્રાથમિક તારણ અનુસાર આ હાર્ટએટેકની જ ઘટના હોવાનું જણાઈ રહ્યું છે. જે રીતે છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં હાર્ટએટેકના બનાવો વધી રહ્યા છે તે ખરેખર એક ચિંતાજનક બાબત છે. દિવસેને દિવસે વધી રહેલી આ ઘટનાઓથી લોકોમાં ભયનું પ્રમાણ વધી રહ્યું છે. ■

# અમદાવાદમાં ₹ ત્રણ કરોડનો ૧.૦૧ લાખ કિલો ખાદ્યપદાર્થનો જથ્થો સીઝ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મનપા હેલ્થ-ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરીને નાગરિકોના આરોગ્યને જોખમમાં મુકનાર એકમોમાં ચેકિંગ કરીને ૧લી જાન્યુઆરીથી ૧૧મી નવેમ્બર, ૨૦૨૩ સુધીના સમયગાળા દમિયાન કુલ ૧,૬૯૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા જેમાં ફક્ત ૧૨ સેમ્પલ જ ફેઇલ અને ૧૧ને મિસબ્રાન્ડેડ જાહેર થયા હોવાને પગલે મનપા ફૂડ વિભાગની કામગીરી શંકાસ્પદ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મનપા ફૂડ વિભાગ દ્વારા કુલ ૩,૪૫૨ સર્વેલન્સ સેમ્પલ લેવામાં આવ્યા છે અને તે પૈકી લેબોરેટરી દ્વારા ૪૭ સેમ્પલ અપ્રમાણિત અને ૩,૧૦૮ સેમ્પલ પ્રમાણિત જાહેર થયા છે અને ૨૯૭ સેમ્પલના પરિણામ હજુ પેન્ડિંગ છે. આ સમયગાળા દરમિયાન ફૂડ વિભાગ દ્વારા ફૂડ વિભાગ દ્વારા શહેરમાં રૂ. ૩.૦૨ કરોડનો ૧.૦૧ લાખ કિલો ખાદ્યપદાર્થનો જથ્થો સીઝ કરાયો હતો. જ્યારે ૫.૯૦ લાખ કિલો અને ૫૩ લીટર જેટલો જથ્થો સ્થગિત કરવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારોમાં માવાની મિઠાઈ, માવો, ડ્રાયફ્રુટ, મુખવાસ, પનીર, બટર, ઘી, વગેરેના સેમ્પલ લઈને જે તે સમયે સીઝ કરેલ શંકાસ્પદ ખાદ્ય પદાર્થ લેબોરેટરીના રીપોર્ટમાં પ્રમાણિત જાહેર થયા પછી સક્ષમ સત્તાની મંજૂરી મળ્યા બાદ સીઝ કરેલ જથ્થો છૂટો કરવામાં આવશે. રૂ. ૬૭,૬૦,૩૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો અને મનપામાં નહીં નોંધાયેલા અને લાયસન્સ નહીં ધરાવનારા ૨૨,૮૬૪ વેપારીઓ-એકમોને લાઇસન્સ રજિસ્ટ્રેશન આપીને ૧,૨૯,૨૫,૯૦૦ની લાયસન્સ ફી વસૂલ કરવામાં આવી હતી. ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરીને નાગરિકોના આરોગ્યને હાનિ પહોંચાડનાર ૧૦૦ જેટલા એકમોને સીલ કરવામાં આવ્યા હતા અને ૧૧,૮૯૩ કિલોગ્રામ અને ૧૨,૧૮૨ લીટર બિનઆરોગ્યપદ ખાદ્યચીજવસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો. ■

# અમદાવાદમાં છેલ્લા એક વર્ષમાં કુલ ૨૧૪૫ આગની ઘટનાઓ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મનપા હસ્તકના ફાયર વિભાગ તરફથી શહેર હદ તથા હદ બહાર વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩ના એક વર્ષમાં કુલ ૨૧૪૫ આગ માટેના ફોન આવ્યા હતા. આ વર્ષ દરમિયાન વિભાગ તરફથી કુલ ૪૬૨૭ તથા ૩૪૦૧ પક્ષી રેસ્ક્યુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા હતા.

ફાયર વિભાગને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન શહેર હદ વિસ્તારમાં ૨૦૫૪ તથા શહેર હદ બહારના વિસ્તારમાંથી ૯૧ એમ કુલ મળીને ૨૧૪૫ અંગારકોલ મળ્યા હતા. આ વર્ષ દરમિયાન શહેર હદ વિસ્તારમાંથી ૪૫૭૦ તથા શહેર હદ બહારના વિસ્તારમાંથી ૫૭ એમ કુલ મળીને ૪૬૨૭ બચાવકોલ ફાયર વિભાગ દ્વારા એટેન્ડ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારમાં વિવિધ કારણથી ફસાઈ ગયેલા પક્ષીઓને બચાવવા અંગે ફાયર વિભાગને કુલમળીને ૩૪૦૧ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં એપ્રિલ ૨૦૨૩થી ૨૭ ઓકટોબર-૨૦૨૩ સુધીના સમય દરમિયાન પક્ષી રેસ્કયૂ અંગેના કુલ ૧૧૧૪ કોલ મળ્યા હતા. ૧લી જાન્યુઆરી-૨૦૨૨થી ૮મી નવેમ્બર- ૨૦૨૩ સુધીના સમય દરમિયાન અમદાવાદ ફાયર વિભાગને ફેકટરી અંગેના કુલ ૪૧૫ કોલ મળ્યા હતા. આ પૈકી શહેર હદ વિસ્તારમાંથી ૩૩૧ તથા શહેર હદ બહારના વિસ્તારમાંથી ૮૪ કોલનો સમાવેશ થાય છે.

વર્ષ-૨૦૨૨માં શહેર હદ વિસ્તારમાં ફેકટરી અંગારકોલ ૧૮૦ તથા શહેર હદ બહારના વિસ્તારમાંથી ૫૩ કોલ મળ્યા હતા. વર્ષ-૨૦૨૩માં ૭મી નવેમ્બર સુધીના સમયમાં શહેર હદ વિસ્તારમાં ફેકટરી અંગારકોલ ૧૫૧ તથા શહેર હદ બહારના વિસ્તારમાંથી ૩૧ કોલ મળ્યા હતા. આ સમય દરમિયાન મળેલા ફેકટરીના અંગારકોલમાં ૧૦ પુરુષ અને પાંચ સ્ત્રી દાઝી ગયા હતા. જ્યારે છ પુરુષને બચાવી લેવાયા હતા. ■

# ધારીવાડા ચેકપોસ્ટ ઉપર રાજસ્થાનથી આવતી લકઝરીમાંથી બિનવારસી હેરોઈનનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાની ધારીવાડા ચેકપોસ્ટ ઉપરથી પસાર થતી લકઝરી બસમાંથી પાટણ પોલીસે બાતમીના આધારે માદક પદાર્થ હેરોઈનનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બિનવારસી હેરોઈન કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

પાટણ જિલ્લા પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન બાડમેરથી લકઝરી બસમાં કોઇ અજાણ્યો શખસ માદક પદાર્થ લઈને આવી રહ્યો છે તે દરમિયાન એક ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ નીકળતા તેને ઊભી રખાવી તપાસ કરી હતી, જેથી આ બસમાંથી બિનવારસી હાલતમાં માદક પદાર્થ હેરોઈનનો ૧૬૦.૬૪૦ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૮, ૦૩, ૨૦૦નું હેરોઈન અને રૂપિયા ૨૦,૦૦,૦૦૦ની લકઝરી બસ મળી કુલ મુદ્દામાલ રૂ. ૨૮,૦૩,૨૦૦ જપ્ત કરી પોલીસે એનડીપીએસનો ગુનો અજાણ્યા શખસ સામે નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અમદાવાદના ૧૭ ફાયર સ્ટેશન પર પચીસ ટીમ તહેનાતઃ જવાનોની રજા કેન્સલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દિવાળીના તહેવારમાં આગની ઘટના વધુ પ્રમાણમાં બનતી હોય છે. તેને પહોંચી વળવા ફાયર વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી દેવાયો છે, જેમાં શહેરમાં ૧૭ ફાયર સ્ટેશનોમાં કુલ ૨૫ ટીમો તહેનાત રહેશે. દરેક ફાયર જવાનની રજાઓ કેન્સલ કરી દેવામાં આવી હતી, જેમાં એક ટીમમાં છ ફાયરકર્મીઓ રાખવામાં આવ્યા છે. તેમજ દરેક ફાયર સ્ટેશનમાં એક ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. જો કે, શહેરમાં દિવાળીમાં ફટાકડાને કારણે ફાયરની ઘટનાઓ મોટા પ્રમાણમાં બનતી હોય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં દિવાળીના તહેવારને લઈને ફાયર વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી દેવાયો છે, જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ ફાયર જવાનોની રજાઓ કેન્સલ કરવામાં આવી છે. તેમ જ દરેક ફાયર સ્ટેશનમાં એક ટીમ આગ લાગે તેવો ફોન આવે કે તરત જ રવાના થાય તેવી સૂચના પણ ફાયર ઓફિસરો દ્વારા આપવામાં આવી છે. તેમ જ રિવરફ્રન્ટ પર ફાયરની ટીમ પણ પેટ્રોલિંગ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષ ૨૦૨૧માં દિવાળીના તહેવારમાં ફાયરને આગના ૧૧૦ કોલ મળ્યા હતા. તેમ જ વર્ષ ૨૦૨૨માં ૧૦૭ કોલ મળ્યા હતા. જોકે આ વર્ષે છેલ્લા બે દિવસમાં નાની-મોટી આગ થઇને ફાયરને ૩૦થી વધુ કોલ મળી ચૂક્યા છે. ■

# સુરતથી અમદાવાદ આવતા મહિલા ડૉક્ટરની બેગમાંથી ₹ ૬.૨૫ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતથી અમદાવાદ આવતા મહિલા ડૉક્ટરને ટ્રેનમાં મીઠી નિંદર માણવી મોંઘી પડી હતી. ડૉક્ટરની ઊંઘનો લાભ લઇ ગઠિયો બેગમાંથી ચોરી કરીને ફરાર થઇ ગયો હતો. મહિલા ડૉક્ટરે સોના-ચાંદીના ઘરેણા મળી કુલ ૬.૨૫ લાખના મુદ્દામાલની ચોરી થઇ હોવાની ફરિયાદ અમદાવાદ રેલવે પોલીસમાં નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના ભટારમાં રહેતા કોકિલાબેન દેસાઈ (ઉં.વ.૫૪) સુરત રેલવે સ્ટેશનથી કોઇમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનમાં બેસીને અમદાવાદ આવી રહ્યાં હતા. ટ્રેનમાં મુસાફરી દરમિયાન તેમને ઊંઘ આવી ગઇ હતી. મણીનગર રેલવે સ્ટેશને ઊતરવાનું હોવાથી તેઓ સ્ટેશન આવે તે પહેલા ઊઠી ગયા હતા.

ઊંઘ ઊડતાં મહિલા ડૉક્ટરે જોયું તો તેમની સાથે રહેલી એક હેન્ડ બેગની ચેઇન ખુલ્લી હતી, જેથી તેઓ ગભરાઈ ગયા હતા અને હેન્ડ બેગમાં ચેકિંગ કર્યું હતું. તે બેગમાંથી ડાયમંડવાળો બુટ્ટી સાથેનો સોનાનો હાર જેની કિંમત રૂ. ૫,૦૬,૫૮૦, ચાંદીનો ગોલ્ડ પ્લેટિંગ કરેલો બુટ્ટી સાથેનો હાર જેની કિંમત રૂ. ૪૯ હજાર તથા ડાયમંડવાળું હાથનું બ્રેસલેટ જેની કિંમત અંદાજે ૭૦ હજાર રૂપિયા મળી કુલ ૬,૨૫,૫૮૦ રૂપિયાનો મુદ્દામાલ ગાયબ હતો. મહિલા ડૉક્ટરે અમદાવાદ રેલવે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરી કરનાર ગઠિયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ■

# ગુજરાતમાં ૪૦ કરોડના ખર્ચે નવીનતમ ૧૦૭ જીએસઆરટીસીની બસનો ઉમેરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિવાળીના તહેવાર નિમિત્તે પ્રજાની સુખાકારી માટે જીએસઆરટીસી દ્વારા છેલ્લા૧૫ દિવસમાં ૧૦૭ નવીનતમ બસોનું રાજ્યના વિવિધ સ્થળોએ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વાહનવ્યવહાર ખાતા અને એસ. ટી. નિગમ દ્વારા રાજ્યના છેવાડાના માનવીને અસર કરતી જાહેર પરિવહનની સેવાઓમાં ઉમેરો કરતી જીએસઆરટીસીની નવીનતમ બસ અમદાવાદના રાણીપ ખાતે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની નવીન ૪૭ બસોનું ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીના હાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. એસ.ટી. નિગમ વિવિધ તહેવાર અને ધાર્મિક મેળાઓમાં વધારાની એસ. ટી. બસોનું સંચાલન કરવામાં આવે છે ત્યારે આ લોકાર્પિત નવીન બસો લોકોને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા પરિવહન સેવા પૂરી પાડશે અને વિવિધ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ બસો પ્રજાની સેવામાં સહભાગી બનશે, તેમ પણ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, એસ. ટી. નિગમ દ્વારા માત્ર ૧૦ દિવસના સમયગાળામાં ૧૦૧ નવીન બસો સંચાલનમાં મૂકવાના નિર્ધારિત લક્ષ્યાંક સામે અંદાજિત કિંમત રૂ. ૪૦ કરોડથી વધુની ૧૦૭ નવીન બસો સમગ્ર રાજ્યમાં લોકાર્પિત કરવામાં આવી છે. ■

# દાહોદમાં હિટ ઍન્ડ રનઃ કન્ટેનરે બાઈકને ટક્કર મારતા દંપતીનું મોત, એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ જિલ્લાના હાઈવે પરના ઢઢેલા ગામ નજીક સર્જાયેલા અકસ્માતમાં દંપતીનું ઘટના સ્થળે મોત નીપજ્યુ હતું, જયારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે દંપતીના મૃતદેહને પીએમ માટે હૉસ્પિટલ ખેસડી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના હાઈવે પર આવેલા ઢઢેલા ગામ નજીક કન્ટેનરે બાઈકને પાછળથી ટક્કર મારતા બાઈક પર સવાર દંપતીનું મોત થયું હતું, જ્યાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે કન્ટેનર ચાલક કન્ટેનર લઈને ફરાર થઇ ગયો હતો. પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી કૅમેરાના ફૂટેજ તપાસ માટે લઈ કન્ટેનર ચાલકની શોધખોળ હાથ ધરી હતી. ■

# સુરતથી ચાર દિવસ સુધી વધારાની ત્રણથી ચાર જેટલી ટ્રેનો દોડશેઃ કેન્દ્રીય રેલવે પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત રેલવે સ્ટેશન ઉપર બિહાર -છપરા ટ્રેનમાં ચઢતી વખતે મુસાફરો વચ્ચે થયેલી ભાગદોડમાં એક મુસાફરનું મોત નિપજતા રેલવે તંત્ર હરકતમાં આવ્યું છે. ઘટનાની ગંભીરતાના પગલે કેન્દ્રીય રેલ રાજ્ય પ્રધાન દર્શના જરદોશે શનિવારની મોડી સાંજે સુરતના અઠવાલાઇન્સ સ્થિત સર્કિટ હાઉસ ખાતે હાઈ-લેવલની મિટીંગ બોલાવી હતી. તેમાં સુરત જિલ્લા કલેક્ટર, રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમ જ રેલવે વિભાગના અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત રેલવે સ્ટેશન ઉપર બનેલી ઘટનાની સમીક્ષા અને દિવાળી તેમ જ છઠ પૂજાને લઈ ટ્રેનોમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા આ મહત્ત્વની હાઈ લેવલની મિટિંગ બોલાવવામાં આવી હતી. કેન્દ્રીય રેલ રાજ્યપ્રધાન દ્વારા આગામી ચાર દિવસ સુધી પ્રતિ દિવસ ત્રણથી ચાર જેટલી ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુરત રેલવે સ્ટેશન ઉપર ગતરોજ તાપ્તિ ગંગા ટ્રેનમાં ચઢતી વેળાએ મુસાફરો વચ્ચે સર્જાયેલી અવ્યવસ્થાના કારણે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. જે ઘટનામાં ચાર મુસાફરો બેભાન થઈ ઢળી પડતા એકનું મોત નીપજ્યું હતું, જ્યારે એકને સ્થળ ઉપર જ પ્રાથમિક સારવાર આપી અન્ય બે ઇજાગ્રસ્તોને સુરત સ્મિમેર હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સુરત રેલ્વે સ્ટેશન પર બનેલી આ ગંભીર ઘટના પગલે કેન્દ્રીય રેલ રાજ્યપ્રધાને દર્શના જરદોશે હોસ્પિટલમાં દાખલ ઇજાગ્રસ્ત અને મૃતકના પરિવારની મુલાકાત લઇ સાંત્વના પાઠવી હતી. એટલું જ નહીં, આ ઘટનામાં મોતને ભેટેલા મૃતકના પરિવારને કમ્પોઝિશન સ્કીમ હેઠળ વળતર ચૂકવવા અંગેની જાહેરાત પણ કરી હતી. કેન્દ્રીય રેલ રાજ્યપ્રધાન દ્વારા આ ઘટનાને ખૂબ જ દુઃખદ અને ગંભીર ગણાવી હતી.

કેન્દ્રીય રેલ રાજ્યપ્રધાન દર્શના જરદોશે જણાવ્યું હતું કે, આ ખૂબ જ ગંભીર ઘટના છે. હાલ લોકો પર્વની ઉજવણી કરવા વતન જઈ રહ્યા છે, લોકોને ઓછામાં ઓછી અગવડતા પડે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી છઠ પૂજાના પર્વની ઉજવણીને લઈ મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખી ચાર દિવસ સુધી વધારાની ટ્રેનો દોડાવવા તૈયારી કરવામાં આવી છે. સતત ચાર દિવસ બેથી ત્રણ ટ્રેનો પ્રતિ દિવસ દોડાવવામાં આવશે. ■

# દુબઈથી ૫૦ લાખનું સોનું ગુદાના ભાગે છુપાવીને લાવેલો દાણચોર અમદાવાદ એરપોર્ટ પર લૂંટાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાનો યુવક દાણચોરી કરવા દુબઈથી ગુદાના ભાગે ૫૦ લાખનું સોનું છુપાવીને અમદાવાદ એરપોર્ટ પર આવ્યો હતો અને ઇમિગ્રેશન બાદ બહાર પણ આવી ગયો હતો. જોકે, એરપોર્ટ પરથી એટીએસના અધિકારી તરીકે ઓળખ આપી અજાણ્યા શખસે તેનું અપહરણ કર્યુ હતું. ત્યારબાદ યુવકને એક ફ્લેટમાં લઇ ગયા હતા, જ્યાં ગુદામાંથી ૫૦ લાખનું સોનું કાઢી લૂંટી લીધો હતો. એરપોર્ટ પોલીસે ગુનો નોંધી મહિલા સહિત પાંચ આરોપીને ઝડપી લીધા હતી.

વડોદરામાં દાનિશ શેખ (ઉં.વ.૨૧) ગત તા. ૯મી ઑક્ટોબરે દુબઈ જવા નીકળ્યો હતો અને બીજા દિવસે દુબઈ પહોંચી અમ્મારને મળ્યો હતો. અમ્મારે ગોલ્ડની બે કેપ્સ્યૂલ આપી હતી, જેનું વજન ૮૫૦ ગ્રામ અને બજાર કિંમત ૫૦ લાખ હતી. આ ગોલ્ડ દાણચોરી કરી અમદાવાદ લાવવાનું હોવાથી દાનિશે ગુદાના ભાગે બંને કેપ્સૂલ સંતાડી દીધી હતી અને તે ગત તા.૨૭મી ઑક્ટોબરે અમદાવાદ આવ્યો હતો. દાનિશને લેવા રિયાન અને ડ્રાઇવર આવ્યા હતા. સવારે ૩ વાગ્યે દાનિશ ઇમિગ્રેશનની કાર્યવાહી પૂરી કરી બહાર આવ્યો હતો અને ગાડી પાસે જવા નીકળ્યા હતો. તે દરમિયાન બે અજાણ્યા શખસ આવ્યા અને અમે એટીએસના અધિકારીઓ છીએ કહી બંને ગાડીમાં સાથે બેસી ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, તું દુબઈથી દાણચોરીનું સોનુ લઈને આવ્યો છે તેમ કહી રિવરફ્રન્ટ થઇ ગાડી નારોલ તરફ લઇ ગયા હતા. બંનેએ દાનિશ સહિતના લોકોના ફોન લઈ સ્વિચ ઓફ કરી અવાવરું જગ્યાએ ગાડી ઊભી રખાવી હતી. ત્યાંથી દાનિશને બીજી ગાડીમાં બેસાડવામાં આવ્યો હતો અને એક ફ્લેટમાં લઈ ગયા હતા, જ્યાં પાછળથી આવેલા શખસ એટીએસના અધિકારી તરીકે ઓળખ આપી કહ્યું હતું કે, તું ગોલ્ડ દાણચોરી કરીને લાવ્યો છે એટલે હવે તારી સામે કેસ કરવો પડશે. તેમ કહી માર માર્યો હતો. ત્યારબાદ પ્રેશર કરાવી દાનિશના ગુદામાંથી સોનું કઢાવ્યું હતું અને તે લઈ લીધું હતું. ■

# અમદાવાદના બોપલમાં કુરિયર બોયના સ્વાંગમાં ઘરમાં લૂંટ ચલાવનારા પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના બોપલ વિસ્તારમાં ભરબપોરે કુરિયર બોયના સ્વાંગમાં ઘરમાં ઘૂસેલા યુવક અને તેના સાગરીતોએ દંપતીને ડરાવી-ધમકાવીને ચલાવેલી લૂંટના ગુનાને ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી. પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી દોઢ લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ રિકવર કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં આવેલા હીમાવન ફ્લેટમાં રહેતા પુષ્પાબેન પટેલના ઘરે કુરિયર બોયના સ્વાંગમાં એક ઈસમ આવ્યો હતો. જેણે પાર્સલ આપવાનું કહેતા પુષ્પાબેને દરવાજો ખોલ્યો હતો. કુરિયર બોય અને તેના સાગરીતો ઘરમાં ઘૂસી ગયા હતા અને પુષ્પાબેન અને તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપીને સોના ચાંદીના દાગીના સહિત ૧.૧૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. પોલીસની ટીમે શેલા-ઘુમા ટીપી રોડ નજીકથી સિદ્ધાર્થ ઉર્ફે સેંધાભાઈ, ભાવેશ, વિક્રમ, વિજય અને શૈલેષ સહિત પાંચ આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસની પૂછપરછમાં ભાવેશે જ તેમને બોપલ એકલા રહેતા વૃદ્ધ દંપતીની ટીપ આપી હતી, જે બાદ આરોપીઓએ લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. ■

# સાબરકાંઠામાં ચંદનનાં વૃક્ષોની ત્રીજી વાર ચોરી

## કાળી ચૌદસની રાત્રે જ તસ્કરીની વિદ્યા અજમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં ચંદનની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતુ. પ્રાપ્ત વિગતો મુજબ મહોર ગામેથી રાત્રે ચોરોએ મહાદેવના મંદિરેથી સતત ત્રીજી વાર ચંદનનાં વૃક્ષોની ચોરી કરી હતી.

દિવાળી ટાણે જ સાબરકાંઠા જિલ્લાના વડાલી પાસેના મહોર ગામે ગત રાત્રે ચંદનનાં વૃક્ષોની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. અહીં કાળી ચૌદસની રાત્રે ચોરો ત્રાટક્યા હોવાની ઘટના સામે આવતા ગ્રામજનોમાં પણ રોષનો માહોલ જોવા મળતો હતો. મહત્ત્વનું છે કે આ પહેલા પણ આ જગ્યાએથી અગાઉ ચંદનનાં જ વૃક્ષોની ચોરી થઈ હતી. અહીં પહેલા બે વાર આ પ્રકારની ઘટનાઓ બની હતી. પરંતુ હવે તો હેટટ્રીક થતાં સ્થાનિકોમાં રોષ ભભૂક્યો હતો.

આ ઘટનાની વધુ વિગતો પ્રમાણે વડાલીના મહોર ગામે આવેલા મહાદેવજીના મંદિરમાં વર્ષો જૂનું પરિપક્વ થયેલું ચંદનનું ઝાડ હતું. જેના પર ચોરોએ પોતાની દાનત બગાડી હતી. કાળી ચૌદસની રાત્રે ચોરોએ ત્રાટકીને આ મોટા વૃક્ષને કાપીને તેની ચોરી કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતુ. આ અગાઉ પણ ઘણી વાર ચંદનના વૃક્ષોની ચોરીની ઘટનાઓ સામે આવી હતી, ચંદનનું વૃક્ષ એક કિંમતી વૃક્ષ છે જેની કિંમત લાખોમાં થતી હોય છે. એટલે સ્વાભાવિક છે કે આવી ચોરી કરવા ચોરો લલચાય. પરંતુ છેલ્લા અમુક સમયથી અવારનવાર બની રહેલી આવી ઘટનાઓને પગલે હવે સ્થાનિકો પણ તંત્રની કામગીરી પર રોષે ભરાયા હતા. આવી ચોરીઓ કરનાર તત્ત્વોને તાત્કાલિક ઝડપી તેમને સજા કરાવી આવા તત્ત્વોને નિયંત્રણમાં લેવામાં આવે એવી લોકોએ તંત્ર આગળ માગણી કરી છે. ■

# પાટીદાર નેતાનું ગુજરાત આમ આદમી પાર્ટીને રામરામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના નિખિલ સવાણીએ આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીઓ અને પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધુ હતું. જો કે, કયા કારણે રાજીનામું આપ્યું તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. રવિવારે તેમણે ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના હાથે કેસરિયો ખેસ ધારણ કરી વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા હતા.

આમ આદમી પાર્ટીના નિખિલે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે હું આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીઓ અને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું છું. આમ અચાનક યુવા નેતાએ રાજીનામું આપી દેતા ગુજરાતની રાજનીતિમાં ગરમાવો આવ્યો હતો. પાટીદાર નેતાના રાજીનામાથી આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, નિખિલ સવાણીએ પાટીદાર અનામત આંદોલન વખતે સક્રિય ભૂમિકા ભજવી હતી. હાર્દિક પટેલ અને નિખિલ સવાણી જૂના મિત્રો છે. નિખિલ સવાણી કૉંગ્રેસમાં જોડાયા હતા અને તેમને યૂથ કૉંગ્રેસના ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા. જો કે, ૮ જુલાઈ ૨૦૨૧ના રોજ કૉંગ્રેસ પાર્ટીમાંથી નીકળ્યા હતા. ■

# પાકિસ્તાન જેલમાંથી મુક્ત થયેલા ૮૦ માછીમાર વડોદરા પહોંચ્યાઃ બસ દ્વારા વતનની વાટ પકડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ દ્વારા પડકવામાં આવેલા ૮૦ ભારતીય માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તા. ૧૦મી નવેમ્બરના રોજ વાઘા બોર્ડરે આ માછીમારોને મુક્ત કરવામાં આવ્યા બાદ ટ્રેન મારફતે માછીમારો વડોદરા પહોંચ્યા હતા અને ત્યાંથી બસ દ્વારા પોતાના વતન જવા રવાના થયા હતા. દિવાળીના સમયે જ પાકિસ્તાન જેલમાં કેદ માછીમારો મુક્ત થઇને પરત ફરતા પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ભારત સરકારના પ્રયાસો થકી ૮૦ માછીમારને દિવાળી પર્વ પહેલા પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. આ માછીમારોને પાકિસ્તાન દ્વારા વાઘા બોર્ડરે મુક્ત કરવામાં આવ્યા હતા. એ સમયે મત્સ્ય વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર જિગ્નેશ કુમાર, ડૉ. ધ્રુવ દવે, પરવેઝ ઝીલાની, કૌશિક દવે તથા ઓનરાઝા મકરાણી સહિતના અધિકારીઓ હાજર રહ્યાં હતા. પાકિસ્તાન દ્વારા જે ૮૦ માછીમારને મુક્ત કરવામાં આવ્યા હતા તેમને પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ દ્વારા ૨૦૨૦માં પકડવામાં આવ્યા હતા. અને હજી પણ ૨૦૦ જેટલા માછીમાર પાકિસ્તાનની જેલમાં સજા કાપી રહ્યાં છે. આ મુક્ત થયેલા માછીમારોને મત્સ્ય વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટરના નેતૃત્વ હેઠળ વાઘા બોર્ડરથી ડિલક્સ ટ્રેન મારફત વડોદરા લાવ્યા હતા. વડોદરાથી આ માછીમારોને બે એસી બસ થકી વેરાવળ જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કામા હોસ્પિટલનું બંધ રેડિયો થેરપી કેન્દ્ર ટૂંક સમયમાં શરૂ

મુંબઈઃ બ્રેસ્ટ કેન્સરથી પીડાતી મહિલાઓને ઉપચાર દરમિયાન રેડિયો થેરપી આપવામાં આવે છે. કામા હોસ્પિટલનું રેડિયો થેરપી કેન્દ્ર છેલ્લા એક વર્ષથી બંધ હોવાથી ઉપચાર માટે દર્દીઓને અન્ય હોસ્પિટલમાં મોકલવામાં આવતા હોવાથી દર્દીઓએ હેરાનગતિનો સામનો કરવો પડે છે. જોકે હવે કામા હોસ્પિટલમાં કેન્સરની સારવાર લેતા દર્દીઓને રાહત મળવાની છે. હોસ્પિટલના રેડિયો થેરપી કેન્દ્ર માટે મશીનની ખરીદી કરવામાં આવશે અને એ માટે રાજ્ય સરકારે ૩૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. પરિણામે આગામી છ મહિનામાં કામા હોસ્પિટલમાં રેડિયો થેરપી ઉપચાર ફરી શરૂ થવાની સંભાવના છે. રાજ્ય સરકારની મુંબઈ સ્થિત કામા હોસ્પિટલ મહિલા, બાળકોની સારવાર તેમજ પ્રસૂતિ માટે જાણીતી છે. કામા હોસ્પિટલમાં બ્રેસ્ટ કેન્સરથી પીડિત મહિલાઓ પર ઉપચાર કરવામાં આવે છે. આ કેન્સરના દર્દીઓને કેમોથેરપી તેમજ રેડિયો થેરપીની સારવાર આપવાની સગવડ કામા હોસ્પિટલમાં હતી. કામા હોસ્પિટલમાં ૨૦૨૦-૨૨ સુધીના ત્રણ વર્ષમાં ૧૩ હજાર ૭૯૭ દર્દીઓ પર રેડિયો થેરપીથી ઉપચાર કરવામાં આવ્યો હતો.

# ભાજપના સર્વેમાં પ્રતાપરાવ જાધવનું સ્થાન જોખમમાં

બુલઢાણાઃ હાલ સર્વત્ર દિવાળી નિમિત્તે ફટાકડા ફૂટી રહ્યા છે ત્યારે બુલઢાણા સ્થિત શિવસેના (શિંદે જૂથ)ના વિધાનસભ્ય સંજય ગાયકવાડે મોટો બોમ્બ ફોડ્યો છે. ચારેકોર આ બાબતે જ ચર્ચા થઈ રહી છે.

બુલઢાણા મતદાર સંઘના વિધાનસભ્ય સંજય ગાયકવાડના કાર્યકર્તાઓએ સંસદ ભવનની ઈમારત સાથેની તસવીર તૈયાર કરી સોશિયલ મીડિયામાં વાઇરલ કરી હોવાથી ખળભળાટ મચી ગયો છે. પરિણામે બુલઢાણા જિલ્લાના શિંદે જૂથના સંસદસભ્ય પ્રતાપરાવ જાધવને આ વખતે લોકસભા ચૂંટણી લડવાની તક એકનાથ શિંદે નહીં આપે એવો ગણગણાટ થઈ રહ્યો છે.

બુલઢાણા મતવિસ્તારમાંથી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર બદલ શિંદે જૂથ અને ભાજપમાં તીવ્ર રસાકસી ચાલુ છે. બુલઢાણા લોકસભા ઉમેદવારી બાબતે કરવામાં આવેલા સર્વેક્ષણમાં સંસદ સભ્ય પ્રતાપરાવ જાધવ ચોથા ક્રમાંકે ધકેલાઈ ગયા છે. આ બેઠક શિવસેનાના હાથમાંથી સરકી ન જાય એ માટે પોતે લોકસભામાં જવા તૈયાર હોવાનું વિધાનસભ્ય સંજય ગાયકવાડે જણાવતા ચર્ચા થઈ રહી છે.

# દિવાળીમાં કારની નોંધણીમાં ૧૭ ટકા, બાઈકમાં ૧૨ટકાનો ઉછાળો

મુંબઈઃ શુક્રવારે ધનતેરસના શુભ અવસર પર ડિલિવરી માટે નવી કારની નોંધણીમાં ૧૭ ટકાનો વધારો થયો છે, જ્યારે દ્વિચક્રી વાહનોની નોંધણીમાં પણ ગયા વર્ષના તહેવારોની સિઝનની સરખામણીમાં ૧૨ટકાનો વધારો થયો છે, એમ પરિવહન વિભાગના તાજેતરના આંકડા દર્શાવે છે.

ધનતેરસ પર ડિલિવરી પહેલાંના પખવાડિયા દરમિયાન કારનું બુકિંગ અને ત્યારપછીનું રજિસ્ટ્રેશન ગયા વર્ષે ૩,૬૫૪ની સરખામણીમાં ૪,૨૫૯ જેટલું ઊંચું હતું. એ જ રીતે ટુ-વ્હિલરનું રજિસ્ટ્રેશન ગયા વર્ષના ૮,૬૫૫થી વધીને આ તહેવારોની સિઝનમાં ૯,૭૦૭ થયું છે, એમ આંકડા દર્શાવે છે.

આ વખતે, નોંધણીમાં ૭૯૭ ઇલેક્ટ્રિક વાહનો અને ૧,૬૮૮ સીએનજી પર ચાલતાં વાહનોનો પણ સમાવેશ થાય છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

સૌથી વધુ કાર રજિસ્ટ્રેશન મુંબઈના તાડરદેવ આરટીઓમાં અને બાઇકનું વડાલા આરટીઓ ખાતે હતું જે પૂર્વીય ઉપનગરોને સેવા આપે છે. કાર ડીલરોએ જણાવ્યું હતું કે આ વર્ષે દિવાળીની ઉજવણી કરવા માટે લોકો મોટી સંખ્યામાં બહાર હતા અને નવા વાહનો માટે ''સકારાત્મક ખરીદીની ભાવના''હતી. ઘણા લોકોએ નવી કાર અથવા બાઇક ચલાવતા પહેલા શુક્રવારે શોરૂમની બહાર પૂજા કરી હતી.

શહેરમાં વાહનોની ખરીદી સામાન્ય રીતે દર વર્ષે ચાર દિવસે - ધનતેરસ/દિવાળી, દશેરા, ગૂડી પડવા અને અક્ષય તૃતીયાના દિવસે ટોચ પર હોય છે.

પરિવહન વિભાગે હવે કાર અને બાઇક ડીલરોને આરટીઓ સ્ટાફની ન્યૂનતમ સંડોવણી સાથે વાહનની નોંધણી પ્રક્રિયા અને ફીની ચુકવણી પૂર્ણ કરવાની સત્તા આપી છે. સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન હોવાથી ભ્રષ્ટાચારની તકો પણ ઓછી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ અઠવાડિયે શહેરમાં વાહનોની વસ્તી ૪૫ લાખના આંકને વટાવી ગઈ છે, જેના કારણે રસ્તાઓ વધુ ગીચ બન્યા છે; હવે દરેક કિમી ૨,૨૫૦ વાહનો છે, જે પાંચ વર્ષમાં ૭ લાખથી વધુનો વધારો છે, જેમાંથી આ વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં લગભગ ૨ લાખ નોંધાયા હતા.

# મેટ્રોના બે કોન્ટ્રાક્ટરોને અનુપાલન અહેવાલો સબમિટ કરવા આદેશઃ

## વાયુ પ્રદૂષણની માર્ગદર્શિકાનું પાલન કરવાના નિર્દેશ

મુંબઈઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને 'કુલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો-૩' રૂટ પર કામ કરતા બે કોન્ટ્રાક્ટરોને નોટિસ પાઠવી હતી અને વાયુ પ્રદૂષણની માર્ગદર્શિકાનું પાલન ન કરવા બદલ થોડા દિવસો માટે કામ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) એ તેની ગંભીર નોંધ લીધી છે અને બંને કોન્ટ્રાક્ટરોને તાત્કાલિક પાલન અહેવાલો સબમિટ કરવાનો આદેશ આપ્યો છે. ઉપરાંત, 'મેટ્રો ૩' રૂટ પર કામ કરતા તમામ કોન્ટ્રાક્ટરોને હવાના પ્રદૂષણને લગતી તમામ માર્ગદર્શિકાઓનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

એમએમઆરસી ૩૩.૫ કિમીની મેટ્રો લાઇન 'મેટ્રો ૩' પર વિવિધ તબક્કામાં અને વિવિધ કોન્ટ્રાક્ટરો દ્વારા કામ કરી રહી છે. એમએમઆરસીનું કહેવું છે કે 'મેટ્રો ૩' રૂટના કામ દરમિયાન પ્રદૂષણને લગતા તમામ ધોરણોનું કડકપણે પાલન કરવામાં આવી રહ્યું છે. જો કે, ઘણા કોન્ટ્રાક્ટરો આ નિયમોનો ભંગ કરતા હોવાની હકીકત તાજેતરમાં મહાનગરપાલિકાની કાર્યવાહી થકી પ્રકાશમાં આવી છે. વાયુ પ્રદૂષણના નિયમોનું પાલન ન કરનારાઓ સામે મહાનગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. તે મુજબ મહાનગરપાલિકાના એચ-ઈસ્ટ વિભાગે જ્યારે બીકેસી અને વિદ્યાનગર ખાતે 'મેટ્રો ૩'ના કામનું નિરીક્ષણ કર્યું ત્યારે અનેક નિયમોનું પાલન થતું ન હોવાનું બહાર આવ્યું હતું. આથી મહાનગરપાલિકાએ તાત્કાલિક બંને કોન્ટ્રાક્ટરોને નોટિસ પાઠવી થોડા દિવસો માટે કામ બંધ કરી દીધું છે અને તમામ નિયમોનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# મુંબઈવાસીઓ સ્વેચ્છાએ ઈકો-ફ્રેન્ડલી, મેડ-ઈન ઈન્ડિયા વસ્તુઓ તરફ વળ્યા

મુંબઈઃ દિવાળીમાં ઈકો-ફ્રેન્ડલી અને મેડ-ઈન-ઈન્ડિયા ઉત્પાદનોની ધૂમ છે અને મુંબઈવાસીઓ તહેવારોની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે એવી વસ્તુઓ પસંદ કરી રહ્યા છે જે પર્યાવરણ માટે હાનિકારક ન હોય.

મીણબત્તીઓથી લઈને દિવા અને રંગબેરંગી રંગોળીઓથી લઈને કંદીલની વિશાળ શ્રેણી, બજાર દિવાળીના તમામ પ્રકારના સામાનથી છલકાઈ ગયું છે અને આ વખતે ભારતમાં નિર્મિત ઉત્પાદનો પર ભાર મૂકવામાં આવ્યો છે. માહિમની કંદિલ ગલી, તેની કંદિલની દુકાનો માટે જાણીતી છે, તે પ્રકાશના તહેવારમાં વિવિધ આકારો, કદ, રંગો અને શૈલીઓના કંદીલની વિશાળ શ્રેણીથી ઉભરાય છે.

દુકાનદારોના જણાવ્યા મુજબ આ વર્ષે કાપડ, કાગળ અને કાર્ડબોર્ડથી બનેલા કંદીલની વધુ માગ છે. લોકો ભારતમાં મેડ-ઇન-ઇન્ડિયા પ્રોડક્ટ્સ અને સ્થાનિક વસ્તુઓ લેવા ઉત્સુક છે. કંદીલ લેનના એક દુકાનદાર વૈભવ કહે છે અમે કાગળ અને કાપડમાંથી બનેલા ફાનસની વિશાળ શ્રેણીનું વેચાણ કરીએ છીએ, કારણ કે ગ્રાહકોને તે જ જોઈએ છે. પર્યાવરણ પર પ્લાસ્ટિક અને થર્મોકોલની ખરાબ અસરો વિશે વધુ જાગૃતિ આવવાથી લોકો ઇકો-ફ્રેન્ડલી કંદીલ પસંદ કરી રહ્યા છે.

ગ્રાહકો સ્થાનિક રીતે બનાવેલી વસ્તુઓ ખરીદવા માગે છે અને તેમને ચાઇના બનાવટની ચીજવસ્તુઓમાં રસ નથી, એમ એક દુકાનદારે જણાવ્યું હતું. ઇકો-ફ્રેન્ડલી અને ભારત નિર્મિત કંદીલનો ટ્રેન્ડ દર્શાવે છે કે લોકો પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ સાથે તેમની ખરીદી કરવા જઈ રહ્યા છે. (પીટીઆઈ)

# રેશન કાર્ડ પર મળશે મફત સાડી રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દિવાળીના સારા દિવસે રાજ્ય સરકાર તરફથી મોટી ભેટ રાજ્યના ગરીબ પરિવારોને આપવામાં આવી છે. અત્યાર સુધી રેશન કાર્ડ પર ફક્ત અનાજ મળતું હતું, પરંતુ હવે દરેક મહિલાને સાડી આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના વસ્ત્રોદ્યોગ ખાતા દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે અને તેનો લાભ લાખો મહિલાને મળશે.

રાજ્યના ફક્ત અંત્યોદય રેશનકાર્ડ ધારકોને આ યોજનાનો લાભ મળવાનો છે. દરવર્ષે કુટુંબની પ્રમુખ મહિલાને એક સાડી મફતમાં આપવામાં આવશે. રાજ્યમાં વિવિધ ઉત્સવો અને તહેવારો ઉજવવામાં આવે છે, તેમાંથી કોઈપણ એક તહેવારની પસંદગી કરીને આ સાડી આપવામાં આવશે.

રાજ્ય હેન્ડલૂમ કોર્પોરેશન દ્વારા મહિલાઓ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. ૨૦૨૩-૨૪ના વર્ષ માટે એક સાડીની ખરીદી રૂ. ૩૫૫માં કરવામાં આવસે, જેમાં સાડીના ઉત્પાદનથી લઈને પરિવહન અને જાહેરાત, સંગ્રહ વગેરે બધો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

વસ્ત્રોદ્યોગ દ્વારા શાશ્વત ધોરણ જાહેર કરીને ૨૦૨૩થી લઈને ૨૦૨૮ સુધીના સમયગાળા દરમિયાન દરવર્ષે એક સાડી અંત્યોદય (પીળું) રેશન કાર્ડ ધારકને આપવામાં આવશે. કેશરી રેશનકાર્ડ ધારકોને સાડી આપવાનો નિર્ણય હજી સુધી લેવામાં આવ્યો નથી. અત્યારે રાજ્યમાં ૨૪,૫૮,૭૪૭ કુટુંબ અંત્યોદય રેશન કાર્ડ ધરાવે છે. તેમના પરિવારની એક મહિલાને સાડી મળશે.

# જેવીએલઆર બાદ દહિસર અને મુલુંડ ચેકનાકા પર ડસ્ટ મોનિટરિંગ યુનિટ બેસાડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈમાં ત્રણ જગ્યાએ આઉટડોર ડસ્ટ મિટિગેશન યુનિટ બેસાડવાની અને ડસ્ટ મોનિટરિંગ સિસ્ટમ બેસાડવાની પ્રક્રિયા ચાલુ કરી છે. જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ જંકશન પર ફ્લાયઓવર નીચે આ પ્રકારનું પહેલું યુનિટ બેસાડવામાં આવવાનું છે અને એ બાદ દહિસર ટોલ નાકા અને મુલુંડ ચેક નાકા પર પણ આ પ્રકારના યુનિટ બેસાડવામાં આવવાના છે. આગામી મહિનાની અંદર તબક્કાવાર આ યુનિટ બેસાડવામાં આવવાના છે.

ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે મુંબઈમહાનગરપાલિકાએ ૨૭ નિયમો સાથેની ગાઈડલાઈન બહાર પાડીને તેને અમલમાં મૂકી છે. એ સાથે જ પાલિકાએ હવે પ્રદૂષણના સ્તર પર સતત નજર રાખવાની છે. મુંબઈમાં પાંચ જગ્યાએ આ યુનિટ બેસાડવાની ગયા વર્ષે યોજના બનાવી હતી. જોકે મુંબઈમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું હોવાની ફરિયાદો વધી હોવાથી હવે આ પ્રક્રિયાએ ગતિ પકડી છે.

ફ્લાયઓવર, મેટ્રો તથા રિડેવલપમેન્ટ જેવા પ્રોજેક્ટને કારણે મુંબઈમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે, તો પશ્ચિમ પરાના જોગેશ્વરીમાં પણ પ્રદૂષણ વધી રહ્યું છે અને હવાની ગુણવત્તા નબળી નોંધાઈ રહી છે, તેથી પાલક પ્રધાને જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ પર ટ્રાફિક ચોકી પાસે ડસ્ટ મોનિટરિંગ સિસ્ટમ બેસાડવાનો નિર્દેશ આપ્યો હતો.

'મુંબઈ ક્લાઈમેટ એક્શન પ્લાન' હેઠળ ઍર ક્વોલિટી ઈન્ડેક્સ મોનિટરિંગ સ્ટેશનોની સંખ્યામાં વધારો કરવાના તેના આદેશનો એક ભાગ છે. તે મુજબ પાલિકા જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ બાદ દહિસર ટોલ નાકા, મુલુંડ ચેક નાકા પર આ યુનિટ બેસાડવાની છે. આ એકમોમાં ૨૪ કલાક માટે ઍર ક્વોલિટી ઈન્ડેક્સ અને હવામાનની આગાહી સાથે ડિસ્પ્લે બોર્ડ હશે. આ યુનિટ પીએમ ૨.૫ અને પીએમ ૧૦ પાર્ટિક્યુલેટ મેટર અને સલ્ફર ઓક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ, હાઈડ્રોકાર્બન અને કાર્બન મોનોક્સાઈડ જેવા હાનિકારક વાયુઓને ફિલ્ટર કરશે.

# સીએમ એટલે ચીફ મિનિસ્ટર નહીં. કોમન મેનઃ શિંદે

મુંબઈઃ વ્યાખ્યા માત્ર ચીફ મિનિસ્ટર નહીં, પણ કોમન મેન એવી પણ થાય છે એવું વિધાન કરી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે કોઈપણ કામ કરતી વખતે કૌશલની સાથે હિંમત હોય એ પણ જરૂરી છે. કામ કરતી વખતે હેતુ શુદ્ધ હોય તો ગભરાવાની જરૂર નથી. દિવાળી નિમિત્તે થાણામાં આયોજિત કરવામાં આવેલા એક કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન બોલી રહ્યા હતા. એકનાથ શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૯માં મને મુખ્ય પ્રધાનની જવાબદારી મળે એવી અનેક લોકોની ઈચ્છા હતી, પણ વચ્ચે કોરોનાનો કપરો કાળ આવી ગયો. એ સમયમાં સારું કામ કરી શકાયું. મુખ્ય પ્રધાન હોત તો મર્યાદા આવી હોત. એ વખતે હૉસ્પિટલમાં તેમજ જરૂર પડી ત્યાં દર્દીઓને મદદ કરી.

# માતા લક્ષ્મીનું એવું મંદિર જ્યાં મૂર્તિ બદલે છે રંગ

મુંબઇઃ દિવાળીનો તહેવાર ૧૨મી નવેમ્બરે એટલે કે આજે તમામ ભારતીયો ધામધૂમથી ઉજવશે. આજે લોકો દેવી લક્ષ્મી અને ભગવાન ગણેશની વિશેષ પૂજા કરશે. એવું કહેવાય છે કે જો ધનની દેવી તમને આશીર્વાદ આપે છે તો જીવનમાં આર્થિક રીતે હેરાન થવું પડતું નથી. દિવાળીની પૂજા સુખ-સમૃદ્ધિ માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે. ભારતમાં આમ તો દેવી-દેવતાઓના અનેક અનોખા મંદિરો છે જ્યાં અનેક ચમત્કારો થાય છે. કેટલીક જગ્યાએ મૂર્તિઓ પોતાની મેળે ગર્ભગૃહમાંથી બહાર આવે છે તો કેટલીક જગ્યાએ મૂર્તિઓનો આકાર બદલાઈ જાય છે.તેવી જ રીતે દેવી લક્ષ્મીનું પણ મંદિર છે જ્યાં દેવીની મૂર્તિનો રંગ બદલાઈ જાય છે. કહેવાય છે કે આ મંદિરમાં દર્શન અને પૂજા કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. ખાસ કરીને તો અહી દર્શન કરવાથી આર્થિક તંગી દૂર થાય તેવા માન્યતા છે. હું વાત કરી રહી છું મધ્યપ્રદેશના જબલપુરમાં સ્થિત પચમઠા મંદિરની. તેનો ઇતિહાસ લગભગ ૧૧૦૦ વર્ષ જૂનો છે ગોંડવાના શાસનની રાણી દુર્ગાવતા સાથે જોડાયેલો છે. આ મંદિર રાણીના દીવાન આધાર સિંહના નામ પરથી અધરતલ તળાવમાં બનાવવામાં આવ્યું હતું. આ મંદિર દેવી લક્ષ્મીને સમર્પિત છે અહી અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ પણ છે. આ મંદિર તંત્ર સાધના માટે પણ જાણીતું છે. પરંતુ આ મંદિરની વિશેષતા એ છે કે અહીં સ્થાપિત દેવી લક્ષ્મીની મૂર્તિનો રંગ દિવસમાં ત્રણ વખત બદલાય છે. જેના કારણે તેને અનોખા મંદિરોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. મૂર્તિનો રંગ સવારે સફેદ, બપોરે પીળો અને સાંજે વાદળી થઈ જાય છે. આ ઉપરાંત સૂર્યના કિરણો પણ મંદિરમાં દેવી માતાના ચરણોમાં પડે છે. લોકો માને છે કે સૂર્ય ભગવાન આ રીતે દેવી લક્ષ્મીને નમસ્કાર કરે છે.

# ડ્રગ્સની જપ્તિના કેસમાં નવી દિલ્હીથી વિદેશી મહિલાની ધરપકડ

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના અધિકારીઓએ રૂ. ૨૦ કરોડની કિંમતના ડ્રગ્સની જપ્તિના કેસમાં નવી દિલ્હીથી વિદેશી મહિલાની ધરપકડ કરી હતી.

તાન્ઝાનિયાની મહિલાની ઓળખ રેહેમા ઑગસ્ટિન બોનેરા (૩૦) તરીકે થઇ હોઇ સ્થાનિક કોર્ટે તેને ૧૭ નવેમ્બર સુધીની એનસીબી કસ્ટડી ફટકારી હતી.

એનસીબીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ૯ નવેમ્બરે વિલે પાર્લેમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે નજીક આવેલી હોટેલની રૂમમાંથી ઝામ્બિયાના નાગરિક ગિલ્મોર લેઝલી એન્ડી પાસેથી રૂ. ૨૦ કરોડનું કોકોઇન જપ્ત કર્યું હતું. ઉઆ પ્રકરણે ગુનો દાખલ કરીને એન્ડીની ધરપકડ કરવામાં આવી હતી. એન્ડીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ ડ્રગ્સ નવી દિલ્હીમાં રેહેમા બોનેરાને ડિલિવર કરવાનું હતું.

આથી એનસીબીની ટીમ નવી દિલ્હી રવાના થઇ હતી અને ત્યાંથી રેહેમા બોનેરાની ધરપકડ કરી હતી.

# પાંચ હજાર વર્ષ પહેલા મદ્રા રાજયમાં ઉજવાઇ દિવાળી

મુંબઇઃ હજારો વર્ષોથી દિવાળી ઉજવાય છે. તેનો ઉલ્લેખ સ્કંદ પુરાણના એક એક શ્લોક દ્વારા જાણવા મળે છે મદ્રજયે યે દીપનાનમ ભુવિ કુર્વન્તિ માનવઃ જેનો મતલબ થાય છે કે અગાઉ મદ્રા રાજ્યના લોકોએ દીવો દાન કર્યો હતો એટલે કે દીવા પ્રગટાવ્યા હતા. અહીં જે મદ્રા રાજ્યની વાત કરી રહ્યા છીએ તે હવે તક્ષશિલા અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરની વચ્ચે આવેલું સ્થળ છે. એવું માનવામાં આવે છે કે જ્યારે રાક્ષસ રાજા બલીને દીવાઓના દાનની જાણ થઈ ત્યારે તેણે પોતાના શાસનમાં દીવા પ્રગટાવવાની પરંપરા શરૂ કરી હતી.

સિંધુ ખીણની સંસ્કૃતિ પહેલા ચોથી સહસ્ત્રાબ્દીની આસપાસ લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં માટીના દીવાઓના ઉપયોગના પુરાવા મળ્યા છે. સૌ પ્રથમ સિંધુ ખીણમાં ખોદકામ દરમિયાન મેહરગઢમાં પુરાતત્વ વિભાગની ટીમ દ્વારા પ્રાચીન માટીના દીવા મળી આવ્યા હતા. બાદમાં જ્યારે કાર્બન ડેટિંગ કરવામાં આવ્યં ત્યારે જાણવા મળ્યું કે આ દીવા લગભગ ૫ હજાર વર્ષ જૂના છે. આ ઉપરાંત આવી ઘટના ભારતના સાંગલમાં પણ બની છે. ત્યાં ૨૫૦૦ વર્ષ પહેલાના મૌર્ય કાળના દીવા મળી આવ્યા હતા.

શનિવારે ૧૧ નવેમ્બરના રોજ અયોધ્યામાં દિવાળીના અવસર પર દીવા પ્રગટાવીને વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો હતો. દિવાળીમાં દરેકના ઘરમાં લક્ષ્મી અને ગણેશની પૂજા કરવામાં આવે છે, અને લોકો પોતાના ઘરોને રંગબેરંગી રોશનીથી શણગારે છે. તેમજ લોકો દીવા અને ફટાકડા ફોડીને આ તહેવારની ઉજવણી કરે છે.

પ્રકાશના આ તહેવારનો ઉલ્લેખ હિંદુ ગ્રંથો સ્કંદપુરાણ અને અગ્નિપુરાણમાં કરવામાં આવ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે કે ત્રેતાયુગ પછી દ્વાપર યુગથી પાંચ દિવસ સુધી દિવાળી મનાવવામાં આવી રહી છે. દિવાળી મનાવવાની પરંપરા ૫૦૦૦ વર્ષ જૂની છે. સ્કંદ પુરાણના કાર્તિક માહાત્મ્યમાં ભગવાન કૃષ્ણે દીવાને સૂર્યનો અંશ ગણાવ્યો છે.

# હિન્દુ મરણ

### કોળી પટેલ

ગામ ધમડાછા હાલ અંધેરી સ્વ. રતિલાલ ભીખાભાઇ પટેલ ગં. સ્વ. જસવંતીબેન રતિલાલ પટેલના પુત્ર સંતોષ પટેલ તે સૌ. જયશ્રીબેન સંતોષ રતિલાલ પટેલના પુત્ર ધાર્મિક સંતોષ પટેલ (ઉં. વ. ૧૧) ૯મીના દેવલોક પામ્યા છે. તે હેતાંશના મોટાભાઇ. મીનાક્ષીબેન, ગીતાબેન, કાશ્મીરાબેન તથા નંદાબેનના ભત્રીજા. તેમનું તેરમું મંગળવાર, ૨૧મીના નિવાસસ્થાને ઠે. ૨-એ-૧૨, પ્રિયદર્શની બિલ્ડિંગ, પી. એમ. જી. પી. કોલોની, મહાકાલી, ગુફા રોડ, અંધેરી (ઇ), લૌકિક રિવાજ બંધ છે.

### લુહાર સુથાર

ગામ રાજુલા, હાલ વિર્લે પાર્લા સ્વ. દિનેશભાઈ જીવરાજભાઈ સોલંકી (ઉં. વ. ૬૬) તા. ૧૧-૧૧-૨૦૨૩ને શનિવારનાં શ્રી રામ ચરણ પામ્યા છે. તેઓ શ્રીમતી હંસાબેનના પતિ. શૈલેષભાઈ, સંજયભાઈના પિતાશ્રી. અનિલભાઈ જીવરાજભાઈ સોલંકી, રાજેશભાઈ જીવરાજભાઈ સોલંકીના મોટા ભાઈ. હીરાબેન, કલાબેન, રંજનબેન, ગીતાબેન, મીનાબેનના ભાઈ. છગનભાઈ વશરામભાઈ મકવાણાના જમાઈ. તા. ૧૭-૧૧-૨૩ના રોજ શ્રી લુહાર-સુથાર વાડીએ પ્રાર્થનાસભા રાખેલ છે. સમય સાંજે ૫ થી ૭.

### શ્રી દશા મોંઢ માંડલિયા વણિક

ચોરવાડ નિવાસી હાલ બોરીવલી વસંતભાઈ ભોગીલાલ દામાણી (ઉમરઃ૭૬) તે નયનાબેનના પતિ. પ્રેમલ, તેજલ તથા પ્રજેશના પિતા. સ્વ. રમેશચંદ્ર, સ્વ. રાજનીકાંત (બટુકભાઈ), સ્વ. નલિનીબેન ભુપતરાય મહેતા, ઉષાબેન નરેન્દ્રભાઈ શાહના ભાઈ. અમિષા, કાર્તિક તથા પરિતાના સસરા. દિવ નિવાસી સ્વ. મોતીલાલ રામચંદ્ર શાહ ના જમાઈ. ૧૧/૧૧/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### પરજીયા સોની

બરડીયા હાલ વિરાર સ્વ. પ્રભુદાસ વલ્લભભાઇ ધાણક (ઉ. વ. ૮૦) તાઃ ૮-૧૧-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. તે હિતેષભાઇ અને નિશાબેનના પિતાશ્રી. તે વિક્રમભાઇ, ધર્મિષ્ઠાબેનના સસરા. દક્ષના દાદા. અને અલિશાના નાના થાય. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી લોહાણા

ગં. સ્વ. હીરાબેન આથા (ઉં. વ. ૮૮) તે સ્વ. લીલાધર કલ્યાણજી આથાના ધર્મપત્ની કચ્છ ગામ ઉગેડી હાલે મુલુન્ડ તા. ૧૨-૧૧-૨૩ રવિવારના શ્રીરામશરણ પામેલ છે. તે અશ્વીન, સ્વ. અજય, દેવયાની તથા સ્વ. નીમાના માતુશ્રી. તે નરોતમ રૂપારેલ, કિશોર રૂપારેલ તે નીતા માવજી અનમ, નલિયા તથા વર્ષા શંભુભાઇ હરીયાણી ગુંદીયાણીના સાસુજી. તે સ્વ. રામજી ખેરાજ ઘુંઘટ કચ્છ મુરૂવાલાન પુત્રી. સ્વ. કુંવરજી તથા સ્વ. સીતાબેનના બહેન. તે સ્વ. સીતાબેન તથા સ્વ. શાંતાબેનના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૩-૧૧-૨૩ના ૫-૩૦થી ૭. ઠે. પવાણી હોલ, પહેલે માળે, શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

### કચ્છી લોહાણા

સ્વ. જીવાબાઇ હંસરાજ દેવજી જોબનપુત્રા ગામ કચ્છ કેરા હાલે ઘાટકોપરના પુત્ર પુરુષોતમ (ભગતભાઇ) (ઉં. વ. ૮૮) બુધવાર, તા ૮-૧૧-૨૩ના રામશરણ પામેલ છે. તે સ્વ. હેમલતા (હંસાબેન)ના પતિ. તે સ્વ. સાકરબેન લીલાધર સુંદરજી કોટક ગામ કોટડી મહાદેવપુરીના જમાઇ. તે અજીત, સ્મિતા દિનેશ ઠક્કર, વંદના પંકજ ઠક્કરના પિતા. તે નીતાબેન અજીતના સસરા. તે દમયંતીબેન ધરમશી ચોથાણીના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### લુહાર સુથાર

ગામ રાજુલા હાલ વિલપાર્લે સ્વ. દિનેશભાઇ જીવરાજભાઇ સોલંકી (ઉં. વ. ૬૬) તા. ૧૧-૧૧-૨૩ના શનિવારના શ્રીરામચરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. શૈલેષભાઇ, સંજયભાઇના પિતાશ્રી અનિલભાઇ જીવરાજભાઇ સોલંકી, રાજેશભાઇ જીવરાજભાઇ સોલંકીના મોટાભાઇ. હીરાબેન, કલાબેન, રંજનબેન, ગીતાબેન, મીનાબેનના ભાઇ. છગનભાઇ વશરામભાઇ મકવાણાના જમાઇ. અરવિંદભાઇ છગનભાઇ મકવાણા અને દિનેશભાઇ છગનભાઇ મકવાણાના બનેવી તા. ૧૭-૧૧-૨૩ના લુહાર સુથાર વાડીએ પ્રાર્થનાસભા રાખેલ છે. સાંજે ૫થી ૭.

### હાલાઇ લોહાણા

અમદાવાદ હાલ બોરીવલી સ્વ. ચંદ્રિકાબેન મો. ઠક્કર (નંદાણી) (ઉં. વ. ૭૫) તા. ૧૧-૧૧-૨૩ના શનિવારે અક્ષરનિવાસી થયા છે. તે સ્વ. મોહનલાલ અને સ્વ. નર્મદાબેનની પુત્રી તથા કંચનબેન અને ઇશ્વરભાઇના બહેન. જીજ્ઞેશ, નિખિલ, ખુશ્બુના ફઇબા. પૂર્વી, શ્રુતિકાના ફઇસાસુ. નવ્યા, સ્નિથિક, ટિવશાના ફઇદાદી. બેસણું તા. ૧૩-૧૧-૨૩ના સોમવાર સાંજે ૫થી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ. વી. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી (પ.)

### કચ્છી લોહાણા

સ્વ. મુક્તાબેન કાનજીભાઇ ઠક્કર (હિંગવાલા) હાલ નાશિક ગામ અંજારના પૌત્ર કૃતિક (કુકી) (ઉં. વ. ૩૬) તે મનીષા-કિરીટભાઇ કાનજીભાઇ ઠક્કરના નાના સુપુત્ર.તે ત્રિષ્નાના પતિ. જીયાંશના પિતા. તે કાર્તિક, કોમલ, સપના, રીયાના ભાઇ. તે રાજશ્રી વિનોદ દિલીપકુમાર મજેઠીયા ગામ આડેસર હાલ નાશિકના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૧-૨૩ના સોમવારના ૪-૩૦થી ૬. ઠે. આર. પી. વિદ્યાલય, નીમાણી બસ ડેપોની બાજુમાં, પંચવટી નાશિક મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ એજ દિવસે આવી જવું. ચક્ષુદાન કરેલ છે.

### નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ

ગૌરીશંકર જીવાભાઇ પાઠક (ઉં. વ. ૧૦૩) મોછા નિવાસી હાલ કાંદિવલી તા. ૧૦-૧૧-૨૩ શુક્રવારના કૈલાસવાસી થયેલ છે. તે કિરીટભાઇ, પ્રહલાદભાઇ, કિશોરભાઇના પિતા. પ્રાર્થનાસભા તા. ૧૩-૧૧-૨૩ના સોમવારના સાંજે ૪થી ૬. ઠે. બાપા સ્વામીનારાયણ મંદિર, ડાયમોડ હોલ, ૩જે માળે, એસ. વી. રોડ, દહીંસર (ઇ).

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

### રાધનપુર તીર્થ જૈન

રાધનપુર તીર્થ હાલ બોરીવલી સ્વ. કાંતાબેન અચરતલાલ શાહના પુત્ર સુશીલભાઈ (ઉમરઃ૮૧) તે અનિલાબેનના પતિ. સંજય, ફાલ્ગુની આશિષકુમાર ના પિતા. મોક્ષા, ભાવિ, વર્ષિલ, ભાવિકના દાદા/નાના. સ્વ. જાસુદબેન સોમચંદ શાહના જમાઈ તે તા.૧૦/૧૧/૨૩ ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ઘોઘા નિવાસી હાલ મલાડ ભરતભાઈ રમણીકલાલ રઘનાથ ઠાર (શાહ) ના ધર્મપત્ની સરોજબેન ઠાર શાહ (ઉમરઃ૬૭) તે ૯/૧૧/૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવીણભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, પ્રફુલભાઇના નાનાભાઈના પત્ની, સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. જયેશભાઇ, ધર્મેન્દ્રભાઈ, સ્વ. જ્યોતિબેન, ભારતીબેન, મીનાબેન તથા ચેતનાબેનના ભાભી, મીનલ વિક્રમભાઈ શાહના ચાચી, પિયરપક્ષે મહુવાવાળા સ્વ. કાંતાબેન તથા સ્વ. ઓત્તમચંદ હઠીચંદ દોશી હાલ મલાડના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

મોખાના ચાંપશી રવજી ભેદા (ઉં. ૭૫) ૧૧-૧૧ના અવસાન પામેલ છે. કુંવરબાઇ રવજી મોનાના પુત્ર. દમયંતીબેનના પતિ. ભાવેશ, સ્વ. મનિષ, રાહુલના પિતા. ભવાનજી, નાનબાઇ, રામજી, સુંદરબેન, લાલજી, મગનના ભાઇ. લક્ષ્મીબેન કલ્યાણજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવેશ ભેદા, જી-૨, ક્રિષ્ણા વાટીકા, ટાવર રોડ, ભાયંદર (ઇ.), થાણા-૪૦૫૧૦૫.

### ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન

ચુડા નિવાસી, હાલ મલાડ, સ્વ. સવિતાબેન મણીલાલ શાહના સુપુત્ર. ચી. પ્રફુલભાઈ (ઉં. વર્ષ ૭૧), તે છાયાબેનના પતિ, ડૉ. સેજલ ગોસલિયા તથા ચી. વિરલના પિતાશ્રી, મેહુલભાઈ તથા પ્રાપ્તિબેનના સસરા તેમજ ચી. માહી, યેશાના દાદા તથા મલાડ નિવાસી શેઠ શ્રી સ્વ. રમણીકલાલ મનસુખલાલ શાહના જમાઈનું તા. ૧૨/૧૧/૨૦૨૩ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઝાલાવાડી વિશા સ્થા. જૈન

વઢવાણ નિવાસી હાલ મલાડ સ્વ. તરુણાબેન રજનીકાંત કોઠારીના સુપુત્ર ચિરાગ (ઉં.વ. ૪૪) તા. ૧૧-૧૧-૨૦૨૩ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રિયાના પતિ. મહેક તથા નમનના પિતા. પૂનમ પંકીત કોઠારીના મોટાભાઈ. અલકાબેન સુરેશભાઈ કોઠારીના ભત્રીજા. હંસાબેન જયસુખભાઈ કાલીદાસ ગાંધીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

લીંબડી નિવાસી હાલ કિંગ સર્કલ (માટુંગા) સ્વ. સમતાબેન અમુલખ અમીચંદ મણિયારના પુત્ર સ્વ. પ્રમોદભાઇના ધર્મપત્ની ગં. સ્વ. તારાબેન (ઉં. વ. ૯૦) તે સ્વ. જતીનભાઇના માતા અને ફાલ્ગુનીબેનના સાસુ. તે સ્વ.રમાબેન ત્રંબકભાઇ તથા ઇંદીરાબેન હરસુખભાઇના ભાભી. તે થાનગઢ નિવાસી હાલ રાજકોટ સ્વ. રુકમણીબેન સુખલાલભાઇ દોઢીવાલાના દીકરી તા. ૧૨-૧૧-૨૩ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

ભાડલા હાલ મુલુંડ મુંબઇ દીપકભાઇ મનસુખલાલ શાહના ધર્મપત્ની હેમાબેન (ઉં. વ. ૬૩) તે મંજુલાબેન (મંગુબેન)ના પુત્રવધૂ. તે વિનિત તથા હર્ષિતના માતુશ્રી. ચારુબેન બિપીનભાઇ મહેતા તથા હર્ષદાબેન કિશોરભાઇ શેઠના ભાભી. તે મુક્તાબેન જયંતિલાલ મહેતાના સુપુત્રી ગુરુવાર તા. ૯-૧૧-૨૩ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઇ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ



## સુભાષિતનો રસાસ્વાદ

feedback@bombaysamachar.com

पुस्तकस्था तु या विद्या, पर हस्त गतं धनम्।।
कार्यकाले समुत्पन्ने, न सा विद्या न तत् धनम् ।।४४।।षष

– સુભાષિત સંગ્રહ

ભાવાર્થ :- પુસ્તકમાં રહેલી વિદ્યા, અને બીજાના હાથમાં ગયેલું ધન, આ બન્ને યોગ્ય સમયમાં કામ ન આવે તો તે વિદ્યા પણ નકામી અને તે ધન પણ નકામું. અસ્તુ.

સંપાદક :- આચાર્ય શાસ્ત્રીજી ડાહ્યાભાઇ પ્રહલ્લાદજી વ્યાસ (ટીંટોઇ)

## વિશેષ

# લાભ પાંચમ - લાભ 'પંચમ'

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com




કારતક મહિનાના સુદ પક્ષની પાંચમી તિથિ એટલે લાભ પાંચમ. દિવાળીના તહેવારોની ઉજવણી બાદ, નવા વર્ષને આવકાર્યા પછી આવતો આ એક અગત્યનો તહેવાર છે. આ તિથિ જાણે દિવાળીના તહેવારની પૂર્ણાહુતિ સમાન છે. આ આ દિવસ પછી દિવાળીના તહેવારોની ભવ્યતા, ધાર્મિકતા તથા આધ્યાત્મિકતા અહીંથી જાણે અન્ય સ્વરૂપે પ્રગટ થશે અને આગળના જીવનને સાર્થક બનાવશે તેવી પ્રતીતિ થાય છે. દિવાળીના તહેવારો જે તાદાત્મ્યતાથી ઉજવાય છે તેને કારણે તહેવારોની આવી પૂર્ણાહુતિ બાદ પણ, આ તહેવારો દ્વારા સર્જાયેલ માનસિકતા લગભગ આખું વર્ષ જળવાઈ રહેતું હોય છે. આ પૂર્ણાહુતિ પણ છે અને શરૂઆત પણ. આ અંત પણ છે અને સર્જન પણ. એક રીતે જોતા આ સર્જન યુક્ત અંત છે - પ્રારંભ યુક્ત પૂર્ણાહુતિ છે. વ્યવસાયિક તથા વ્યાપારી સંસ્થાઓમાં અહીં ઉત્સવિયતાનો અંત આવે છે અને નવા વ્યવહારની શરૂઆત થાય છે.

આમ તો જે લાભ મેળવવાના હતા તે ધનતેરસના કે દિવાળીના દિવસે કરાયેલ લક્ષ્મી-પૂજનથી પ્રાપ્ત થઈ ગયા હોવા જોઈએ. એ પછી આવતી લાભ પાંચમ એ જાણે નવા વર્ષનો પ્રથમ તહેવાર છે એમ પણ કહી શકાય. અહીં જીવનમાં શરૂ થયેલ નવા વર્ષના આગળના પ્રવાસ માટે લાભની વાત થઈ હોવી જોઈએ, જે યોગ્ય પણ છે.

મજાની વાત એ છે કે અહીં લાભની વાત થાય છે, શુભની નહીં. આ લાભ પાંચમ છે, શુભ પાંચમ નહીં. જોકે, શુભ અને લાભ એક યુગ્મ સમાન છે - આ એક જોડ છે જેમાં એકની હાજરીથી બીજાની હાજરી લગભગ સ્થાપિત થઈ જાય છે. લાભ અને શુભને ભિન્નતાની દૃષ્ટિથી જોવું કઠિન પણ છે અને અયોગ્ય પણ છે. જ્યાં શુભતા - આધ્યાત્મિક શુદ્ધિ હોય ત્યાં જ યોગ્ય પ્રકારનો લાભ, યોગ્ય પ્રમાણમાં મળી રહે.

છતાં પણ ક્યારેક ક્યારેક એમ માની લેવામાં આવે છે કે લાભને કારણે પરિસ્થિતિ શુભ જણાય. આ યોગ્ય નથી. અહીં તો બધું જ શુભતાથી ભરેલું છે. આકાશ શુભ છે તો પૃથ્વી પણ તેટલી જ શુભ છે. પાણી અને અગ્નિમાં શુભતાની માત્રા સમાન હોય છે. આ પણ શુભ છે અને તે પણ શુભ છે. અહીં પણ શુભતા છે અને ત્યાં પણ તે જ પ્રમાણેની શુભતા છે. શુભતા સર્વત્ર

(જુઓ પાનું ૬) ▸▸

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

# જે દિવસે પૂરતાં કારણો હોય છતાં ક્રોધ ન આવે તે દિવસ અધ્યાત્મની દિવાળી

બહુ ખતરનાક વાત છે, જો જો, સમજવાની ઉતાવળ નહીં કરતાં. ખુલાસો પછી આવે છે! પણ જેણે જેણે ભગવાનની કથા સાંભળી હશે તેનું અકાલ મૃત્યુ થશે! ભગવાનની કથા સાંભળે તેનું મૃત્યુ નહીં, અકાળે મૃત્યુ થાય! પ્રમાણ? રામાયણ, દશરથનું મૃત્યુ કેમ થયું? પ્રારબ્ધ પૂરું થાય એ પહેલાં મૃત્યુ. શ્રવણનું મૃત્યુ? અકાળે મૃત્યુ. મારાં ભાઈ-બહેનો, અકાળ મૃત્યુ એ સંદર્ભમાં કે ભગવાનની કથા જે સાંભળશે તેના મૃત્યુ પહેલાં ઘણું મરી જશે! અનેક વસ્તુઓ તેના સ્વાભાવિક મૃત્યુ પહેલાં મરી જશે. આપણને ખબર ન પડે એમ આપણો ક્રોધ વયો જશે. આપણને ખબર ન પડે તેમ આપણી ઈર્ષ્યાનું અકાળે મૃત્યુ થશે! તેથી કથા સાંભળ્યા કરો, સાંભળ્યા કરો ને સાંભળ્યા કરો. ટીકા કરે, બોલે, તેને બોલવા દો. એની વાતો એને મુબારક. શ્રવણ, કીર્તન, વિષ્ણો સ્મરણમ્ પાદસેવનં, અર્ચનમ્... જે શ્રવણ કરશે એના ભીતરના દોષોનું અકાળે મૃત્યુ થશે. એથી એનું નામ શ્રવણ બહુ સમજીને રાખ્યું છે.

ભગવાનની કથા જે કહેશે તેનું પણ અકાળે મૃત્યુ થશે! સ્વાભાવિક મૃત્યુની વાત જવા દો. એ મૃત્યુ તો જ્યારે આવે ત્યારે પણ અંદરની વસ્તુ મરી જાય. નહિતર આપણી ઈર્ષ્યા આપણું પ્રારબ્ધ પૂરું ન થાય ત્યાં સુધી મરવાની નથી. આપણો ક્રોધ આપણું પ્રારબ્ધ પૂરું ન થાય ત્યાં સુધી મરવાનો નથી. આપણી ઈર્ષ્યા દીર્ઘજીવી છે. કથા સાંભળો તો વ્યાસપીઠ તમારું અકાળે મૃત્યુ કરી નાખશે. આપણને ખબર પણ નહીં પડે અને સત્સંગનો વિવેક આડો આવશે. કોઈ તમારા પર ખીજાય ત્યારે તમને એ સમજાશે કે એ કથામાં નથી આવ્યો એથી તેને ખીજાવાનો અધિકાર છે, તું તો કથામાં ગયો હતો તેથી તેની વાતને હસીને ભુલાવી દેવાનો તને અધિકાર છે! આવા અધિકારોનું જતન કરો. કથા એ ક્રોધનું, વાસનાનું અને ઈર્ષ્યાનું અકાળ મૃત્યુ છે! ભગવાનની કથા જે કહેશે તેના પણ દોષો વયા જશે. બોલનારા ત્રણ રીતે બોલે અને સાંભળનારા ત્રણ રીતે સાંભળે. બોલનારો જીભથી બોલે, સાંભળનારો કાનથી સાંભળે. ઇન્દ્રિયની વાત ઇન્દ્રિય સુધી પહોંચે. જીભથી બોલાયેલું કાન સુધી પહોંચે. એ પ્રકૃતિનો નિયમ છે. જીભથી બોલે એ કાન સુધી પહોંચે, પરંતુ જીવથી બોલે એ શ્રોતાના પ્રાણ સુધી પહોંચે! અને જીવતરથી બોલાય એ શ્રોતાના રૂંવાડા સુધી પહોંચે! ત્રણ રીતથી બોલાય. જીવથી બોલાય-શ્રોતાના કાન સુધી પહોંચે. જીવતરથી બોલાય-શ્રોતાના રોમ રોમ સુધી પહોંચે! શ્રોતા-વક્તા જ્ઞાનનિધિ... આવી રીતનો અનુબંધ થાય ત્યારે બેયનું અકાળે મૃત્યુ થાય છે. એની વૃત્તિઓનું અકાળે મૃત્યુ થાય છે. આપણને ખબર ન હોય એમ આપણા દોષો ભાગે.

આપણો ક્રોધ બિલકુલ સ્વાભાવિક થઈ ગયો છે, ને તેથી દોષ છે. અહંકાર સ્વાભાવિક થઈ જાય તો દોષ છે. ક્યારેક તમારે એની આડ લેવી પડે તો ક્ષમ્ય છે. તેથી જ નરસૈંયો કહે-

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જયમ શ્વાન તાણે

જ્યારે સ્વભાવમાં વણાઈ જાય, ત્યારે એ દોષનું રૂપ ધારણ કરે છે. દોષ દુઃખ આપે છે. દોષનું પરિણામ છે દુઃખ, દોષી માણસ દુઃખ પામે. મને આનંદ છે કે બહુ નાની ઉંમરમાંથી તમે ભાઈ-બહેનો કથામાં રુચિ લેતાં થયાં છો, તમે નાની ઉંમરમાંથી ક્રોધ પર બહુ વિવેક સાચવજો, તો મુનિ થતાં વાર નહિ લાગે. હું તમને વિનંતી કરું છું કે તમને બહુ ક્રોધ આવતો હોય, ક્યારેક ગમે તેવા પ્રસંગ ઊભા થાય અને તમને ક્રોધ ન આવે તો તે દિવસે હનુમાનજીને નારિયેળ વધેર જો. મા ખોડિયારને માથું નમાવજો કે હે મા જગદંબા, આજે મારા ક્રોધનું અકાળ મૃત્યુ થયું! હે હનુમાન, મારાં ઘરમાં રોજ તકરાર થતી હતી ને આજે ન થઇ. એવું થાય તે દિવસે ઘરમાં ઉત્સવ કરો. આપણી આધ્યાત્મિક જગતની દિવાળીઓ આવી હોવી જોઈએ. જે દિવસે આવું થાય તે દિવસ આધ્યાત્મિક જગતની દિવાળી છે!

મૃત્યુ અને અકાળમૃત્યુ ભગવદ્ કથાના શ્રવણથી થાય. બાકી આપણા દોષો એટલા દીર્ઘજીવી છે કે બીજા જન્મમાં પાછા એના એ આવશે. આ નિયમ છે, એનું એ મન પાછું આવશે. ઘણા કહે છે કે ઘરમાં શાંતિ નથી, બહારગામ જતા રહેવું છે. મન જે અશાંતિ કરે છે એને મૂકતો જા, એ તો તારી સાથે છે! એ તો તને ક્યાંય નિરાંત નહીં લેવા દે. બહારગામ જઈએ તો પણ આપણે તો એના એ જ છીએ ને? સ્વભાવ તો એનો એજ લઈ જવાના છીએ ને? અને ત્યાં સુધી તકરાર થવાની. સ્વભાવ મુકાઈ જાય તો અહીંયા જ હરિદ્વાર છે! પણ સ્વભાવ ક્યારે બદલે? સ્વભાવની વૃત્તિઓનું અકાળે મૃત્યુ ક્યારે થાય? જ્યારે વિવેક જન્મે અને વિવેક જન્મે સત્સંગથી. મને એક જણાએ કહ્યું કે સત્સંગથી જ જો સુધરી જવાતું હોત તો તુલસીદાસજીએ એમ કેમ લખ્યું છે કે-

**खलउ करहिं भल पाई सुसंगू।**
**मिटई न मलिन सुभाऊ अभंगू।।**

આ ચોપાઈ તો બિલકુલ વિરુદ્ધમાં જ જાય છે! આ સૂત્રથી, સત્સંગથી જો સ્વભાવ સુધરે એમ કહેવાતું હોય તો તુલસીજી આમ કેમ લખે છે? બાપ, તુલસીદાસજી બે રીતે લખે છે.

**सठ सुधरहि सतसंगति पाई ।**
**पारस परस कुघात सुहाई ।।**

સત્સંગ મળે તો શઠ સુધરી જાય આવી સ્પષ્ટ બેટુક વાત લખી નાખી અને હવે એજ તુલસી કહે છે કે- **૨**

**खलउ करहिं भल पाई सुसंगू?**

મલિન સ્વભાવ નહીં મટે, થોડો વખત સુધરે. મલિન સ્વભાવ નહીં મટે તો શું સમજવાનું? બહુ સીધું છે મારાં શ્રાવકો, ગુરુમુખથી માણસ સમજે. એક જગ્યાએ 'સુસંગ' શબ્દ છે અને એક જગ્યાએ 'સત્સંગ' શબ્દ છે. સત્સંગથી તો સુધરી જાય, પણ સુસંગ એ સત્સંગ નથી. 'સત્સંગ'નો અર્થ છે જ્યાં સત્ય સિવાય કંઈ નથી. 'સુસંગ' તો ગામનો સરપંચ સારો હોય અને તેની સાથે તમે અંજાર જઈ આવો તોયે સુસંગ કહેવાય! પરંતુ એમાં કંઈ સ્વભાવ ફરી ન જાય! સત્સંગથી સ્વભાવ સુધરે. ■

(સંકલનઃ જયદેવ માંકડ)

## જીવનનું અમૃત

# તે કાળના સમગ્ર આર્યાવર્તના ભગવાન શ્રીકૃષ્ણ લગભગ સર્વમાન્ય રાજનેતા હતા

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

૧૭. રાજનેતા શ્રીકૃષ્ણ રાજા નથી, પરંતુ રાજરાજેશ્વર છે!

કંસના ઉદ્ધાર પછી 'રાજાને જીતે તે રાજા થાય' તદનુસાર સૌ ઈચ્છતા હતા કે શ્રીકૃષ્ણ મથુરાના રાજા થાય, પરંતુ શ્રીકૃષ્ણ રાજગાદી પર બેઠા નહિ અને ઉગ્રસેનને રાજગાદી પર બેસાડ્યા.

દ્વારિકાની સ્થાપના તેમના દ્વારા જ થઈ, તેઓ જ દ્વારિકાધીશ ગણાય છે. તેમણે ઈચ્છ્યું હોત તો સરળતાથી અને સર્વસંમતિથી તેઓ રાજા બની શક્યા હોત, પરંતુ તેમણે રાજગાદીનો સ્વીકાર ન કર્યો, આમ છતાં વસ્તુતઃ તેઓ જ દ્વારિકાના ખરા રાજા હતા.

જરાસંઘના ઉદ્ધાર પછી પણ ભગવાને ગાદી જરાસંઘના પુત્ર સહદેવને સોંપી છે. આમ અનેક વાર ભગવાન રાજા નહિ, પરંતુ રાજા બનાવનાર (King maker) બન્યા છે.

તે કાળના સમગ્ર આર્યાવર્તના ભગવાન શ્રીકૃષ્ણ લગભગ સર્વમાન્ય રાજનેતા હતા.

પાંડવોને તેમનું રાજ્ય તેમણે જ અપાવ્યું છે અને જરાસંઘના ત્રાસથી અનેક રાજાઓને તેમણે જ મુક્ત કર્યા છે. યાદવોનું નવું રાજ્ય દ્વારિકા તેમનું જ સર્જન છે.

ભૌમાસુર, નકલી વાસુદેવ આદિના ત્રાસમાંથી પ્રજાને તેમણે જ મુક્તિ અપાવી છે.

બાણાસુર પર વિજય તેમના થકી જ સિદ્ધ થયો છે.

ભગવાન શ્રીકૃષ્ણ વિધિવત રાજા નથી, છતાં સર્વમાન્ય રાજરાજેશ્વર છે અને કુશળ રાજનેતા પણ છે જ!

૧૮. મહાન વક્તા

શ્રીકૃષ્ણ એક મહાન વક્તા પણ છે. શ્રીકૃષ્ણ શું નથી?

મહાભારત અને શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણનાં અનેક વક્તવ્યો સંગ્રહિત છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, ઉત્તરગીતા અને ઉદ્ધવગીતા - આ ત્રણ વક્તવ્યો તો સુપ્રસિદ્ધ છે, પરંતુ આ ત્રણ ઉપરાંત પણ ભગવાનનાં અનેક વક્તવ્યો છે જ!

ગોપબાળકો અને ગોપીઓ સાથેના સંવાદો, નંદબાબા અને યશોદામા સાથેના સંવાદો, યુધિષ્ઠિર અને દ્રૌપદી સાથેના સંવાદો, કુંતાજી, અર્જુન અને ઉદ્ધવજી સાથે સંવાદોમાં ભગવાન શ્રીકૃષ્ણની વાક્છટા અભિવ્યક્ત થાય છે. શ્રીકૃષ્ણની વાક્છટા જોઈને સ્પષ્ટતઃ લાગે છે કે તેઓ એક અપ્રતિમ વક્તા છે!

આ બધું છતાં શ્રીકૃષ્ણનું વક્તૃત્વનું ચરમ સ્વરૂપ તો એક અન્ય પ્રસંગે જ અભિવ્યક્ત થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ શાંતદૂત બનીને હસ્તિનાપુર જાય છે. તે વખતે કૌરવોની રાજસભામાં ભગવાન જે વક્તવ્ય આપે છે, તેમાં ભગવાનનું જ વક્તૃત્વ, જે વાક્છટા અભિવ્યક્ત થાય છે, તે અપ્રતિમ છે. હજારો વર્ષ પછી પણ આ વક્તવ્ય વિદ્વાનોમાં અનવરત આદરપાત્ર અને પ્રશંસનીય બની રહ્યું છે.

કેમ ન હોય?

ભગવાન શ્રીકૃષ્ણ એક મહાન વક્તા પણ છે જ!

(જુઓ પાનું ૬) ▸▸



## આજે આટલું જ

# દિવાળી બેન ૨૦૭૯



શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

ચોંકતા નહીં. આજે તો ઘેલા થઇ જવાય એવા ઉત્સવનો દિવસ છે. હું વાત કરું છું વિક્રમ સંવત ૨૦૭૯ની... અને દિવાળીબેન ભીલ યાદ આવી ગયા, તે આજના વાતચીતના દૌરને શિર્ષકસ્થ કરી નાંખ્યોઃ દિવાળીબેન ૨૦૭૯.

શુભેચ્છાઓનો રાફડો ફાટતો હોય છે આ દિવસોમાં ફોન પર. ઉપદ્રવી જમાત કોઇક ને કોઇક કશાકની રાહ જોતી હોય છે, ફોન પર Messages નો ઉત્પાત મચાવવા, અને પાછા કેટલાક અતિ ઉત્સાહી ઉપદ્રવીઓ તો વાક્ બારસ, ધનતેરસ એમ આ બધા સપરમાં દહાડાના અતિ અંગત સ્નેહી બનીને એમને Indivdually પણ Promate કરતા હોય છે. કશેક ૫૦૦-૭૦૦ની વધુમાં વધુ વસ્તી હોય એવા કોઇક ગામડામાં બધાથી દૂર ભાગી જવાનું મન થાય. પણ ત્યાંય Data તો મોજુદ જ હોય ને ! તમારામાં હામ થોડા દિવસ પૂરતી Data Whatsap Messages બંધ કરી માત્ર અતિ અગત્યના ફોન પૂરતો જ ફોન વાપરવાની તો હજી બે-ત્રણ દિવસ છે. અજમાવી જુઓ સ્વર્ગના આંટાનો સુખદ અનુભવ.

ઉત્સવો ભોળી પ્રજાનું ધ્યાન બીજે વાળવાનો અતિ સચોટ, કારગત, કૌશલ્યસભર કીમિયો છે. હજી ય તમે જોશો તો ફતેહમંદો તો સિંગલ મોલ્ટ મોંઘાદાટ બાટલા લઇને બહારગામ જ નીકળી જાય છે. દિવાળીના બે-ત્રણ- ચાર દિવસ રસ્તા પર ફૂલોનો ઢગલો લઇ હારનું વણાટકામ કરતા અકિંચનો જ આખા દિવસની મજૂરી અને હડધૂતનો સામનો કરીને રાતે Retail Store માંથી મોંઘાદાટ થઇ ગયેલા ટેટા-ટીકડી તારામંડળનો પાંચેક મિનિટનો વિલાસ પ્રદર્શિત કરીને પછી આવનારી ઠંડીના સ્વાગતમાં નાકમાંથી નદી વહાવતા એમના સંતાનોનાં ચહેરાને લોઇ આંખમાં કાજળ આંજતા હોય છે. ચૂલો પેટાવ્યો હોય ફૂટપાથ પર જ અને મા જે 6mm Thicknessનો રોટલો ઘડતી હોય એના દર્શન કરો તો તમને તિરુપતિ-શ્રીનાથજી-સમેત શિખરજી ગયાનું પુણ્ય ન મળે તો મને કહેજો. એમાંય જો તમારા ગજવામાંથી એકાદી કડકડતી ત્યાં ગઇ તો ચાર ધામ લખાઇ ગયા તમારા ચોપડે.

એવી ઉજવીએ દિવાળી કે પાછળથી બરાબર અડધેથી ફાટી ગયેલા પહેરણની પણ દિવાળી ઉજવાય. બે હાર ખરીદીએ અને ચાર હારના પૈસા આપીએ અને આગળ જઈ બે જૂનાં હાર નવા હાર વેચનારને પાછા આપીએ અને બે હારનાં પૈસા આપીએ. પોરબંદરના વાણિયાને વર્ષોથી આપણે વટાવ્યા કર્યો છે આપણી અંગત લોલુપતા પોષવા. પણ ફાટેલા કમખાના દર્શન કરીને મોઢ વાણિયાએ કાયમ માટે વસ્ત્રત્યાગ કર્યો હતો એનું અતિ સૂક્ષ્મ અનુસરણ એટલે હારની આવી અદલાબદલી.

સાઉથ મુંબઈમાં ૧૫-૨૦ કરોડથી માંડીને બોરીવલીના ૩ કરોડ સુધીના ફલેટમાં રહેનારા અંદરોઅંદર જ મીઠાઈથી લઈને ઝવેરાત સુધીના વિનિમય આદરે છે. મેં અંગત રીતે ખારમાં રહીને નવો શિરસ્તો શરૂ કર્યો છે. જેમના પણ પેકેટ્સ મારા ઘરે પધારે એ બધાના અંગત નામે હું કોઈક અનાથાશ્રમમાં જઈને Donation Receipt લઈ આવું દિવાળીની સવારે... રજિસ્ટર્ડ ચેરિટેબલ ઈન્સ્ટિટયૂટ દ્વારા સંચાલિત Orphanage Home ની receipt અને એ receipt જેમણે જેમણે મને gift મોકલી હોય એમનાં અંગત નામની. કારણકે મને જેમણે gift મોકલી છે એ મારાથી તો સધ્ધર જ છે, એટલે એમને gift ની તો જરૂર જ નથી તો એમના નામે પૈસા હું ભરું તો એમને આવી return gift મેળવ્યાનો, આવી receipt મેળવ્યાનો આનંદ આવે કે નહીં.

મુખ્ય વાત શું છે, ખબર છે? લગભગ તો કોઈ પણ દેશની કોઈ પણ સરકાર પાસે ગરીબી અને અછત એ બે મહારોગને દૂર કરવાનો કોઈ સચોટ ઈલાજ જ નથી એ હદે આખી વ્યવસ્થા પડી ભાંગી છે. એટલે 'આપણા ઘડવૈયા, બાંધવ આપણે' (પ્રહ્લાદ પારેખ) બનવું જ પડશે. ૭૧ના યુદ્ધ વખતે રાત્રિ-જાગરણ દ્વારા આપણે આપણું રક્ષણ કરતા હતા ને વારાફરતી... એમ.... આજે આટલું જ. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| કાવેરી નદી | અરુણાચલ પ્રદેશ |
| મહાનદી | મહારાષ્ટ્ર |
| ગોદાવરી નદી | છત્તીસગઢ |
| બ્રહ્મપુત્રા નદી | મધ્ય પ્રદેશ |
| ચંબલ નદી | કર્ણાટક |

## ઓળખાણ પડી?

ભારતમાં તેમજ કેટલાક એશિયાઈ દેશોમાં જોવા મળતા મોનેસ્ટરી - મઠ કયા ધર્મ સાથે સંકળાયેલા છે એની ઓળખાણ પડી? તિબેટમાં સારી સંખ્યામાં મઠ જોવા મળે છે.



અ) જૈન  બ) હિન્દુ  ક) બૌદ્ધ  ડ) બહાઈ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચો | ળા | ૨ ફ | ળી | ■ | ૩ ફૂ | ૪ લ | વ | ૫ ડી | ■ |
| ક | ■ | ળ | ■ | ૬ ઘુ | વ | ડ | ■ | ૭ ન | ૮ મો |
| ■ | ૯ સ | ■ | ૧૦ સુ | ઘ | ડ | ■ | ૧૧ વ | ર | હ |
| ૧૨ રં | જ | ૧૩ ન | ■ | રા | ■ | ૧૪ સા | ગ | ■ | ન |
| ૧૫ ગો | દા | વ | રી | ■ | ૧૬ દી | વ | ડા | ■ | થા |
| ળી | ■ | રો | ■ | ૧૭ મેં | ■ | ધા | ■ | ૧૮ વા | ળ |
| ■ | ૧૯ હા | ■ | ■ | ૨૦ દા | ૨૧ મ | ન | ■ | ચા | ■ |
| ૨૨ તો | ■ | ૨૩ જી | રા | પુ | રી | ■ | ૨૪ જી | ■ | ૨૫ પેં |
| ૨૬ ર | ણ | ■ | ■ | રી | ■ | ૨૭ મા | ■ | ૨૮ વ | ડા |
| ણ | ■ | ૨૯ લા | ડુ | ■ | ૩૦ મા | લ | પૂ | ડો | ■ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | | ■ | ૮ | ■ | ■ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | | | ■ | |
| ■ | ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | | | ■ |
| ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | | ■ | ■ | ૨૬ | |
| ૨૭ | | ૨૮ | ■ | | ■ | ૨૯ | ૩૦ | | |
| | ■ | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | | ■ | |
| ■ | ૩૪ | | | | ■ | ૩૫ | | | ■ |

### આડી ચાવી

૧. દિવાળીના દિવસે વેપારીઓ કરે (૬)
૫. સાથિયો (૩)
૭. જ્યાંથી વસ્તુ ખરીદી શકાય (૩)
૯. --- તરીકે એટલે ઉદાહરણ રૂપે (૩)
૧૧. અહંકારી, ગૌરવયુક્ત (૨)
૧૨. મગ્ન, લીન (૨)
૧૪. જે મૂર્તિની પૂજા ન થતી હોય (૩)
૧૫. -- એક જ દે ચિનગારી (૪)
૧૭. માતા (૩)
૧૯. સાથે (૨)
૨૦. ઉત્સાહ, જોશ (૩)
૨૨. બૂમ (૨)
૨૪. રક્ષણ કરનાર (૩)
૨૬. 'સ્વ' પોતે (૨)
૨૭. બચાવેલી રકમ (૩)
૨૯. વિચાર કરનાર (૪)
૩૧. જ્વાળામુખીમાંથી નીકળે (૨)
૩૩. એક સામયિક (૩)
૩૪. વિઘ્ન (૪)
૩૫. ઇચ્છા (૩)

### ઊભી ચાવી

૧. ચોટવાળું (૪)
૨. ઘોડાની આંખે બાંધે (૩)
૩. આરાધના, ઉપાસના (૨)
૪. એક જંગલી પ્રાણી (૩)
૬. ઇચ્છવા યોગ્ય, સુંદર (૪)
૮. આસો વદ તેરસને દિવસે થાય (૫)
૧૦. ખલાસ, સમાપ્ત (૩)
૧૩. મનનું હરણ કરનાર (૪)
૧૬. હસવું તે, હાસ્ય (૨)
૧૮. સમાનતા (૪)
૨૦. કુંભારનો ચાકડો (૪)
૨૧. લેખક પોતાની વાત કહે (૪)
૨૩. વલંદો, હોલેન્ડનો વતની (૨)
૨૫. ભૂલ, ખામી (૨)
૨૬. અણી, પરોણી (૨)
૨૮. જલાશય (૩)
૨૯. પરાક્રમ, સર્વોચ્ચ આંક (૩)
૩૦. ચમ્મર, ચમરી (૩)
૩૨. વારા પછી --- (૨)

## ગુજરાત મોરી મોરી રે

કવિ કલાપી, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ અને પ્રખ્યાત ક્રિકેટરો દુલિપસિંહજી - રણજીતસિંહજી જે કૉલેજના વિદ્યાર્થી હતા એ રાજકુમાર કોલેજ કયા શહેરમાં છે?

અ) પાલનપુર  બ) રાજકોટ
ક) ભાવનગર  ડ) વડોદરા

## માતૃભાષાની મહેક

ચાર આંગળી ને અંગૂઠો મળી પાંચનો પંજો થાય. અંગૂઠા પછીની આંગળી ધમકાવવાનું કામ કરે, સૂચવવાનું કામ કરે માટે તર્જની કહેવાય. એના પછીની આંગળી મધ્યમાં છે એટલે 'મધ્યમા' તરીકે ઓળખાવી છે. ત્યારબાદ આવતી આંગળીમાં વીંટી પહેરવાની પ્રથા હોવાથી એ 'અનામિકા' કહેવાય છે. છેલ્લી ટચલી આંગળી કનિષ્ઠિકા (કનિષ્ઠ એટલે સૌથી નાનું) કહેવાય છે.

## સુડોકુ-૪૯૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૭ |
| | ૫ | ૨ | ૭ | | ૧ | ૮ | ૬ | |
| | | ૭ | ૮ | | ૩ | ૪ | | |
| ૧ | | ૮ | ૫ | | ૨ | ૯ | | ૬ |
| | | | | | | | | |
| ૯ | | ૩ | ૬ | | ૪ | ૫ | | ૧ |
| | | ૬ | ૩ | | ૮ | ૭ | | |
| | ૭ | ૪ | ૯ | | ૬ | ૩ | ૮ | |
| ૮ | | | | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૯૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૩ | ૯ | ૨ |
| ૧ | ૪ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૩ | ૮ | ૨ | ૬ | ૫ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૯ | ૩ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૪ | ૭ | ૧ | ૨ | ૯ | ૫ | ૬ | ૮ | ૩ |
| ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૬ | ૯ | ૧ | ૭ |

## ઈર્શાદ

*મંઝિલ તો ઝાંઝવાનું બીજું રૂપ છે અહીં,*
*તું એને શોધવા વધુ રસ્તા ન મોકલાવ.*
---- આદિલ મન્સૂરી

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'સખીને ઘરે ફકીર અને બખીલને ઘરે દલગીર'
કહેવતમાં બખીલ શબ્દનો અર્થ શું થાય છે એ જણાવો.

અ) શ્રીમંત  બ) ચાંડાલ  ક) કંજૂસ  ડ) દાનવીર

## માઈન્ડ ગેમ

કૃષ્ણગીતની રચનામાં ખૂટતો શબ્દ ઉમેરો:
નાગર નંદજીના લાલ, નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી ------- -------- ખોવાણી.

અ) દુવિધા  બ) ઝાંઝરી
ક) નથડી  ડ) કડલી

## ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| સ્વામી વિવેકાનંદ | રામકૃષ્ણ મિશન |
| રાજા રામમોહન રોય | બ્રહ્મો સમાજ |
| ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | વિધવા પુનર્લગ્ન કાયદો |
| મહાદેવ ગોવિંદ રાનડે | પ્રાર્થના સમાજ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | આર્ય સમાજ |

**ઓળખાણ પડી?**
જ્યોતિબા ફૂલે

**માઈન્ડ ગેમ**
મેરુ

**ગુજરાત મોરી મોરી રે**
પાલનપુર

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
અઘરું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવનણદાસ વેદ (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રદ્ધા આશર (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) ખુશરૂ કાપડિયા (૯) ભારતી બુચ (૧૦) લજિતા ખોના (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેન્દ્ર લોઢાવિયા (૧૩) વિભા મહેશ્વરી (૧૪) મીનળ કાપડિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) નિતીન બજરિયા (૧૭) હર્ષા મહેતા (૧૮) નંદકિશોર સંજાણવાળા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પુષ્પા પટેલ (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) મહેશ દોશી (૨૭) અબદુલ્લા એફ મુનીમ (૨૮) કલ્પના આશર (૨૯) રજનીકાંત પટવા (૩૦) સુનીતા પટવા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) દિલીપ પરીખ (૩૪) ભાવના કર્વે (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) સુરેખા દેસાઈ (૩૭) અરવિંદ કામદાર (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશ દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જગદીશ ઠક્કર

## જીવનનું અમૃત (પાચમા પાનાનું ચાલુ)

આ વક્તવ્ય વાણીના અધિપતિનું વક્તવ્ય છે. વાણીનાં દેવી સરસ્વતી તેમને અનુસરે છે.

૧૯. શાંતિદૂત - વિષ્ટિકાર

ભગવાન શ્રીકૃષ્ણ મહાન યોદ્ધા છે. પાંડવો પણ વીર પુરુષો છે. તેઓ કોઈ યુદ્ધથી ડરતા નથી. આમ છતાં તેઓ યુદ્ધખોર નથી. તેઓ શાંતિ ઈચ્છે છે.

તેઓ બરાબર સમજે છે કે મહાભારતનું યુદ્ધ માત્ર પાંડવો અને કૌરવો વચ્ચેનું યુદ્ધ નથી. આ યુદ્ધ સમગ્ર ભારતવર્ષનું યુદ્ધ થવાનું છે. આ યુદ્ધમાં મહાવિનાશ થશે. પાંડવો અને ભગવાન શ્રીકૃષ્ણ મહાયુદ્ધની આ વિનાશકતા અને નિરર્થકતા બરાબર સમજે છે અને તેથી શાંતિના એક છેલ્લા પ્રયત્ન માટે ભગવાન શ્રીકૃષ્ણ

શાંતિદૂત બનીને હસ્તિનાપુરમાં જાય છે.

કૌરવોની રાજસભામાં ઔપચારિક સ્વાગત પછી ભગવાન શ્રીકૃષ્ણ શાંતિના દૂત તરીકે વક્તવ્ય આપે છે.

આ મહાન વક્તવ્યમાં ભગવાન ધૃતરાષ્ટ્ર આદિ સભાજનો શું કહે છે? વિષ્ટિકાર તરીકે ભગવાન શું કહે છે? વાણીના અધિપતિના વક્તવ્યમાં શું-શું કહેવાય છે?

એકસઠ શ્લોકના આ વક્તવ્યમાં ભગવાન કહે છે–

૧. રાજન્! મારા આગમનનો હેતુ શાંતિ છે.

૨. કુરુવંશ આર્યાવર્તનો એક મહાન રાજવંશ છે. તે વંશના ગૌરવને અનુરૂપ વર્તન કરો.

૩. આજ સુધી કૌરવોએ પાંડવો અને દ્રૌપદી પ્રત્યે ઘણો અનુચિત વ્યવહાર કર્યો છે. હવે તેમ કરવું બંધ કરો.

૪. માત્ર પાંડવો અને કૌરવો માટે જ નહિ, પરંતુ સમગ્ર ભારતવર્ષ માટે આ મહાયુદ્ધનાં પરિણામો બહુ ભયંકર અને બહુ આકરાં હશે. માટે આ યુદ્ધ ટાળી શકાય તો ઉત્તમ થશે.

૫. રાજન્! યુદ્ધ અને શાંતિમાં શાંતિ જ શ્રેયસ્કર છે. શાંતિ દ્વારા રાજા અને પ્રજા સૌ સુખી થાય છે; માટે શાંતિના આ પ્રસ્તાવનો સ્વીકાર કરો.

૬. પાંડવો આપના પુત્રો છે. તેમને પોતાના પુત્રો માનીને વાત્સલ્યભાવે તેમની સંભાળ રાખો.

૭. જો પાંડવો અને કૌરવો સાથે સંપીને રહેશે તો આર્યાવર્તના કોઈ રાજા તો શું, પરંતુ દેવો પણ તમને જીતી નહિ શકે, માટે રાજન્! સુલેહ અને શાંતિના મારા પ્રસ્તાવનો સ્વીકાર કરો!

૮. પાંડવો શાંતિ ઈચ્છે છે, પરંતુ તેઓ ભયને કારણે શાંતિ ઈચ્છે છે, તેવું નથી. તેઓ નિશ્ચિતપણે શાંતિ ઈચ્છે છે, પરંતુ આવી જ પડે તો યુદ્ધ માટે પણ તૈયાર જ છે!

એકસઠ શ્લોકના આ વક્તવ્યમાં ભગવાને ઘણું કહી દીધું છે, કહેવા જેવું બધું જ કહી દીધું છે!

આવું છે, શાંતિદૂત - વિષ્ટીકાર વાણીના અધિપતિનું વક્તવ્ય!

આ બધું છતાં ભગવાનનું આ શાંતિકાર્ય દુર્યોધનની અવળચંડાઈને કારણે નિષ્ફળ રહ્યું અને યુદ્ધ આવી જ પડ્યલું, તે તો સર્વવિદિત છે જ!

૨૦. કુશળ વ્યવસ્થાપક

દ્વારિકાનગરની સ્થાપના, દ્વારિકાના રાજ્યની વ્યવસ્થા, ઇન્દ્રપ્રસ્થની સ્થાપના મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષનાં લશ્કરી આયોજન અને વ્યવસ્થા આદિ અનેક વ્યવસ્થાઓ ભગવાન શ્રીકૃષ્ણના માર્ગદર્શન પ્રમાણે થઈ છે.

ભગવાન શ્રીકૃષ્ણ એક સફળ અને કુશળ વ્યવસ્થાપક પણ છે.

ભગવાન શ્રીકૃષ્ણ ચતુર શિરોમણિ અને ચતુર સુજાણ પણ છે જ!

૨૧. આનંદપુરુષ શ્રીકૃષ્ણ

પરબ્રહ્મ પરમાત્માના પૂર્ણાવતાર હોવાથી ભગવાન શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તદનુસાર આનંદ તો તેમનું સ્વરૂપ છે. તે તો છે જ, પરંતુ તેમનાં માનવીય પાસાંનો વિચાર કરીએ તો પણ શ્રીકૃષ્ણ આનંદપુરુષ છે.

ભગવાન શ્રીકૃષ્ણ દુઃખી થયા કે વિષાદમાં સરી પડ્યા તેવી ઘટના તેમના જીવનમાં જોવા મળતી નથી.

આમ જોઈએ તો તેમના જીવનમાં એવી ઘટનાઓ અનેક બની છે કે જે વખતે સામાન્યતઃ માનવી દુઃખી-દુઃખી થઈ જાય આમ છતાં શ્રીકૃષ્ણ જેમનું નામ! તેઓ સદાસર્વદા, સર્વસંજોગોમાં આનંદપુરુષ જ રહે છે. તેમની આનંદાવસ્થા અક્ષુણ્ણ જ રહે છે.

૨૨. મહાન યોદ્ધા શ્રીકૃષ્ણ

હા, શ્રીકૃષ્ણ મહાન યોદ્ધા પણ છે જ! સૌથી પ્રથમ શ્રીકૃષ્ણ બળવાન, મહાન બળવાન છે.

શ્રીકૃષ્ણ મલ્લ છે. ચાણુર, મુષ્ટિક, શલ, તોશલ જેવા કંસના મહાબળવાન મલ્લોને ભગવાને ઘડીના છઠ્ઠા ભાગમાં મહાત કર્યા છે.

શ્રીકૃષ્ણ ધનુર્ધારી યોદ્ધા પણ છે જ. અને બ્રહ્માસ આદિ દિવ્ય અસ્ત્રોના પણ ઉત્તમ જ્ઞાતા છે.

આમ છતાં એક યોદ્ધા તરીકે તેમનું પ્રધાન સ્વરૂપ તો 'ચક્રધારી' સ્વરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણના હાથમાં ચક્ર હોય ત્યારે વિશ્વનો કોઈ યોદ્ધો તેમની સામે એક ક્ષણવાર પણ ટકી ન શકે.

ભગવાન શ્રીકૃષ્ણ માત્ર બંસીધર શ્રીકૃષ્ણ જ નથી. તેઓ ચક્રધારી શ્રીકૃષ્ણ પણ છે જ!

ભગવાન શ્રીકૃષ્ણ માત્ર યોદ્ધા જ નથી તેઓ યુદ્ધવિદ્યા વિશારદ, રક્ષાવિશેષજ્ઞ અને રણચતુર છે.

લશ્કરી શક્તિની દૃષ્ટિએ જોઈએ તો કૌરવપક્ષનું લશ્કરી સામર્થ્ય વધુ છે. પિતામહ, ભીષ્મ, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, કર્ણ, શલ્ય આદિ મહાન યોદ્ધાઓ કૌરવપક્ષે છે. સૈનિકોની સંખ્યા, યુદ્ધ સરંજામ, રથ, હાથી, ઘોડા આદિ પણ કૌરવો પાસે અધિક છે. આમ છતાં પાંડવોનો વિજય થયો! કઈ શક્તિ થકી? પાંડવપક્ષની આ શક્તિ છે - શ્રીકૃષ્ણ!

ભગવાન શ્રીકૃષ્ણે શસ્ત્રો તો ધારણ કર્યાં નથી; તોપણ તેમની રણચાતુરી થકી પાંડવોને સતત તેમનું માર્ગદર્શન મળતું રહ્યું છે અને તેમના માર્ગદર્શન પ્રમાણે યુદ્ધ કરીને પાંડવોએ કૌરવો પર વિજય પ્રાપ્ત કર્યો છે. (ક્રમશઃ) ■

## વિશેષ (પાચમા પાનાનું ચાલુ)

છે - સદા કાળ માટે છે. લાભ-ગેરલાભનું પરિમાણ તો કામના ગ્રસ્ત સમુદાયમાં જોવા મળે. અપ્રમાણસર કે અનીતિમય કે અશાસ્ત્રીય કે અનિચ્છનીય લાભ મેળવવાની કામના રાખનારને લોભી કહેવાય. આ અશુભતા છે.

લાભને વ્યાખ્યાયિત કરવાની જરૂર છે. શેનો લાભ, કોની માટે લાભ, કયા હેતુ માટે લાભ, શેના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થતો લાભ - આ અને આવી બાબતો થોડી ઊંડાણમાં સમજવાની જરૂર છે. જો લાભ માત્ર ધન માટે જ વપરાતો શબ્દ હોય તો સમજમાં ક્યાંક ઊણપ છે એમ કહી શકાય. લાભમાં માત્ર સંપત્તિ પ્રાપ્તિની ગણતરી ન થવી જોઈએ. લાભ ઘણા પ્રકારના હોઈ શકે. જેમકે, જીવનમાં સદ્‌ગુરુની પ્રાપ્તિ એ બહુ મોટો લાભ ગણાય.

લાભદાયી સ્થિતિ હોય ત્યારે સાત્ત્વિક પ્રવૃત્તિની વ્યક્તિ આધ્યાત્મકતા તરફ વળે, રાજસી પ્રકૃતિની વ્યક્તિ સંપત્તિ પાછળ દોડે અને તામસી પ્રકૃતિની વ્યક્તિ ભોગવિલાસમાં ડૂબે.

અનુશાસનમાં જીવનાર દરેક વ્યક્તિ માટે પ્રત્યેક દિવસ લાભદાયી હોય છે. છતાં પણ ચોક્કસ દિવસ અને ચોક્કસ સમયનું - મુહૂર્તનું આગવું મહત્ત્વ હોય તેમ પ્રતીત થતું રહ્યું છે. વિશ્વમાં પ્રવર્તમાન હકારાત્મક સૂક્ષ્મ પરિબળો આવા સમયે સમાન સ્તરે ઊતરી આવે છે. આવી પરિસ્થિતિમાં તેમની સાથેનો વ્યવહાર - તેમની સાથેનું સમીકરણ સરળ અને ચોક્કસ બની શકે. કેટલાક બુદ્ધિજીવીઓના મતે આ એક કાલ્પનિક વાત હોઈ શકે, પણ એ વાત સમજી લેવી જોઈએ કે આ પ્રકારનું સત્ય બુદ્ધિની સમજથી પર છે.

એ પણ સમજવું જોઈએ કે જે સૃષ્ટિનું સર્જન સ્વયં ઈશ્વરે કર્યું હોય ત્યાં કશું જ અપશુકનિયાળ ન હોય. અહીં સદા સર્વત્ર શુભ મંગલ પ્રસરેલું રહે. લાભદાયી પ્રસંગો નિત નિત ઊભરતા રહે. સમજવાની વાત એ છે કે લાભ પાંચમની વિરુદ્ધમાં ક્યારેય ગેરલાભ પાંચમ નથી આવતી. અર્થાત્ નુકસાનકારક સમય અસ્તિત્વમાં જ નથી. પ્રત્યેક દિવસ લાભ પાંચમ સમાન છે અને પ્રત્યેક પળ લાભ મુહૂર્ત સમાન છે. જે વ્યક્તિ તટસ્થ છે, નિર્મોહી છે તેને માટે પ્રત્યેક પળ શુભ-લાભ છે. ઈશ્વર પરાયણ વ્યક્તિ ક્યારે અશુભતા-ગેરલાભમાં પ્રવેશી જ ન શકે. અને તેને લાભ માટે કોઈ પ્રકારનો મોહ પણ ન હોય.

મનુષ્ય તરીકે જન્મ મળ્યો તે જ એક મોટો લાભ છે. વળી, ભારતીય ઉપખંડમાં માનવ-જન્મ મળ્યેથી જે જે સંભાવના ઊભી થાય છે તે પણ એક મહાન લાભ સમાન છે. હજારો વર્ષ પુરાણી સંસ્કૃતિ અને લાંબા કાળખંડમાં સિદ્ધ થયેલી પરંપરાને કારણે અહીંની પરિસ્થિતિ એક હકારાત્મક બળ આપે છે. અહીંના વાતાવરણમાં ખુલ્લાપણું છે, જિજ્ઞાસા છે, ઉચ્ચકોટિના માર્ગદર્શન માટે વિકલ્પો છે, પોતાનો માર્ગ પસંદ કરવાની સ્વતંત્રતા છે, સદ્‌ગુરુનું સાંનિધ્ય મળી શકે તે માટે અપાર સંભાવનાઓ છે - આ જ લાભ. આનાથી મોટો લાભ કોઈ પ્રકારે, કોઈ પરિસ્થિતિમાં, કોઈ સ્થાને, કોઈ કાળખંડમાં ન સંભવી શકે. આ લાભ લઈ લેવા જેવો છે.

જીવનમાં પાંચ મહાભૂતો, પાંચ ઇન્દ્રિયો, પાંચ તેના વિષયો તથા પાંચ કર્મેન્દ્રિયોનો મહત્તમ સુ-લાભ લઈ લાભ પંચમને યથાર્થ કરવાનો આ પ્રસંગ છે. ■

## ભજનનો પ્રસાદ (સાતમા પાનાનું ચાલુ)

એમને જે જ્ઞાન પ્રાપ્ત થયું, જે કંઈ જીવનરહસ્ય સમજાયું એ ભજનના માધ્યમ દ્વારા પ્રગટ થયું છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારામાં સમાવેશ કરવો પડે એવી કેટલીક ભજનરચનાઓ તો આજે પણ પરંપરામાં જીવંત છે. એનો મૂળભૂત મુદ્દો છે તત્ત્વદર્શનને સમજાવવાનો. ભારે માર્મિક રીતે વેલનાથ આ બધું સમજાવે છે. રૂપકાત્મક પરિભાષા, તત્ત્વદર્શન અને વેદઉપનિષદના આધારો એમનાં ભજનોની વિશિષ્ટતા છે. સંત વેલો અહીં યોગી વેલનાથ તરીકેની મુદ્રા પ્રગટાવે છે. એમની એક ખૂબ જ પ્રખ્યાત ભજનરચના દ્વારા એમના વ્યક્તિત્વની એ ઓળખને મેળવીએ.

બાજી કેમ આવે હાથ, બાજી કેમ આવે હાથ રે,
લાગી રે લડાયું કાયા શેરમાં જી રે
સમજે વાતું સમજાય, વેદે વાતું વદાય રે
મૂરખ નરને ક્યાં જઈને કેવું રે જી. બાજી...ટેક્..

હે વીરા સાચી વસતુ હે તારા શેરમાં રે જી,
દુનિયા અંધી મ થાવ દુનિયા ભૂલી મ જાવ રે
રો દીપક ને ઘર ઢૂંઢીએ રે જી. બાજી...૧

હે વીરા તરક્સ તીરડાં ભાથે ભર્યાં રે જી,
થોથાં કાયકું ઉડાડ થોથાં કાયકું ઉડાડ રે
મરઘો ચરે છે તારા વનમાં રે જી. બાજી...૨

હે વીરા તખત તરવેણીના તીરમાં રે જી,
ધમણ્યું ધમે છે લુહાર ધમણ્યું ધમે છે લુહાર રે,
નૂર ઝરે ધણીનાં, શૂરા પીવે રે જી. બાજી...૩

હે વીરા સાતમે શૂન મારો શ્યામ વસે જી,
કસ્તૂરી છે ઘરમાંય કસ્તૂરી છે ઘરમાંય રે,
અકળ અવિનાશીનાં રાજ છે રે જી. બાજી...૪
હે વીરા વાઘનાથ ચરણે વેલો બોલિયો રે જી,
ગુરુ દશ્યુંનો દાતાર ગુરુ મુગતિનો આધાર રે,
અધમઓધારણ ગુરુને ધારવા રે જી. બાજી...૫

વેલનાથ કહે છે કે જીવનરૂપી બાજી કેવી રીતે જીતી શકશે કાયારૂપી શહેરમાં લડાઈ-ઘમસાણ યુદ્ધ ચાલે છે. જો સમજવા ધારીએ તો રહસ્ય અવશ્ય સમજાય, કારણ કે વેદમાંથી તમામ વિગતો મળે છે, પણ મૂરખાઓને ક્યાં સમજાવવું ?

હે વીરા-ભાઈ સાચી વસ્તુ તો તારા આ કાયારૂપી શહેરમાં જ છે. આંધળા થઈને દુનિયામાં ભૂલ્યા-ભટક્યાનો કશો અર્થ નથી. દીવારૂપી જ્ઞાનદીપક પ્રગટાવીને એને ઓળખવાનો છે. હે વીરા-ભાઈ તીરકામઠારૂપી સાધના માટેની તમામ આવશ્યક વસ્તુ તો તારી પાસે જ કાયામાં જ છે. શા માટે થોથાં ઊથલાવીને રહસ્ય પામવા પ્રયત્નશીલ બને છે. મરઘારૂપી ચેતનતત્ત્વ તો તારા આ કાયારૂપીવનમાં જ ચરે છે.

તરવણી-લલાટમાં શ્વાસોચ્છ્‌વાસરૂપી ધ્યાન લગાવીને ધમણથી પ્રાણાયમથી કોઈ શૂરવીર-અટલ પુરુષ સાધક એ અમરસ્થાન, ઝરણાનું ભજન કરી શક્વા સમર્થ બને છે. હે વીરા સાતમે શિખરે બ્રહ્મરંધ્રમાં અવિનાશીનો નિવાસ છે ત્યાં સુધી સાધના દ્વારા પહોંચવાનું છે. એ જ તો કસ્તૂરી છે. કાયાફળ ઘરમાં જ છે. ગુરુ વાઘનાથની દયાથી વેલનાથ કહે છે કે આ બધું ગુરુકૃપાથી જ શક્ય બન્યું છે. ગુરુ જ મુક્તિ માટેનો આધાર છે. અધમ અવસ્થામાંથી ઉગારનારા આવા સમર્થ ગુરુને અવશ્ય ધારણ કરવા.

વેલનાથે અહીં ગુરુમહિમાની અને ષટ્‌ચક્રભેદનની ક્રિયાનો નિર્દેશ કરીને એની સાધનાધારા સમજાવી છે. વેલાબાવાની વાણીમાંથી આમ યોગ-સાધનાનું રહસ્ય અને માર્ગરેખાબિંદુઓ પ્રાપ્ત થાય છે એના વ્યક્તિત્વની પરિચાયક છે. સંતવાણીમાંથી પ્રાપ્ત યોગ-સાધનાના રહસ્યની મીમાંસા આપણી વેદવાણી સાથેનો સંબંધ સ્થાપી આપનારી છે. વેદવાણીનું તેજસ્વી અનુસંધાન સંતવાણી છે એ હકીકતના આધારરૂપ આવાં અનેક ભજનો મળે છે. ■

## અલખનો ઓટલો (આઠમા પાનાનું ચાલુ)

*ગરવે હૂકાળ્યું મચાવે, ગરવે હૂકાળ્યું મચાવે રે,*
*તેર તેર મણના તીરડાં ચાલશે રે જી...*
*એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...*
*મણ ત્રીશની કમાનું, મણ ત્રીશની કમાનું રે,*
*એવા એવા જોધા દળમાં જાગશે રે જી...*
*ગઢ રે ગરવેથી ગેબી જાગશે રે જી,*
*એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...*
*ગઢ ઢેલડીએ મેલાણ, ગઢ ઢેલડીએ મેલાણ,*
*જો જો રે તમાશા રવિ ગતે રે જી,*
*જાણે નવ નવ હત્થા જોધ, જાણે નવ નવ હથ્થા જોધ,*
*તખત તરવેણીના તીરમાં રે જી...*
*એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...*
*ધમણ્યું ધમે છે લુહાર, ધમણ્યું ધમે છે લુહાર, અવિચળ*
*અવિનાશી એનાં રાજ છે રે જી,*
*આવ્યા કળજુગને તમે ઓળખો હો જી...*
*એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...*
*જુગ તો પંચોરો આવે, જુગ તો પંચોરો આવે રે,*
*જુગના જીવન તમે જાગજો રે જી*
*વેલાના ચરણે રામો બોલિયા રે જી, ગુરુ મારો દશ્યુંનો દાતાર,*
*ગુરુ મુગતિનો આધાર...*
*એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી... (રામૈયો)*

અનેક સંતકવિઓએ આ પ્રકારનું ભવિષ્યકથન કરતી આગમવાણી વ્યક્ત કરી છે.

શું થવાનું છે ભવિષ્યમાં? અતિ ભયંકર કળિયુગ આવશે, ધરતી ઉપર પ્રચંડ વાવાઝોડાં ફૂંકાશે, નદીઓમાં પાણી નહીં હોય, લોકોની લક્ષ્મી લૂંટાશે, એની રાવ ફરિયાદ કોઈ નહીં સાંભળે, કેટલાક માનવોનો સંહાર થશે, કેટલાક રોગના ઉપદ્રવથી મરશે, અનાજના દાણા ગણીને વેચાશે, પડીકે પાણી વેચાશે અને અંતે કળિયુગ ઉથાપી સતજુગ થાપવા ઓતર દિશાથી સાયબો નકળંગી ધણી આવશે. આવાં સતવચનો ભાખ્યાં છે એ ક્યારેય જૂઠાં નહીં પડે. માટે જ જેમનો આજે ૧૦૨મો જન્મ દિવસ છે, એવા આપણા મરમી કવિશ્રી મકરન્દભાઈએ ગાયું છે -

*ખૂલ્લા મેદાનમાં ખેલો, બજરંગ હવે, ખુલ્લા મેદાનમાં ખેલો...*
*ગામ ગામ રાવણનાં થાણાં જામ્યાં છે ને, જામ્યો વેતાળનો જમેલો,*
*હાંક પાડીને હવે ઊઠો હનુમાન, આવી જુલમી જમાત હડસેલો...*
*રાંકડી પ્રજાને પાવ દૈવતનો પ્યાલો, જે રામજીના પ્રેમથી ભરેલો,*
*સાફ કરો સેતાની દોર ને દમામ સાવ, સત્તાના રોગથી સડેલો...*
*આવો પ્રચંડ વીર ભાંગો ઘમંડ હવે દાગો ગઢ સોને મઢેલો,*
*છેલ્લો પુકાર સુણો, મદથી છકેલ આ હુંકારે બજરંગ રણઘેલો...*
*ખૂલ્લા મેદાનમાં ખેલો, બજરંગ હવે, ખુલ્લા મેદાનમાં ખેલો...* ■




# પહેલીવાર પોલીસને મળવાથી માર પડવાને બદલે મજા આવી



## એટીએસના પરમવીર બત્રાને પ્લાસ્ટિકની થેલીમાંથી મળ્યો એક કોયડો:૧૨૧૨

પોતે જે વાંચી રહ્યા હતા એનાથી ડૉ. સલીમ મુઝફ્ફરને આશ્ચર્ય ન થયું, કારણ કે આની આછીપાતળી જાણકારી હતી એમને, પરંતુ વિગતવાર વાંચતા આનંદ થયો. તેમના નોંધ ટપકાવતા હાથ જોશમાં આવી ગયા.

છત્રપતિ શિવાજી મહારાજના મરાઠા લશ્કરમાં ઓછામાં ઓછા તેર જાણીતા મુસ્લિમ કમાન્ડર કે સૈનિક હતા. સિદ્દી હિલાલ, દૌલત ખાન, ઇબ્રાહિમ ખાન, સિદ્દી ઇબ્રાહિમ, સિદી વાહવાહ, નૂરખાન બેગ, શમા ખાન, હુસૈન ખાન, સિદી મિસ્ત્રી, સુલ્તાન ખાન, દાઉદ ખાન અને મદારી મહેતર....શિવાજી મહારાજના લશ્કરમાં સાઠ હજાર મુસલમાન સૈનિક હતા.... શિવાજી મહારાજે સ્થાપેલા મજબૂત નૌકાદળનું સુકાન મુસલમાનોના હાથમાં હતું.... હૈદરઅલી કોહારી હતા. શિવાજી મહારાજના સૌથી વિશ્વાસુ સેનાપતિમાંના એક... નૂરખાન બેગ અંગત વિશ્વાસુ ... ઇબ્રાહિમ ખાન ગાર્ડી હતા. અહમદ શાહ સામેના પાણીપતનાં યુદ્ધમાં તોપખાનાના વડા...?

ડૉ. સલીમ અલીને થયું કે જો છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને લશ્કરમાં મુસલમાનો હોય તો એમના પુત્ર સંભાજી મહારાજના રાજમાંય એવું જ હશે? ડૉ. સલીમ મુઝફ્ફર ધીમી પણ મક્કમ ગતિએ સાચી દિશામાં આગળ વધી રહ્યા હતા.

ooooo

રાજપુરીના દરિયાકિનારે બિઅરની બોટલ માણતા-માણતા પિંટયાના દોસ્તો ઇન્સ્પેક્ટર પ્રશાંત ગોડબોલે સાથે બરાબરના ખુલ્યા હતા, ખિલ્યા હતા.

એમને બિયર ઓફર થઇ તો હસીને બાલ્યો, ''ડયૂટી પર હું ઔર વર્દી ભી પહની હૈ. ઔર બિયર કો મૈં કભી નહીં પીતા.''

બધા હસી પડયા. એક બારમું પાસ બોલ્યો, ''સ્ટ્રૉંગ મેન, સ્ટ્રૉંગ ડ્રિન્ક.''

પિંટયાના દોસ્તોએ મોબાઇલ ફોનમાં પ્રસાદ રાવને ઓળખી બતાવ્યો અને પવલાને પણ.

પ્રસાદના ફોટા સામે જોઇને એક જણ બોલ્યો, ''બહુ સ્ટાઇલબાઝ માણસ. લગભગ બે વાર. પિંટયાને મળવા આવ્યો હતો. એક વાર દૂરથી જોયો જાણે એ પિંટયાને ધમકાવતો હતો.''

પ્રસાદ વિશે આટલું જાણવા મળ્યું એ પણ ઉપયોગી હતું. પવલાનો ફોટો જોઇને એક માણસે રીતસર એની સામે હાથ જોડયો. ''આ અહીં રોકાયો હતો. ત્રણ-ચાર દિવસ અમે સાથે બેસતા હતા. પણ ક્યારેક કંઇ બોલે નહીં. આખો-આખો દિવસ દરિયામાં તરતો રહે. દૂર-દૂર જઇને પાછો આવે. મને લાગે છે કે એ રોજેરોજ ઝંઝિરા ફોર્ટ સુધી દરિયામાં આંટા ફેરા કરતો હતો.''

''અત્યારે કયાં છે એ ?''

''ખબર નહીં. મને લાગે છે કે પિંટયા પકડાઇ ગયો પછી એ દેખાયો નથી.''

''કેવો માણસ લાગ્યો?''

''એકદમ ગરીબડો લાગતો હતો. મૂંઝાયેલો હતો. કંઇ બોલતો નહોતો પણ કોઇ મોટી ભાંજગડમાં હોય એવું લાગતું હતું.''

પછી બધા બિયર અને ગોસિપિંગમાં પડી ગયા. પ્રસાદ-પવલાને ઓળખનારા બન્નેના મોબાઇલ નંબર લઇને ગોડબોલે રવાના થયા. પિંટયાના દોસ્તો ખુશ થઇ ગયા.''પહેલીવાર પોલીસને મળવાથી માર પડવાને બદલે મજા આવી.''

ooo

એટીએસના પરમવીર બત્રાને દોડધામ વચ્ચે ઑફિસના ખૂણામાં પડેલી પ્લાસ્ટિકની થેલી દેખાઇ. તેમને યાદ આવ્યું કે આ થેલી તો ''પ્રોડયુસર મનમોહન'' ભોઇધર ગામના કબ્રસ્તાનમાંથી લાવ્યો હતો. બાદશાહે તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ'ની કબર પર ચડાવેલી સામગ્રી હતી.

આ મામલે વધુ વિચારાયું નહીં એના રંજ સાથે બત્રાએ થેલી પોતાના ટેબલ પર ઠાલવીને ખાલી કરી. અત્તરની બાટલી અને અગરબત્તીનું બોકસ ધ્યાનથી જોયું. ગુલાબની સુકાયેલી પત્તીઓ પણ જોઇ. પછી ગુલાબ જે પડીકામાં વીંટીને લાવ્યો હતો. એ અખબાર પણ જોયું. પહેલી નજરે છાપામાં ખાસ કંઇ જોવા જેવું ન લાગ્યું, પરંતુ જયાં જયાં એક બે કે ૧૨નો આંકડો હતો ત્યાં પેન્સિલથી ઝાંખા ઝાંખા કુંડાળા કરાયા હોય એવું લાગ્યું.

બત્રાએ બિલોરી કાચ કાઢીને ધ્યાનપૂર્વક જોયું તો એ સાચું નીકળ્યું. પેપરમાં આ આંકડા થકી બાદશાહ કોઇને કંઇ મેસેજ આપવા માગતો હતો? કે પછી આ કોઇ બાળકે કરેલો ટાઇમપાસ હતો? જો કોઇ કોડવર્ડ હોય તો એ શું હશે? કોના માટે હશે?

ત્યાં જ બત્રા પર ફોન આવ્યો. ''સર, ભોઇધરના કબ્રસ્તાનમાં એક માણસ ઘુસ્યો હતો. એણે કબ્રસ્તાનની એક કબર પાસે માથું ઝુકાવ્યું. પછી આસપાસ કંઇ શોધતો હોય એમ જોયું. અચાનક મારા મોબાઇલ ફોનની રિંગ વાગતા એ એકદમ ભાગી ગયો.''

''ઓહ.... ચેક કરી એ કબર?''

''હા, સર. કોઇ તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ'ની કબર હતી એ!''

દિલ્હીના મુખ્ય પ્રધાન સુંદરલાલ વર્માને જાણીતા પત્રકાર પણ મૂળમાં પાવર બ્રોકર એવા આદિત્ય સકલેચાએ મેસેજ મોકલ્યો. 'વેરી અર્જન્ટ. જેટલું મોડું કરશો એટલું આપનું નુકસાન વધશે?'

સકલેચા હવે નામ માત્રનો પત્રકાર હતો. કહો તો પત્રકારત્વ એનું અતીત હતું. હજી ક્યારેક અમુક અખબારમાં છૂટાછવાયા લેખ છપાતા એના નામ સાથે. દિલ્હી પ્રેસ કલબની ગોસિપબાજી મુજબ એ લેખ પણ ઘોસ્ટ રાઇટિંગની પેદાશ હતી, પરંતુ દેશના દરેક રાજકીય પક્ષોમાં એના દોસ્તો હતા. 'દુશ્મન' શબ્દથી જ એને નફરત હતી. એનો સિદ્ધાંત હતો 'જીવતા રહો, ખુશ રહો અને કમાતા રહો.''

દિલ્હીમાં બહુ ઓછા મોટા માથા આદિત્ય સકલેચાના ફોન કે સંદેશાની અવગણના કરતા હતા. સુંદરલાલ વર્માએ પણ સામે મેસેજ મૂકયો: 'કયાં? કયારે?'

તરત જવાબમાં એક લોકેશનની લિન્ક આવી. સાથે શોર્ટ એન્ડ સ્વીટ મેસેજ: 'બને એટલું જલદી' વર્માએ ડ્રાઇવરને આદેશ આપ્યો. ''જોર બાગ લે લો.''

ડ્રાઇવરને આઘાત લાગ્યો કે ક્યાં જવાનું હતું અને હવે સાવી ઊંધી દિશામાં વળવાનો આદેશ? જોર બાગ એટલે ધનવાનનો વિસ્તાર. પ્રજાના પ્રતિનિધિઓ, માજી પ્રધાનો, કાનૂની નિષ્ણાતો અને નામવંતોનો મોંઘોદાટ એરિયા.

આ પોશ એરિયાની લકઝુરિયસ કલબમાં મુખ્ય પ્રધાન સુંદરલાલ વર્માના હોશ ઊડી જવાના હતા.

ooo

કરણ રસ્તોગીની આક્રમક માર્કેટિંગની જાહેરખબર બાદ દીપક-રોમાને કિરણનો ચહેરો જોવામાં અને એના પ્રતિભાવ જાણવામાં રસ હતો. ઇંતેઝારી હતી, પરંતુ કિરણ તો જાણે કંઇ ન બન્યું હોય એમ ઑફિસમાં સહજભાવે આવી મોટાભાગનો સમય મોહનકાકુ સાથે રહી. વચ્ચે બન્ને બે કલાક કયાંક જઇ આવ્યા. ત્યાંથી કિરણે વ્હોટસએપમાં રાજાબાબુ મહાજનને ચાર-પાંચ ઇમેલ મોકલાવી સામેથી મંજૂરી રૂપે બે-ત્રણ સ્માઇલી આવી.

કિરણે કોઇને ફોન કર્યો. ''સતત ત્રણ દિવસ. ફિક્સ પેજ, ફિક્સ પ્લેસ, ભાવતાલ બરાબર ખેંચીને મને ફાઇનલ જણાવો.''

આ બધુ વટથી કરતી કિરણને મોહનકાકુ અહોભાવથી જોઇ રહ્યા. પણ કિરણે વારાફરતી વિકાસને અને ગૌરવ ભાટિયાને ફોન કર્યો, વાત એક જ ''પ્લીઝ, મને અપડેટ્સ આપો.''

મોહનકાકુને થયું કે છોકરી બિન-અનુભવી હશે પણ જરાય કાચીપોચી નથી.

ooo

બીજા દિવસે મહાજન પરિવાર બ્રેકફાસ્ટ ટેબલ પર હતો ત્યાં દીપક ધૂંઆંપૂંઆં થતો આવ્યો. ટેબલ પર છાપાં પછાડીને એ બોલ્યો,''મહાજન મસાલામાં થઇ શું રહ્યું છે? આજે મોટા ભાગનાં છાપામાં પહેલે પાને આવેલી પા પાનાની જાહેરખબરનો અર્થ શું છે? કોણે મંજૂર કર્યું આ કેમ્પેઇન.''

કિરણ ચામાં સાકર ભેળવતા માથું નીચે રાખીને જ બોલી, ''આ કેમ્પેઇન મારું બ્રેઇનચાઇલ્ડ છે. એને પપ્પાએ મંજૂરી આપી છે.''

થોડા ઢીલા પડેલા અવાજે દીપક બોલ્યો, પણ આ જાહેરખબરથી સાબિત શું થાય છે? કે બીજાને ફાયદો શું?

કિરણે ચાનો કપ ઉપાડીને બોલી, ''એના ફાયદા કે નુકસાન માટે હું જવાબદાર છું.''

રોમાએ પેપરમાંથી માથું ઊંચક્યું. ''પહેલે પાને છ કવાર્ટર પેજમાં લાલચોળ બેકગ્રાઉન્ડ એની બોર્ડર પર અંગ્રેજી આલ્ફાબેટ સી સી, સી લખેલું છે. નીચે નાના અક્ષરમાં વંચાય છે મહાજન મસાલા, આપનો આજીવન સ્વાદિષ્ટ સાથી. આમાં શું સમજવું? સી એટલે કેપ્સીકમ ?''

''જેને જે સમજવું હોય એ સમજે. ન સમજાય એ આગલા દિવસના અખબારની રાહ જુએ.''

''તો કેટલા દિવસ આ જાહેરખબર આવવાની છે?''

''એ જાણવા તો રોજેરોજ પેપર જોવા પડશે.''

રાજાબાબુ મનોમન મલકાતા હતા. માલતીને આશ્ચર્ય થયું કે કિરણ આટલું બધું બોલી શકે છે, કરી શકે છે. મમતાને થયું કે ભાભીને ભેટી પડું. વ્હૉટ એ લેડી.

કિરણે બ્રેડ ટોસ્ટ પર બટર લગાડતા રાજાબાબુ સામે જોયું. ''પપ્પા તમને ખબર છે કે ઘણા ઑફિસમાં મને કેપ્સિકમ ગણાવે છે. હા. હું કેપ્સિકમ જેવી જ હતી પણ હવે બધાને ખબર પડશે કે કેપ્સિકમની અંદર શું હતું? એટલે પપ્પા, મોહનકાકુને કહીને ઑફિસમાં થોડા વધારે ટીસ્યુ પેપર મગાવી લીધા છે. લોકોને પરસેવો અને આંસુ લૂંછવા માટે જરૂર પડશે. (ક્રમશ)■

---

મનન ચિંતન

# યથાર્થતા જ યથાર્થ છે

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

દરેક બાબત એક સંદર્ભમાં કહેવાય હોય છે. તેની પાછળ ચોક્કસ ઉદ્દેશ્ય હોય છે, તે ચોક્કસ સંજોગોમાં ચોક્કસ વ્યક્તિ-સમૂહ માટે કહેવાયેલી હોય છે અને તેનાથી ચોક્કસ પ્રકારનો પ્રતિભાવ ઉદભવે તેવી સંભાવનાઓ અપેક્ષિત હોય છે. જો ઉદ્દેશ્ય, સંજોગો, વ્યક્તિ સમૂહ કે અપેક્ષાઓ બદલાય તો કહેવાયેલી બાબતની મુલવણી ન થઈ શકે.

શ્રીકૃષ્ણએ ભગવદ્ ગીતામાં અર્જુનને જે વાત કહી તે વાત ઉદ્ધવ ગીતામાં ઉદ્ધવજીને નથી કીધી. આ બંને ગીતા શ્રીકૃષ્ણ દ્વારા જ કહેવાયેલી હોવા છતાં આ ભેદ યથાર્થ છે. બંને પાછળનો ઉદ્દેશ જુદો હતો. જે વ્યક્તિને સંબોધીને તે કહેવાય છે તે વ્યક્તિની સાંભળતી વખતે ભૂમિકા અન્ય વ્યક્તિની ભૂમિકા કરતાં સાવ ભિન્ન નથી. જે સંજોગોમાં તે કહેવાઈ હતી તે સંજોગોમાં પણ કોઈ સામ્યતા ન હતી. આ બંને ગીતાનું પરિણામ શ્રીકૃષ્ણએ જે કલ્પ્યું હશે તે પણ સાવ ભિન્ન હશે. ભગવદ્ ગીતા સમજવા માટે અર્જુનને અને અર્જુનની પરિસ્થિતિ સમજવી પડે અને ઉદ્ધવ ગીતા સમજવા માટે ઉદ્ધવજીને અને તેમની સ્થિતિ સમજવી પડે.

આમ પણ કુદરત પ્રત્યેક પરિસ્થિતિને એક અનેરી ઘટના તરીકે મૂલવે છે અને તે પ્રમાણે પ્રતિભાવો જન્માવે છે. આમાં કેટલીક વાતોનું પુનરાવર્તન થાય તો કેટલીક વાતો સદંતર બદલાઈ જાય. જે મૂળ નિયમોને આધારિત હોય તે સાતત્યતાપૂર્વક ચાલુ રહે અને જે સદંતર સ્થાનિક ઘટના હોય તેમાં મોટા ફેરફારો આવી જાય. પાણીનો પ્રવાહ આમ તો નીચેની તરફ જ હોય પણ આવા બે પ્રવાહ ક્યારેય સંપૂર્ણતામાં એક સરખા નથી હોતા. પાણીના કોઈ ચોક્કસ વહેણને યોગ્ય રીતે સમજવું હોય તો તેના મૂળભૂત એવા કાયમી સિદ્ધાંતોની સાથે જે તે સ્થાને ઉદ્ભવેલી સ્થાનિક ઘટનાઓને પણ ધ્યાનમાં રાખવી પડે. સંપૂર્ણ યથાર્થતામાં કોઈ પણ વહેણને ત્યારે જ સમજી શકાય. આધ્યાત્મના ક્ષેત્રમાં દરેક ઘટનાને આ રીતે જોવી જ રહી.

શ્રીકૃષ્ણએ અર્જુનને ભગવદ્ ગીતા કીધી અને વશિષ્ઠ ઋષિએ શ્રીરામને યોગવાશિષ્ઠ દ્વારા એવું જ કંઈક જ્ઞાન પ્રદાન કર્યું. ત્રિપુરા રહસ્યના જ્ઞાન-ખંડમાં દત્ત ગુરુએ પરશુરામને કે શિવ-સૂત્રમાં સ્વયમ મહાદેવે જગદંબાને જે કંઈ જણાવ્યું તેને પણ ભિન્નતાની દ્રષ્ટિએ જોવાને બદલે યથાર્થતાના પરિપ્રેક્ષ્યમાં જોવાની જરૂર છે. આ ચારેય જ્ઞાન આપનાર મહાનુભવો એ પોતાના શિષ્યની સ્થિતિ, તેમનું સામર્થ્ય, પાછળ રહેલ પ્રયોજન તથા જરૂરિયાતોને ધ્યાનમાં રાખી જે તે વાત કહી છે. આ બધી વાતોમાં સાતત્યતા પણ છે અને વિશેષતાઓ પણ છે. કહેવાય આ બધાં રહસ્યો સામ્યતા પણ ધરાવે છે અને અનેરા પણ છે. સનાતની આધ્યાત્મ જ્ઞાનની આ જ વિશેષતા છે -ભવ્યતા છે-યથાર્થતા છે-સત્યતા છે-અને તેથી જ તે સંપૂર્ણતા તરફનું મહત્ત્વનું પરિમાણ છે.

યથાર્થતાને સમજવા માટે અહમ્ બ્રહ્માસ્મિ સમજવું પડે. જો આપણે બ્રહ્મ સમાન હોઈએ તો કોઈ ભેદ ન હોય. એવા સંજોગોમાં 'અહમ્' અર્થાત અહંકારનું પ્રતીક પ્રશ્નો ઊભા કરે. જો અહમ્ હોય તો બ્રહ્મ ન હોય અને જ્યાં બ્રહ્મપણું હોય ત્યાં 'અહમ' ના ટકે. બ્રહ્મપણું પણ પામવા માટે સ્વયંને કોઈપણ પ્રકારના ભેદ વગર સર્વત્ર વ્યાપી, સદા કાળના, શાશ્વત અસ્તિત્વ તરીકે સમજવો પડે-જાણવો પડે-અનુભવવો પડે. આમ થયા પછી 'મારા' અને 'તારા'નો - 'હું' અને



'તું'નો ભેદ ન હોય. બધું જ એકાકાર થઈ જાય, બધું જ એકરસ થઈ જાય, બધું જ અખંડિત થઈ જાય. સમય અને સ્થળના ભેદ વગર બધું જ એકત્વને પામે. પછી તો અહમ્ અસાંદર્ભિક બની રહે. છતાં પણ અહમ્ બ્રહ્માસ્મિ વિધાન ઉપનિષદનું એક મહાવિધાન ગણાય છે, કારણ એ છે કે જે સંદર્ભમાં-જે વ્યક્તિ સમૂહ માટે-જે હેતુસર-તથા જે સ્થાન-સમયે આ વિધાન કહેવાયું છે તે સંપૂર્ણ યોગ્ય છે-તે યથાર્થ છે. આ વિધાનની પૂર્તિતા માટે જે અન્ય ત્રણ વિધાનો કહેવાયાં છે તેમાં 'તમે પણ બ્રહ્મ છો', 'જ્ઞાન બ્રહ્મ છે' અને 'આત્મા બ્રહ્મ છે' એમ પણ કહેવાયું છે.

સનાતનની આધ્યાત્મિકતાની-તત્ત્વજ્ઞાનની મહાનતા જ એ છે કે તે દરેક વ્યક્તિ માટે કંઈક પ્રસ્તુત કરે છે. આપણને તેથી જ સમૃદ્ધ ષટદર્શનના સિદ્ધાંતો સૂચવે છે. ઉપનિષદો પણ આપણી માટે એટલા જ મહત્ત્વના છે જેટલા મહત્ત્વના શિવ-સૂત્ર કે બ્રહ્મસૂત્ર છે. સનાતની આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં ગીતા પણ એક નથી. અહીં શૈવ હોય, વૈષ્ણવ હોય કે શાક્ત પરંપરા હોય - બધું જ સ્વીકૃત છે. દરેક વ્યક્તિ માટે અહીં પોતાની રુચિ અનુસાર સંભાવનાઓ છે. દરેક વ્યક્તિઓની ક્ષમતાને ધ્યાનમાં રાખી અહીં માર્ગોનું આલંકન કરાયું છે. હેતુની વિવિધતાને ધ્યાનમાં રાખી અહીં તત્ત્વજ્ઞાન પીરસાયું છે, પણ આ બધા પાછળનો મુખ્ય હેતુ તો પ્રભુની પ્રસન્નતાનો-દરેક પ્રકારના બંધનમાંથી મુક્તિનો-સાક્ષી ભાવે, નિર્લેપ પણે, સ્વસ્થતાથી જીવન જીવવાનો અને તે પ્રમાણે જીવન જીવી અન્ય માટે ઉદાહરણ સ્થાપવાનો છે.

દરેક સિદ્ધાંતનું મહત્ત્વ છે, પણ તે સિદ્ધાંત ત્યારે જ આપણી માટે ફળદાય નીવડે જ્યારે આપણે તેને તેના જે તે સંદર્ભમાં યથાર્થતાથી સમજ્યા હોઈએ. પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તેવો સિદ્ધાંત આગળ લઈ જાય અને જો સિદ્ધાંત પ્રતિકૂળ હોય તો વ્યક્તિ ક્યાંક ભટકી જાય. સિદ્ધાંતની પ્રતિકૂળતા-અનુકૂળતા યથાર્થ સ્વરૂપે સમજવા ગુરુકૃપા મહત્ત્વની છે. ગુરુ જ વાસ્તવમાં આપણી સ્થિતિને યથા સ્વરૂપે જાણી શકે છે અને તે જ દર્શાવી શકે કે કયો માર્ગ અને તે માર્ગમાં કઈ પ્રક્રિયા આપણા માટે સર્વથા યોગ્ય છે. ગુરુને આપણી મર્યાદાઓની પણ ખબર હોય છે અને તેથી જ તેમણે સૂચવેલા માર્ગને યથાર્થતામાં જાણી શ્રદ્ધા રાખી માત્ર તેમાં સંમેલિત થવાનું હોય છે. તેમણે દર્શાવેલા માર્ગ પ્રમાણે આગળ વધ્યા પછી જ યથાર્થની યથાર્થતા આપણે જાણી શકીએ. ■

---

આચમન

# થોડામાં સંતોષ બરકત આપે અહિંસા પ્રાણીમાત્રના હૃદય પર રાજ કરે

કબીર સી. લાલાણી
feedback@bombay
samachar.com

સુલતાના ચાંદબીબીના શાસનની એક કથા છે:

એક ગરીબ સ્ત્રીએ તેમના શ્રીમંત પાડોશી પર અડધો શેર દૂધ ઉછીનું લઈને પાછું નહીં આપ્યાનો આક્ષેપ કર્યો હતો.

* પહેલી નજરે આ આરોપ હાસ્યાસ્પદ લાગે, કારણ

* શ્રીમંતને ત્યાં કોઈ વાતની કમી નહોતી કે એ ગરીબને ત્યાંથી દૂધ ઉછીનું લાવે, પરંતુ

* ચાંદબીબી વ્યવહારુ અને સમજદાર શાસનકર્તા હતા. એણે સીધીસાદી કસોટી રચી.

* બંને સ્ત્રીને ચોક્કસ દિવસે દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો.

* ગોઠવણ એવી કરી કે બંનેના આવવાના માર્ગમાં કાદવ - કીચડ હોય જેથી પગ ગંદા થાય.

* દરબારના પ્રવેશદ્વાર પાસે બે બાલદી અડધી પાણીથી ભરેલી હતી, ત્યાં પગ ધોઈને દરબારમાં દાખલ થવાનું હતું.

* બંને સ્ત્રીઓ જે રીતે પગ ધોઈને અંદર આવી એનું નિરીક્ષણ કરીને સુલતાનાએ શ્રીમંત સ્ત્રીને હુકમ કર્યો:

* આ ગરીબનું દૂધ પાછું આપી દે નહીંતર ગરીબને હેરાન કરવાના અને દરબારમાં જૂઠું બોલવાના એવા બે ગુના બદલ સજા કરીશ.

- દરબારીઓને નવાઈ લાગી.

- એ જોઈને સુલતાનાએ સ્પષ્ટતા કરી:

* શ્રીમંત સ્ત્રીએ હજૂરિયા પાસે બે બાલદી વધુ પાણી માગ્યું અને એ પછી પણ એના પગ બરાબર સાફ થયા નથી. એ ચીજવસ્તુ વેડફે છે.

- જ્યારે આ ગરીબ સ્ત્રીએ મેં મુકાવેલી અડધી બાલદી પાણીમાં પગ બરાબર સાફ કર્યા એ પછી પણ બાલદીમાં થોડું પાણી છે.

- એટલે કે આ સ્ત્રી કરકસરમાં માને છે,

- થોડામાં સંતોષ માને છે એટલે

- એને ત્યાં બરકત છે.

આવો જ બોધ આપનારો એક બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે:

સંત રાબિયાએ ઊંચા દરજ્જાની અહિંસા કેળવી હતી.

* પ્રાણીમાત્ર પ્રત્યે તેમના માતૃહૃદયમાં અપાર મમતા હતી.

* પોતાનો બધો સમય તે બંદગી (ઈશ્વરના ધ્યાન)માં જ ગાળતી.

- બંદગી (પ્રાર્થના)માં ખલેલ ન પડે એ માટે તે ગાઢ જંગલમાં જઈ બેસી જતી.

* સંત હસન બસરી પણ ક્યારેક ક્યારેક જંગલમાં તેમને મળવા જતા. તેઓ પણ ઉચ્ચ દરજ્જાના સંત હતા.

- એક વખત તેઓ રાબિયાને શોધતા શોધતા જંગલમાં પહોંચ્યા.

- ત્યાં જોયું તો રાબિયા ધ્યાનસ્થ છે.

- તેમની ચારેબાજુ જંગલી પ્રાણીઓ તેમને ઘેરી, પ્રેમભાવે ઊભાં છે!

- હસનસાહેબને જોતાં જ પશુઓ ભયભીત થઈ ભાગી ગયા.

- હસન સા'બ વિચારવા લાગ્યા અરે! મારા જેવા અહિંસકથી પણ આ પ્રાણીઓ ભાગે છે!

* સંત હસને રાબિયાને પૂછ્યું, પ્રાણીઓ મને જોઈને ભાગ્યાં કેમ?

* રાબિયાએ પૂછ્યું, આજે તમે શું ખાધું છે?

* હસનસાહેબ બોલ્યા, 'ગોશ્ત' (માંસ)!

- રાબિયાએ ખડખડાટ હસતાં કહ્યું, અરે હસનસા'બ! તમે ગોશ્ત ખાવ છો તો પછી આ બિચારા પ્રાણીઓ તમારાથી ભયભીત બનીને કેમ ન ભાગે?

કબ્રસ્તાન સાથે આવેલા યમરાજને જોઈને તો ભલભલા ભડવીર પણ ભાગે, તો બિચારા પ્રાણીઓ ભાગે તેમાં તમને આશ્ચર્ય થાય છે!'

બોધ: અહિંસાના ભાવથી ભરેલું હૃદય પ્રાણીમાત્રના હૃદય પર રાજ કરે છે.

સનાતન સત્ય: એકાંતમાં કામને જીતે એ વીર છે. ■

---

ભજનનો પ્રસાદ

# ગિરનારી નાથસંતપરંપરાનો મેરુદંડ : વેલનાથ

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com

બંગાળી નાથ પરંપરાની સમાંતરે સૌરાષ્ટ્રની લોકધર્મ પરંપરામાં પણ નાથસંત પરંપરાનું પગેરું મળે છે. આમાં વેલનાથનું ચરિત્ર ભારે પ્રખ્યાત છે. વેલોબાવો, વેલો એમ નામછાપથી ઘણાં ભજનો આજે પણ જીવંત પરંપરારૂપે જળવાયેલાં છે. વેલનાથના ગુરુ તરીકે વાઘનાથનું નામ મળે છે. ગિરનારમાં ગુરુ દત્તાત્રેયની ટૂક સાથે અનેક નાથસંતો વિષયક વિગતો સંકળાયેલી છે. સૌરાષ્ટ્રની નાથસંતોની પરંપરામાં પણ બંગાળી નાથસંતોની માફક આકરી તપસ્યા, સરળ જીવન અને યોગસાધનાશક્તિ સાથે સંકળાયેલા અનેક પરચા ષ્ટિગોચર થાય છે. સંતસાહિત્યમાં આ સૌરાષ્ટ્રી નાથ-પરંપરાવિષયક બહુ અભ્યાસ થયો નથી.

વેલનાથનું ચરિત્ર પણ ભારે રસપ્રદ છે. આજે પણ તમે ગિરનાર યાત્રાએ ગયા હો અને વેલાબાવાની જગ્યાનાં દર્શન વગર પરત થાઓ તો યાત્રા અધૂરી ગણાય, એવી માન્યતા પ્રચલિત છે. કંઠસ્થ પરંપરામાં આજે પણ એમના જીવનના પરચાની વિગતો સાંભળવા મળે છે.

એક માન્યતા પ્રમાણે એક સામાન્ય શ્રમિક તરીકે જસમત પટેલના ખેતરમાં ખેતમજૂરી કરતાં કરતાં એકાંતે સાધનામાં રત રહેતા વેલાની સાધના-સિદ્ધિની જસમતને જાણ થઈ એટલે વેલો જસમતની વિદાય લઈને ગિરનારમાં નીકળી પડેલો. બનેલું એવું કે વેલો સાધનામાં રત હતો ત્યારે કોદાળી અને પાવડો વેલાની સાધનાના બળે આપમેળે ક્રિયાશીલ રહેતાં અને ખેતરનું કામ આપમેળે ચાલતું. જસમતને સમજાઈ ગયું કે આ વેલો કોઈ સામાન્ય શ્રમિક નથી પણ ભારે મરમી સંત છે. જસમતે ખોળો પાથર્યો અને સંતપુરુષ પાસે મજૂરી કરાવવા બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો. વેલો તો વિદાય જ થયો, એને થયું કે મારી સમર્થ સંત તરીકેની છબિને કારણે હવે અહીં સરળતાથી સહજતાથી રહી શકાશે નહીં અને સાધના પણ થઈ શકશે નહીં, પણ જતાં જતાં જસમતને કશુંક માગવા કહ્યું. જસમતને વેલાબાબાએ કહ્યું કે તમારો કોઈ પણ વંશજ મારા સમાધિસ્થાને ગિરનારે આવશે અને ત્યાં વીરડા પાસે શિવરાત્રિએ ભજન કરશે એટલે હું પાણીરૂપે આવીને તેમને મળીશ.

કહેવાય છે કે પછી બાર વરસ સુધી વેલાબાવાએ ગિરનારની પરિક્રમા કર્યા કરી અને માત્ર કંદમૂળ કે ફળનો જ આહાર કર્યો. અનેક ગુફાઓમાં વસતા સાધુસંતોની સેવા કરી. એમાં ગુરુ વાઘનાથનો ભેટો થઈ ગયો. તપ હતું, સાધના હતી, પણ વાઘનાથ પ્રતાપે એવું ગૂઢજ્ઞાન જીવનરહસ્ય પ્રાપ્ત થયું કે પછી વેલનાથની નામછાપથી ભજનરચનાઓ રચાવા લાગી. એમણે ત્રણસો જેટલાં ભજનો રચેલાં મનાય છે. મોટે ભાગે શિવરાત્રિના મેળામાં કોઈ રાવટી એવી નહીં હોય કે જયાં તમને વેલનાથનું ભજન સાંભળવા ન મળે. (જુઓ પાનું ૬) ▶▶



અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# સંતોની વાણીમાં ભવિષ્ય કથન- આગમવાણી

પહેલા પહેલા પવન ફરુકશે, નદીએ નહીં હોય નીર,
ઓતર દિશાથી સાયબો આવશે, મોખે હશે હનુમો વીર...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે...
- એવા દેવાયત પંડિત દાડા દાખવે...૦
પોરો આવશે રે સંતો પાપનો, ધરતી માગશે રે ભોગ,
કેટલાક ખડગે સંહારશે, કેટલાક મરશે રોગ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે...
- એવા દેવાયત પંડિત દાડા દાખવે...૦
કાંકરિયા તળાવે તંબુ તાણશે, સો સો ગાઉની સીમ,
રૂડી ને દિસે રળિયામણી, ભેળા આવશે અર્જુન ને ભીમ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે...
- એવા દેવાયત પંડિત દાડા દાખવે...૦
ધરતી માથે હેમર હાલશે, સૂના નગર મોઝાર,
લખમી લૂંટાશે લોકો તણી, નહીં કોઈ રાવ કે ફરિયાદ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે...
- એવા દેવાયત પંડિત દાડા દાખવે...૦ જતિ
રે સતી, ને સાબરમતી, તિયાં થાશે શૂરાના સંગ્રામ,
કાયમ કાળિંગાને મારશે, નકલંક ધરશે નામ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે...
- એવા દેવાયત પંડિત દાડા દાખવે...૦
૦૦૦૦૦
એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...
વાગે ત્રંબાળુ તૂર, વાગે અનહદના એ તૂર,
એવો ગરવો ધણેણી વાજાં વાગશે રે જી...
સતીયું સંદેશા તમને મોકલે હો જી, વેલા સૂતો હો તો જાગ્ય,
ઓલિયા સૂતો હો તો જાગ્ય.
એવા સૂતા સૂતા નરને જગાડજો હો જી...
એવો ગરવો ધણેણી વાજાં વાગશે હો જી...
ગરવે નેજા ઝળેળ્યા, ગરવે નેજા ઝળેળ્યા રે,
આવ્યા કળિને હવે ઓળખો હો જી...

(જુઓ પાનું ૬) ▶▶

પ્રાસંગિક

રાજેશ ચૌહાણ
feedback@bombaysamachar.com

# ભારતીય પરંપરાનું મહાપર્વ દિવાળી

*હર ઘર, હર દર, બાહર, ભીતર*
*નીચે ઉપર, હર જગહ સુઘર,*
*કૈસી ઉજિયાલી હૈ પગ-પગ,*
*જગમગ જગમગ જગમગ જગમગ.*
*છજ્જો મેં, છત મેં, આલે મેં,*
*તુલસી કે નન્હે થાલે મેં,*
*યહ કૌન રહા હૈ દગ કો ઠગ?*
*જગમગ જગમગ જગમગ જગમગ.*

*પર્વત મેં, નદિયો, નહરો મેં,*
*પ્યારી પ્યારી સી લહરો મેં,*
*તૈરતે દીપ કૈસે ભગ-ભગ!*
*જગમગ જગમગ જગમગ જગમગ.*
*રાજા અકે ઘર, કંગલે કે ઘર,*
*હૈ વહી દીપ સુંદર સુંદર!*
*દિવાલી કી શ્રી હૈ પગ-પગ, જગમગ જગમગ જગમગ જગમગ.*

**-સોહનલાલ દ્વિવેદી**

સોહનલાલ દ્વિવેદીની ઉપરોક્ત કવિતામાં દીપક પ્રત્યેની લાગણી જોવા મળે છે. એ સમયે મનુષ્યનો સૌથી મોટો શત્રુ અંધકાર હતો એ કારણ તેનું હરણ કરવાવાળો પ્રકાશ સૌથી મોટો મિત્ર હતો. રાત્રીના અંધકાર પછી ઉષાના ઉજાસને જોઇને વૈદિક કવિ તાત્કાલિક પ્રકાશની કામના કરતા કહે છે કે, ''હે સૂરજની પ્રથમ કિરણ તું અંધકારને ઋણની માફક દૂર કર.'' પ્રકાશ આપણને જોવાની શક્તિ આપે છે.

**ભારતીય પરંપરા અને શાસ્ત્રોમાં દિવાળીનું તત્ત્વદર્શન**

બૃહદ આરણ્યક ઉપનિષદમાં પણ અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જવાની કામના કરવામાં આવી છે.

*અસતો માં સદ્ગમ્ય*
*તમસો માં જ્યોતિર્ગમય*
*મૃત્યોર્મા અમૃતગમય*

ઋગ્વેદમાં ઇન્દ્ર પછી અગ્નિદેવની પ્રશંસામાં સૌથી વધુ શ્લોક મળે છે. આમ દિવાળીને એક સાધારણ પર્વ નહીં, પરંતુ રાષ્ટ્રીય અસ્મિતા અને ગૌરવનું પર્વ છે. જેમાં આપણને સંપૂર્ણ રાષ્ટ્રનું ગૌરવ તથા ગૌરવશાળી અતિતના દર્શન થાય છે.

ઓશો પણ દિવાળીના પર્વને પ્રકાશ પર્વ કહે છે. આ પ્રકાશપર્વમાં દીપક મહત્ત્વ સર્વોપરી છે. આ પ્રસંગે માટીના દીવામાં દીપ પ્રગટાવવું એ વાતનું પ્રતિક છે કે માટીના દીવામાં અમૃત જ્યોત સાચવી રખાય છે. કેમ કે માટી પૃથ્વીનું જ્યોતિ પ્રકાશનું પ્રતિક છે. દીપ જ્યાં જ્ઞાન



અને પ્રકાશનું પ્રતિક છે, ત્યાં ત્યાગ-બલિદાન, સાધના અને ઉપાસનાનું પ્રતિક છે. એટલું જ નહીં તપ અને ત્યાગ અને મહત્ત્વ પરિચાલન પણ છે. આ આપણી સંસ્કૃતિનું મંગલ પ્રતિક છે. અમાવસના ઘનઘોર અંધારાથી પ્રકાશ તરફ લઇ જવાનો માર્ગ પ્રશસ્ત કરે છે. અંધકારનો પરાજય કરી સંદેશ આપે છે કે અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર રાખી પોતાની ચેતના, પોતાની આત્મામાં પ્રકાશનું સંચાર કરી જ્ઞાન, ધર્મ અને કર્મનો પ્રકાશ ફેલાવો.

દિવાળી એ ખરા અર્થમાં આપણો સર્વોપરી મહાપર્વ છે. પુરુષાર્થ અને આત્મ-સાક્ષાત્કારના આ મહાન પર્વ પર આપણે દીપ પ્રજ્વલ્લન સાથે મહાલક્ષ્મીને આહ્‌વાન કરી 'તમસો માં જ્યોતિર્ગમયઃ' ની વૈદિક પરંપરાને ગતિમાન બનાવે છે.

**ભારતીય પરંપરા અને ધાર્મિક દ્રષ્ટિએ દિવાળીનું તત્ત્વદર્શન**

ભારતીય લોકોની સ્મૃતિઓમાં દિવાળીના દિવસે જ ભગવાન શ્રીરામ લંકા જીતીને અયોધ્યા પરત ફર્યા હતા. તેમના અયોદયા પરત પર નગરવાસીઓએ ઉજવણી કરી રાત્રે સમગ્ર નગરને દીવાઓથી શણગાર્યું હતું. અયોધ્યા પરતની ક્ષણને ચિરસ્થાયી બનાવવા માટે દર વર્ષે દિવાળી ઉજવવામાં આવે છે. આ પરંપરા રામાયણ કાળથી ચાલી આવે છે.

સમુદ્રમંથન સમયે દેવી લક્ષ્મીનો દૂધના સમુદ્ર (ક્ષીર સાગર)થી કાર્તિક મહિનાની અમાવસ્યા દિને જન્મ થયો જે જન્મદિનના ઉપલક્ષ્યમાં દિવાળી પર્વ ઉજવાય છે. ભગવાન વિષ્ણુએ રાજા બલી અને કૃષ્ણએ નરકાસુરના આતંકથી મુક્ત કર્યા. તેમજ જૈન સાહિત્યમાં મહાવીર સ્વામીના નિર્વાણ અને તેમના પ્રિય શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને જ્ઞાન-લક્ષ્મીની પ્રાપ્તિ થઇ અને તેમના નિર્વાણ દિનને દિવાળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. શીખ ગુરુ હરગોવિંદસિંહજી જહાંગીરની કેદમાંથી મુક્ત થઈ અમૃતસર પરત આવ્યા હતા. આમ બુરાઈ પર અચ્છાઈની જીતના ઉપલક્ષ્યમાં દિવાળી પર્વ ઉજવાય છે. આમ આ પર્વમાં ધર્મનું તત્ત્વદર્શન જોવા મળે છે.

**ભારતીય પરંપરાનું સાહિત્ય અને ઐતિહાસક દ્રષ્ટિએ દિવાળી**

સિંધુ સભ્યતાના ખોદકામ કરતા એક પાકી માટીના દીપક મળ્યા હતા. મોહોંજો-દડોના ભવનોમાં દીપક રાખવા હેતુ તાખ (ગોખલા) બનાવ્યા હતા જે મુખ્ય દ્વારને પ્રકાશિત કરવા માટેની હારમાળાઓ મળી હતી જેના પરથી કહી શકાય કે, આ સભ્યતાના લોકો પણ આ રીતે ઉત્સવ ઉજવતા હશે.

પ્રો. શ્રી. રામનિવાસ અગ્રવાલ પોતાના લેખમાં સાહિત્યિક મહત્ત્વ વિશે જણાવે છે કે, વાત્સ્યાયનના 'કામસૂત્ર'માં દિવાળી પર્વ અમાવસ્યનો ઉત્સવ મનાવવામાં આવે છે જેને યક્ષરાત્રીનો ઉત્સવ કહેવાય છે. બૌદ્ધ સાહિત્યમાં 'પુસ્ફરત્ત જાતક' માં આવા ઉત્સવના પ્રસંગનો ઉલ્લેખ જોવા મળે છે. ગોસ્વામી તુલસીદાસ રચિત 'ગીતાવલી'માં દિવાળીનું રોચક વર્ણન કર્યું છે.

વેદ-પુરાણોમાં દિવાળીનો ઉલ્લેખ જોવા મળે છે. ૭મી સદીમાં રાજા હર્ષવર્ધનું નાટક તમેજ ૧૦મી સદીમાં રાજશેખરનું કાવ્યમીમાંસામાં 'દીપોત્સવન'નો ઉલ્લેખ જોવા મળે છે.

દિવાળી હિંદુઓની ઉજવણી સાથે મુસ્લિમ તેમજ અન્ય ધર્મોમાં ધામધુમતી ઉજવાતો રહ્યો છે. ૧૪મી સદીમાં મહમદબિન તુઘલક, ૧૬ સદીમાં અકબર પણ દિવાળી ધામ-ધૂમથી મનાવતો. આ પ્રસંગે બાદશાહ દિવાળી દરબાર ભરતો તેમજ રામાયણ પાઠ અને શ્રી રામની અયોધ્યા વાપસીનું નાટક પણ થતું. ૧૭મી સદીમાં શાહજહાંએ દિવાળીના તહેવારની ઉજવણીની શાનો -સોકત વધારી. આ પ્રસંગે ૫૬ રાજ્યોમાંથી અલગ-અલગ મીઠાઈ મંગાવી ૫૬ થાળ (ભોગ)ની સજાવટ કરતો. તેમજ ૪૦ ફૂટ મોટા 'આકાશ દીપ' રોશન કરવાની પરંપરા હતી જે 'સૂરજક્રાંત' તરીકે ઓળખાતો. મહમદ શાહ દિવાળીના આ તહેવારને ભવ્ય રીતે ઉજવણી કરતો.

**ભારતીય પરંપરામાં દિવાળીનું પર્યાવરણીય તત્વદર્શન**

દિવાળી પ્રકાશ અને રોશનીનું પર્વ છે. પ્રાચીન સમયમાં આ દિવસે ઘરને રોશન કરવા માટે માટીના દીપ પ્રગટાવવાનો રિવાજ હતો, પરંતુ આજે તેમનું સ્થાન ચમકતી લાઈટ્સ અને ફટકડાએ લીધું. પ્રાચીન ભારતીય ઈતિહાસ અને પરંપરામાં દીપ પ્રગટાવવાનું તત્ત્વજ્ઞાન એ છે કે, પ્રદૂષિતરહિત પરંપરા અને ઉત્સવ હતો. આજે તે રસાયણશાસ્ત્રએ આતશબાજીમાં મનભાવનાના રંગો ભરી તેમાં અવાજ આપ્યો જેના કારણે ધ્વનિ પ્રદુષણ વધ્યું. દિવાળી પર કરોડો રૂપિયાના ફટાકડાનો ઉપયોગ કરી લોકો તેને વ્યર્થ ખર્ચ માને છે જ્યારે અન્ય લોકો તેને પરંપરા સાથે જોડે છે. ફટાકડાના કારણે રહેણાંક, વ્યાપારી, ઔદ્યોગિક અને ગ્રામીણ વિસ્તારોની હવામાં તાંબુ, કેલ્શિયમ, સલ્ફર, એલ્યુમિનિયમ અને બેરિયમનું પ્રદૂષણ થાય છે. તે જાણીતું છે કે વિવિધ કારણોસર દેશના ઘણા વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ સલામત મર્યાદા કરતાં વધુ છે. આવી સ્થિતિમાં ફટાકડાથી ફેલાતું પ્રદૂષણ, ભલે તે અસ્થાયી પ્રકૃતિનું હોય, તેને વધુ નુકસાનકારક બનાવે છે. ફટાકડા ફોડવાથી સ્થાનિક હવામાન પર અસર થાય છે અને નીચેના રોગો થવાની શક્યતા વધી જાય છે.

આપણી પરંપરા પર્યાવરણની પોષક રહી છે. આપણે પર્યાવરણને અનુકૂળ અને સલામત દિવાળી ઉજવવી જોઈએ. દરેક નાગરિક પોતાના સ્તરે આ કામ કરી શકે છે.

**વિદેશમાં ભારતીય પરંપરા અને મહાપર્વ દિવાળીની ઉજવણી**

વિશ્વમાં કોઈના કોઈ દેશમાં, કોઈને કોઈ જગ્યાએ ભારતીયો વસવાટ કરે છે. એ દૃષ્ટિકોણથી વિભિન્ન દેશો જેવા કે, ઇન્ડોનેશિયા, મલયેશિયા, ફિજી, કેનેડા, મોરેશિયસ, શ્રીલંકા, ચીન, દક્ષિણ અમેરિકા, ગુયાના, સુરીનામ, ત્રિનિદાદ અને ટોબેગો, નેધરલેન્ડ, કેનેડા, બ્રિટન આ ઉપરાંત જે પણ દેશમાં ભારતીય વસવાટ કરે છે ત્યાં દિવાળી ઉજવવામાં આવે છે.

આ ઉપરાંત આ દેશોમાં દિવાળી અન્ય નામે ઉજવણી કરવામાં આવે છે. નેપાળમાં 'તિહાર', બર્મામાં (મ્યાનમાર) રાષ્ટ્રીય ઉત્સવ, ઇંગ્લેન્ડમાં 'ગાર્ડ ફારસ', ફ્રાંસમાં 'ક્રાંતિ દિવસ', થાઇલેન્ડમાં 'લાભ-ક્રાયોગ', જાપાનમાં 'લાલટેન' જેવા વિભિન્ન નામોથી દિવાળી પર્વ ઉજવાય છે. ચીનમાં દિવાળીના દિવસે કાગળની માનવઆકૃતિ લગાડવામાં આવે છે. તે દેશોમાં પણ ભારતની જેમ પૂજન- વિધિ, ઘરની સાફ-સફાઈ, દીપક અને રોશની કરી હર્ષોઉલ્લાસ રીતે દિવાળી પર્વ ઉજવાય છે. ■


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૩૧૭૨)

### ૧૪. નોકરી ખાલી છે

**અંધેરીમાં**
**અપંગ માસીની સારસંભાળ અને ઘરકામમાં મદદ માટે ગુજરાતી બહેનની જરૂર છે. સંપર્કઃ 8971972599. (એસડીબી-૧૫૮૯)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા, વેચવા, ભાડેથી સંપર્કઃ- રાજેશ દડીયા 9326495003 / 9322762805. (૧૧૭૮૮-એ)

### ૨૯. મશીનરી



(G-2484-E)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીચામુંડા જ્યોતિષ**
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી સંતાન ચિંતા લવ મેરેજ પતિ દુઃખ છુટાછેડા શત્રુથી પરેશાન ફેમીલી પ્રોબ્લેમ - 9157999811 પારસ નગર જૈન દેરાસર પાસે શંકર ગલ્લી કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૩૧૯૪)**

■ ઓમસાગર જ્યોતિષ (જ્યોતિષ સમ્રાટ) તાત્કાલિક કામ, 3 પેઢીથી સ્થાયી કાર્યાલય, લવ પ્રોબ્લેમ, પ્રેમીમિલન, શત્રુનાશ, લગ્ન વિશે ચિંતા, રાજીખુશીથી છૂટાછેડા, ધંધામાં નુકસાન, જન્માક્ષર, ફોનથી કામ (ફ્રી સલાહ), (મુંબઈ, અમદાવાદ), 9712423531. (બી-૧૩૦૨૯)

**શ્રીયંત્ર**
સોનામાં - ચાંદીમાં - તાંબામાં - સિલ્વર ગોલ્ડ ફીનીશમાં ખરીદવા (કિંમત - ૧૫૦ - ૩ લાખ) નીલા જેમ્સ - ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૩૧૩૭)

■ રાજકીરો જ્યોતિષ, (વર્ષોના અનુભવી) ફોનથી કામ, લવ પ્રોબ્લેમ, પ્રેમીમિલન, જન્માક્ષર, છૂટાછેડા, પ્રેમલગ્ન, પતિ-પત્ની સંતાન કહેવામાં નથી, વ્યાપાર વૃદ્ધિ, શેરબજારમાં નફો, ધારેલા કામ (મુંબઈ, અમદાવાદ). 9998035329. (બી-૧૩૦૩૦)

### ૫૨. કુરીઅર્સ

**એસડી એક્સપ્રેસ**
**પરદેશમાં પાર્સલ - લંડન, અમેરિકા, કેનેડા દુનિયાભરમાં પહોંચાડીશું. 9702233554. (૧૩૭૭૪/એ)**

**વિદેશમાં પાર્સલ**
ઘેરબેઠા ઝડપી, બેસ્ટ રેટ સર્વિસ સસ્તામાં મેળવો. સંપર્કઃ 7039519317- દિવ્યમ દવે. (બી-૧૩૨૨૦)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૩૧૯૨-સી)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# ઈષ્ટદેવને પ્રસન્ન કરવા હોય તો આરાધનાને ઉચ્ચ સ્તરે લઈ જવી જરૂરી છે

**ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'ભગવાન શિવનું માર્ગદર્શન યોગ્ય છે, તેઓ પોતાના ભક્તોનો વધ કઈ રીતે કરી શકે તેમણે એમ જણાવ્યું કે જ્યાં સુધી એ દૈત્યો તેમની ભક્તિમાં તત્પર છે ત્યાં સુધી એ દૈત્યોનો વધ અસંભવ છે. આ દૈત્યો ભક્તિથી દૂર જઈ ધર્મથી વિમુખ બને અને સર્વથા અનાચાર પારાયણ થાય અને વૈદિક ધર્મનો નાશ થાય તો જ એ દૈત્યોનો વધ શક્ય છે.'**

(ગતાંકથી ચાલુ)

ભગવાન શિવઃ 'હે દેવગણો આ સમયે તો ત્રિપુરાધિપતિ (તારકાસુરનો પુત્ર) મહાન પુણ્ય-કાર્યમાં લાગેલા છે, હું દેવતાઓના બધા કષ્ટોને જાણું છું તેમ છતાં એ દૈત્યો બહુ પ્રબળ છે, બધા દેવતા અને બધા અસુરો મળીને પણ એમનો વધ નહીં કરી શકે. હે દેવતાઓ તમે પણ ધર્મજ્ઞ છો એટલે ધર્મદૃષ્ટિએ વિચાર કરીને તમે જ બતાવો કે જ્યારે એ દૈત્યો મારા ભક્ત હોય તો હું કઈ રીતે તેમને મારી નાખું, એટલા માટે હે દેવગણો જ્યાં સુધી તે દૈત્યો મારી ભક્તિમાં તત્પર છે ત્યાં સુધી એમનો વધ અસંભવ છે, તેમ છતાં તમે લોકો ભગવાન શ્રીહરિ વિષ્ણુના શરણે જાઓ, તેઓ જ વધુ માર્ગદર્શન આપી શકશે.'

ભગવાન શિવ દ્વારા યોગ્ય માર્ગદર્શન મળતાં દેવરાજ ઈન્દ્ર અને દેવગણો કૈલાસથી વિદાય લે છે અને તેઓ ભગવાન શ્રીહરિ વિષ્ણુનું માર્ગદર્શન લેવા ક્ષીરસાગર તરફ પ્રયાણ કરે છે.

ક્ષીરસાગર ખાતે શેષનાગ પર શ્રીહરિ વિષ્ણુ ન દેખાતાં ઇન્દ્રદેવ અને દેવગણો ફરી આકુળ-વ્યાકુળ થઈ જાય છે અને માતા લક્ષ્મીને કહે છે.

ઈન્દ્રદેવઃ 'માતા લક્ષ્મીનો જય હો, ભગવાન શ્રીહરિ વિષ્ણુ દેખાતા નથી?'

માતા લક્ષ્મીઃ 'ત્રિપુરાસુરોના પરાક્રમની ચર્ચા માટે શ્રીહરિ વિષ્ણુ બ્રહ્મલોક ગયા છે.'

દેવરાજ ઈન્દ્ર અને દેવગણો ક્ષીરસાગરથી વિદાય લે છે અને તેઓ ભગવાન શ્રીહરિ વિષ્ણુને શોધવા બ્રહ્મલોક તરફ પ્રયાણ કરે છે.

બ્રહ્મલોક પહોંચતા દેવગણો જુએ છે કે ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્મદેવ ચર્ચામાં વ્યસ્ત છે. દેવરાજ ઇન્દ્ર અને દેવગણોને જોઈ ભગવાન બ્રહ્મદેવ કહે છે.

બ્રહ્મદેવઃ 'હું અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ જરાય અચંબિત નથી કે દેવગણો અહીં શું કામ આવ્યા છે, અમને જ્ઞાત જ હતું કે તમે અહીં આવશો. ભગવાન શિવે તમને શું માર્ગદર્શન આપ્યું તે જણાવો.'

દેવરાજ ઈન્દ્રઃ 'ભગવાન શિવે માર્ગદર્શન આપતાં જણાવ્યું કે તેઓને દેવતાઓના કષ્ટોની જાણ છે, દૈત્યો બહુ પ્રબળ છે, બધા દેવતા અને બધા અસુરો મળીને પણ એમનો વધ નહીં કરી શકે. હે દેવતાઓ તમે પણ ધર્મજ્ઞ છો એટલે



ધર્મદૃષ્ટિએ વિચાર કરીને તમે જ બતાવો કે જ્યારે એ દૈત્યો મારા ભક્ત હોય તો હું કઈ રીતે તેમને મારી નાખું, એટલા માટે હે દેવગણો જ્યાં સુધી તે દૈત્યો મારી ભક્તિમાં તત્પર છે ત્યાં સુધી એમનો વધ અસંભવ છે, તેમ છતાં તમે લોકો ભગવાન શ્રીહરિ વિષ્ણુના શરણે જાઓ, તેઓ જ વધુ માર્ગદર્શન આપી શકશે.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'ભગવાન શિવનું માર્ગદર્શન યોગ્ય છે, તેઓ પોતાના ભક્તોનો વધ કઈ રીતે કરી શકે તેમણે એમ જણાવ્યું કે જ્યાં સુધી એ દૈત્યો તેમની ભક્તિમાં તત્પર છે ત્યાં સુધી એ દૈત્યોનો વધ અસંભવ છે. આ દૈત્યો ભક્તિથી દૂર જઈ ધર્મથી વિમુખ બને અને સર્વથા અનાચાર પારાયણ થાય અને વૈદિક ધર્મનો નાશ થાય તો જ એ દૈત્યોનો વધ શક્ય છે.'

દેવરાજ ઇન્દ્ર અને દેવગણો સમજી ગયા. દેવરાજ ઇન્દ્ર અને દેવગણો દ્વારા એવી વ્યવસ્થા કરવામાં આવી કે જેથી અસુરો શૈવ સનાતન ધર્મથી વિમુખ બને અને સર્વત્ર અનાચાર-દુરાચાર વ્યાપી જાય. થોડા જ સમયમાં ત્રિપુર પર અસુરો ધર્મથી વિમુખ થવા માંડયા અને વૈદિક ધર્મનો નાશ થવા માંડયો. અસુરો ઇન્દ્રિયોના વશમાં થઈ ગયા. અસુરો દુરાચારી થઈ ગયા, દેવ આરાધના, શ્રાદ્ધ, યજ્ઞ, વ્રત, તીર્થ, શિવ-વિષ્ણુ-સૂર્ય-ગણેશ આદિનું પૂજન, સ્નાન, દાન વગેરે શુભ આચરણોનો નાશ થઇ ગયો, ત્યારે માયા અને અલક્ષ્મીએ નગરમાં જઈ પહોંચ્યાં. ત્રિપુરાસુરોના તપથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી ત્યાંથી ચાલી ગઈ અને ત્યાં અધર્મનો વિસ્તાર થઇ ગયો. ત્રિપુરાસુર અને દૈત્યોએ પોતાની શક્તિના મદમાં શિવ અર્ચનનો પરિત્યાગ કરી દીધો અને ચારેબાજુ દુરાચાર ફેલાઈ ગયો. હવે યોગ્ય સમય થઈ ગયો હોવાની પ્રતીતિ થતાં બ્રહ્માજી, શ્રીહરિ વિષ્ણુ, દેવરાજ ઈન્દ્ર અને સમસ્તે દેવગણ કૈલાસ પહોંચી સમસ્ત દેવગણે જળમાં ઊભા રહીને ભગવાન શિવનું મનમાં ને મનમાં સ્મરણ કરીને તન્મય થઈ રુદ્રમંત્રનો દોઢ કરોડની સંખ્યા સુધી જપ કરી તેમની સ્તુતી કરવા લાગ્યા

હે મહેશ્વર, આપ પરમોત્કૃષ્ટ આત્મબળથી સંપન્ન છો, તમે જ સૃષ્ટિના કર્તા અને સંહર્તા રુદ્ર છો, પરબ્રહ્મસ્વરૂપ આપને અમારા નમસ્કાર છે. આપ સમસ્ત પ્રાણીઓના ભક્તોની પીડા હરનારા છો. આપ નીલકંઠ, ચિદ્‌રૂપ અને પ્રચેતા છો. આપ રુદ્રને અમારા પ્રણામ છે. હે અસુરનિકંદન તમે જ અમારી બધી આપત્તિઓનું નિવારણ કરનારા છો, માટે સદાય આપ જ અમારી ગતિ છો, આપ જ સર્વદા અમારા વંદનીય છો. આપ સૌના આદિ છો અને આપ જ સૌના અનાદિ છો, તમે જ આનંદસ્વરૂપ, અવ્યય, પ્રકૃતિ-પુરુષના પણ સાક્ષાત સ્રષ્ટા છો, આપ જ રુદ્ર થઈને જગતના કર્તા, ભર્તા ને સંહારક બનો છો. હે શિવ-શંભો ત્રિપુરવાસી દૈત્યૌએ અમને પ્રાયઃ નષ્ટ જેવા કરી દીધા છે, તેથી આપ શીઘ્ર જ એ અસુરોનો વિનાશ કરીને અમારી રક્ષા કરો, હે પ્રભો ત્રિપુરવાસી દૈત્યો ધર્મથી વિમુખ થઈ ગયા છે અને વૈદિક ધર્મનો નાશ કરી દીધો છે. તે અસુરો ઇન્દ્રિયોના વશમાં થઈ ગયા છે. અસુરો દુરાચારી થઈ ગયા, દેવ આરાધના, શ્રાદ્ધ, યજ્ઞ, વ્રત, તીર્થ, શિવ-વિષ્ણુ-સૂર્ય-ગણેશ આદિનું પૂજન, સ્નાન, દાન વગેરે શુભ આચરણોનો નાશ કરી દીધો અને અને અંતે તેઓ તમારી ભક્તિ પણ છોડી દીધી છે, તેઓ તેમની શક્તિના નશામાં ચૂર થઇ ગયા છે, એ દૈત્યોએ સંપૂર્ણ ધર્મોનો પરિત્યાગ કરી નાસ્તિ શાસ્ત્રનો આશરો લઈ લીધો છે. હે સર્વજ્ઞાતા આપ તો સદાથી દેવતાઓની રક્ષા કરતા આવ્યા છો એટલે અમે શરણાપન્ન થયા છીએ હવે સૃષ્ટિના યોગ્ય સંચાલન અને દેવતાઓની રક્ષા કાજે આપની જેવી ઈચ્છા હોય એવું કરો.

આટલી સ્તુતી કર્યા બાદ પણ ભગવાન શિવ પોતાના તપમાંથી બહાર આવ્યા નહીં. સમસ્ત દેવગણ અત્યંત વ્યાકુળ અને દુઃખી થઈ ગયા હોવાથી ભગવાન શ્રીહરિ વિષ્ણુએ કહ્યુંઃ

ભગવાન શ્રી હરિ વિષ્ણુઃ હે દેવતાગણો દુઃખી શા માટે થાઓ છો? તમારે પોતાના બધાં જ દુઃખોનો પરિત્યાગ કરી દેવો જોઈએ. દેવગણોની આરાધના નિષ્ફળ નહીં જાય, ઇષ્ટદેવને પ્રસન્ન કરવા હોય તો આરાધનાને ઉચ્ચ સ્તરે લઈ જવી જરૂરી છે. મહદ્ આરાધનામાં પહેલા મહાન કષ્ટ વેઠવું પડે છે, પછી ભક્તની દૃઢતા જોઈને ઇષ્ટદેવ અવશ્ય પ્રસન્ન થાય છે. ભગવાન શિવ તો ભોળાનાથ છે તેઓ તુરંત પ્રસન્ન થઈ જાય છે, દેવગણે તેમની આરાધના કરવી જરૂરી છે. તેથી પહેલા 'ૐ' નું ઉચ્ચારણ કરીને પછી 'નમ'નો પ્રયોગ કરવો પછી 'શિવાય' કહીને બે વાર 'શુભમ'નું ઉચ્ચારણ કરો. એ પછી બે વાર 'કુરુ'નો પ્રયોગ કરીને પછી 'શિવાય નમ' 'ૐ' જોડી દો. (આવું કરવાથી 'ૐ નમઃ શિવાય શુભં શુભં કુરુ કુરુ શિવાય નમઃ ૐ' મંત્ર બને છે.) હે દેવતાગણો તમે લોકો આ મંત્રના પુનઃ એક કરોડ જપ કરશો તો ભગવાન શિવ અવશ્ય પ્રસન્ન થશે અને તમને વરદાન આપશે.' (ક્રમશઃ)■

# ‘મુંબઈ સમાચાર’ની રંગોળી હરીફાઈને મળ્યો બહોળો પ્રતિસાદ

મુંબઈઃ દિવાળીમાં દરેક ઘરમાં અવનવી રંગોળી જોવા મળતી હોય છે. રંગોળીની ડિઝાઈન એ એક સુંદર અને સાંસ્કૃતિક ભારતીય કલા છે, જે વિવિધ તહેવારો અને ખાસ પ્રસંગો દરમિયાન ઘર અથવા ઘરના પ્રવેશદ્વારની સામે બનાવવામાં આવતી હોય છે. દિવાળી પર ઘરમાં આવનાર દરેક મહેમાનનું સૌથી પહેલું ધ્યાન રંગોળી તરફ જ જતું હોય છે. દિવાળીના દિવસોમાં ઘરમાં પ્રવેશ કરવાના સ્થળ પાસે રંગોળી બનાવવાથી દેવી લક્ષ્મી પ્રસન્ન થાય છે અને તે ઘરમાં આવે છે. રંગોળી બનાવનારા કલાકારો માટે આવું જ સ્થાન લઇને આવ્યું હતું મુંબઈ સમાચાર.

‘મુંબઈ સમાચાર’ આયોજિત બચુભાઈ શામજીભાઈ ટ્રસ્ટ (દિનેશ ઝાલા, બોરીવલી)ના સહયોગથી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોને આસાન થઇ રહે એ માટે રંગોળી સ્પર્ધામાં ભાગ લેનારાઓને કોઇ મુશ્કેલી ન પડે એ માટે રંગોળી સ્પર્ધકોને તેમની રંગોળી બનાવતો વીડિયો ઉતાર્યા બાદ રંગોળી તૈયાર થઇ જાય એવો ફોટો મુંબઈ સમાચારને તેના વ્હોટ્સઅપ નંબર પર મોકલવાનો હતો. રંગોળી સ્પર્ધાને બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. મુંબઈ જ નહીં દેશના ખૂણે ખૂણેથી રંગોળી બનાવીને સ્પર્ધકોએ તેમનું કૌશલ્યું દાખવ્યું હતું.

મુંબઈ સમાચાર દ્વારા આયોજિત રંગોળી સ્પર્ધાનો અંતિમ દિવસ ૧૨મી નવેમ્બર બપોરે ૧૨ વાગ્યા સુધી રાખવામાં આવ્યો હતો, પણ સ્પર્ધકોની રંગોળી મોડી રાતે ૯ વાગ્યા સુધી આવી હતી. મુંબઈ સમાચાર અને તેમના જજો દ્વારા તમામ સ્પર્ધકોને ન્યાય આપવામાં આવ્યો હતો. અમારા છ જજો મનીષા શેઠ, પુનીતા હીરાની, નેહા સોની, નીલમ સોની, મીરા ઝાલા અને નિધિ પંડ્યાએ મોડી રાત માનદસેવા આપીને બેસ્ટ રંગોળીને ન્યાય આપ્યો હતો. જજો દ્વારા પસંદગી પામેલા વિજેતાઓનાં નામ આ રહ્યાં.

## રોકડ વિજેતાઓનાં નામ

પ્રથમ ઈનામ : રાજેન્દ્ર ચિંદરકર
બીજું ઈનામ : ભાવના નેગાંધી
ત્રીજું ઈનામ : ધારા મહેતા
ચોથું ઈનામ : ઈશિકા નરસિંહ ગોઠી
પાંચમું ઈનામ : સંગીતા નાગર



**બેસ્ટ રંગોળીઃ** મુંબઈ સમાચારની રંગોળી સ્પર્ધામાં રાજેન્દ્ર ચિંદરકર પ્રથમ વિજેતા બન્યા હતા.

## પૈઠણી સાડીનાં વિજેતાઓનાં નામ

ફાલ્ગુની ચંદુ ગોઢકિયા, ડૉ. ખુશ્બુ એસ. શાહ, મનીષા ઉદાણી, પૂજા શાહ, ન્યાસા પ્રફુલ્લ ચાર્લા, વીણા તાલ, કિંજલ ચિંતન ઠક્કર, તોરલ અલ્પેશ દોશી, મીતા દોશી અને સ્નેહા શાહ

## જ્યુરી સ્પેશિયલ અને ટ્રોફીનાં વિજેતાઓનાં નામ

હિમાંશી જિજ્ઞેશ ગઢિયા, જિંકલ કુશલ શાહ, અનેરી શાહ, વિધિ વિપુલ ઉપાધ્યાય, અનીતા તાંબે, દક્ષા આશર, નિશા હિતેશ શાહ, ઈલા ઉદેશી, સપના ધર્મેન્દ્ર ઠક્કર, નીતા પટેલ, ભારતી કાંતિલાલ વાઘેલા, માનસી છેડા, ભક્તિ મહેતા, વૈશાલી વી. જુઠાણી, નીલમ વિજય સરાફ, ઉન્નતિ ટેલર, દિયા મિસ્ત્રી, હીના મહેશ સાકરિયા, પૂજા સંઘવી, પંચશીલા પગારે, જલ્પા યોગેશ પટેલ, સરયુ ધીરેન માલદે, સુવર્ણા વ્યાસ, જ્યુથિકા ભાટિયા, સ્વરાંગી સાવંત, દીપ્તિ દોશી, નેહા સુથાર, ઉર્મી શાહ, હીના નીરવ પટેલ, ઉન્નતિ દોશી, પ્રિયંકા, દીક્ષિતા નરેશ પટેલ, પલ્લવી ભારડિયા, અસ્મી પીયૂષ દેઢિયા, પૂર્વી શાહ, રિંકી બી. ગાલા, સેજલ વિરલ સાવલા, કાવ્યા છેડા, સોનાલી વી. ઝવેરી, મોના ભાવેશ શેઠ, છાયા મહેતા, મહેક પટેલ, શ્રેયા પ્રણય રૂપારેલિયા, અનેરી ચેતન ગાંધી, સુરભિ દિવ્યેશ પટેલ, અર્ચના પરમાર, દિવ્યા એન. વાલોદરા, નિશા સમીર શાહ, સંજીવ શાહ, જિજ્ઞા ઓઝા, શૈલા આશર, તેજલ ગાલા, વીનિતા દવે અને ભાવના રાંદેરિયા, નુપૂર અજમેરા, જયશ્રી શાહ, મેઘા જિગર દેઢિયા, ભક્તિ એમ. ગાંધી, ચંચલ ખેમચંદ ખોરવાલ, વૈશાલી ઠક્કર, માલતી વાલા, પૂર્વી શાહ, દૃષ્ટિ દેસાઈ, રાશિ વોરા, તૃપ્તિ સાવલા, મહેન્દ્ર જી. શાહ, અમી વિજય સાવલા, પલ્લવી ધીરેન્દ્ર શાહ, અંજના જિતેન્દ્ર નારકર, જયશ્રી હિવારકર, નીલા લીલાની, યસ્વી સત્રા, ભૂમિ વિમલ મિશ્રા, નૈના ખારોટે, અનવિતા ચિંચલકર, વિધિ શાહ, પ્રિયા અજય પટેલ, માનસી મહેતા, જાગૃતિ કાંતિભાઈ સોંડીગડા, વૈશાલી ઠક્કર, અંજના દોશી, રિતિશા, હેલી ભટ્ટ, અર્ચના બોરકર, ભાવના ભેદા, દર્શના રાવલ, તાન્યા કાળેકર, મહેર હિતેશ પટેલ, પિંકી વોરા, ડૉ. વૃષ્ટિ પી. સોલંકી, રીમાક્ષી જોશી, આનલ શાહ, પલક શાહ, દીપિકા અશોક માને, અંજના મૌલિક દોશી, રિંકી બી. ગાલા, દેવ પીયૂષ દોશી, હિલોની દોશી, વર્ષા ભાવેશ દત્તાણી.

**તમામ સ્પર્ધકો અને વિજેતાઓએ આજે સાંજે ચાર વાગ્યે ‘મહાવીર બેન્ક્વેટ’ પંચશીલ આર્કેડ બિલ્ડિંગ, પહેલો માળ, મહાવીર નગર, ડી-માર્ટની સામે, કાંદિવલી (પશ્ચિમ) ખાતે આવી જવાનું રહેશે.**

# ભંગારના ગોદામમાં નાના ભાઇએ આગ લગાવી હોવાનો આરોપ

પાલઘરઃ નાના ભાઇએ ફટાકડા ફોડીને ભંગારના ગોદામમાં આગ લગાવી હોવાનો આરોપ મોટા ભાઇએ દ્વારા કરવામાં આવ્યો હતો, જેને પગલે પોલીસે નાના ભાઇ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ફરિયાદી રાકેશ ઉપાધ્યાય (૪૫) પાલઘર જિલ્લાના મનોર રોડ પર ભંગારનું ગોદામ ધરાવે છે. શુક્રવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ ગોદામમાં આ લાગી હોવાનું રાકેશને જાણવા મળ્યું હતું. અગ્નિશમન દળના જવાનોએ આગ પર કાબૂ મેળવ્યો હતો, પણ ગોદામમાં રાખેલો ભંગાર સળગી ગયો હતો. રાકેશે પોલીસને જણાવ્યું હતું કે તેણે એ વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા, જેમાં જાણવા મળ્યું હતું કે તેના નાના ભાઇ રાજેશે ફટાકડા ફોડ્યા હતા, જેને કારણે તણખો ઊડતાં ગોદામમાં આગ લાગી હતી. રાકેશની ફરિયાદને આધારે પોલીસે રાજેશ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. જોકે આ કેસમાં હજી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)■



**બીએસઇ થયું રોશન...** રંગ અને રોશનીના પર્વ એવા દિવાળી નિમિત્તે મુંબઈના શૅરબજારની ઇમારતને રોશનીથી શણગારવામાં આવી હતી. (અમય ખરાડે)

# મેટ્રો-ટૂબીની ત્રણ ટ્રેન મુંબઈ આવી

મુંબઈઃ ‘અંધેરી વેસ્ટ – માનખુર્દ મેટ્રો ૨બી’ રૂટ ઓપરેશન માટે જરૂરી ટ્રેનો પૈકી, ત્રણ મેટ્રો ટ્રેનો તાજેતરમાં મુંબઈમાં પ્રવેશી છે. આ કાર મંડલા ખાતે ડબલ ડેકર કાર શેડમાં પાર્ક કરવામાં આવી છે. આ ટ્રેનોને ટૂંક સમયમાં કનેક્ટ કરીને ટેસ્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. ‘મેટ્રો ૨બી’ હેઠળ ‘દહિસર – અંધેરી વેસ્ટ મેટ્રો ૨એ’ ને અંધેરી પશ્ચિમ – મંડલા સુધી લંબાવવામાં આવી રહી છે. આ ૨૩.૬૪ કિલોમીટર લાંબી મેટ્રો લાઇનનું કામ હાલ પૂર ઝડપે ચાલી રહ્યું છે. આ રૂટના ૩૧ હેક્ટરમાં કારશેડના કામે પણ વેગ પકડ્યો છે. આ કારશેડમાં એક સાથે ૭૨ કાર પાર્ક કરી શકાય છે. આ કારશેડનું અંદાજે ૬૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. હવે ત્રણ લાલ અને વાદળી મેટ્રો ટ્રેન આ કારશેડમાં પ્રવેશી છે. બેંગ્લોર સ્થિત ભારત અર્થ મૂવર્સ લિમિટેડ કંપની ‘મેટ્રો ૨બી’ની ટ્રેનો બનાવી રહી છે.

‘મેટ્રો ૨એ’ અને ‘દહિસર – ગુંદવલી મેટ્રો ૭’ રૂટ પર ચાલતી ટ્રેનો આ જ કંપની દ્વારા બનાવવામાં આવી છે. હવે ‘મેટ્રો ૨બી’ની ત્રણ ટ્રેનો મંડલા કારશેડમાં પ્રવેશી છે. તબક્કાવાર રીતે કેટલીક વધુ ટ્રેનો મુંબઈમાં પ્રવેશવા જઈ રહી છે. મેટ્રો ટ્રેનની રજૂઆત સાથે, આ માર્ગનો મંડલા-ચેમ્બુર વિભાગ ૨૦૨૪માં ટ્રાફિક સેવામાં પ્રવેશ કરે તેવી સંભાવના છે. દરમિયાન, જ્યારે એમએમઆરડીએના ઉચ્ચ અધિકારીઓને પૂછવામાં આવ્યું કે શું માંડલે-ચેમ્બુર તબક્કો શરૂ કરવામાં આવશે, ત્યારે તેમની પાસેથી કોઈ માહિતી ઉપલબ્ધ ન હતી. ■

## મુસાફરોને સ્ટેશનની બહાર બસ, ટૅક્સી, રિક્ષા મળી રહેશે

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)એ અંધેરી વેસ્ટ – ‘માનખુર્દ મેટ્રો ૨બી’ રૂટ પરના મેટ્રો સ્ટેશન પર ઊતર્યા પછી ઇચ્છિત સ્થળે જવા માટે મલ્ટી મોડલ ઇન્ટિગ્રેશન પ્લાન અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ, એમએમઆરડીએ ‘મેટ્રો ૨બી’ રૂટ પરના ૨૦ સ્ટેશનની બહારથી બેસ્ટ, રિક્ષા, ટૅક્સી સેવાઓ પ્રદાન કરવા માગે છે. મુસાફરોને મેટ્રોમાંથી ઊતર્યા પછી ઇચ્છિત સ્થળ સુધી પહોંચવાનું સરળ બને તો વધુને વધુ મુસાફરો મેટ્રોમાં પ્રવાસ કરે એ ખ્યાલ સાથે આ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ મેટ્રો લાઇનના તમામ સ્ટેશનો પર અમલ કરવાનો નિર્ણય એમએમઆરડીએએ લીધો છે. ‘મેટ્રો ૨બી’ પર ૨૦ સ્ટેશનની બહાર આ સુવિધા પૂરી પાડવા માટે અંદાજે રૂ. ૨૨૩ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ ઇન્ટિગ્રેશન પ્રોજેક્ટ ચાર તબક્કામાં અમલમાં આવશે. દરેક તબક્કામાં પાંચ સ્ટેશનો હશે. એમએમઆરડીએએ આ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા માટે તાજેતરમાં ટેન્ડરો આમંત્રિત કર્યા છે. ટૂંક સમયમાં કોન્ટ્રાક્ટરની નિમણૂક કરી સુવિધા વિકસાવવામાં આવશે. સુવિધા કાર્યરત થયાના બે વર્ષમાં આ સુવિધાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત કોન્ટ્રાક્ટરની રહેશે, પરંતુ આ માટે ૨૦૨૫ સુધી રાહ જોવી પડી શકે છે. ■

# એપીએમસીના ગેરવહીવટ બદલ ભૂતપૂર્વ પ્રધાન સહિત આઠ સામે ગુનો

થાણેઃ એપીએમસી (એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી)નો કથિત ગેરવહીવટ અને રાજ્યની તિજોરીને રૂ. ૭.૬૧ કરોડનું નુકસાન પહોંચાડવા બદલ નવી મુંબઈ પોલીસે રાજ્યના ભૂતર્પૂ પ્રધાન સહિત આઠ જણ સામે ગુનો દાખલ કર્યો હતો. એપીએમસી નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં કેટલીક સંસ્થાઓની તરફેણ કરી શૌચાલયના બાંધકામ માટે કથિત રીતે કોન્ટ્રાક્ટ આપવાનો આ મામલો છે. ૨૦૦૫થી ૨૦૨૨ દરમિયાન આરોપીઓએ એપીએમસીના સંચાલનમાં નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું, એમ શનિવારે પોલીસ દ્વારા નોંધાયેલા એફઆઇઆરમાં જણાવ્યું છે. ગવર્નમેન્ટ ઓડિટ ટીમે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભૂતપૂર્વ પ્રધાન, એપીએમસીના અમુક નિવૃત્ત તથા હાલના અધિકારીઓ સહિત આઠ જણ સામે ભારતીય દંડસંહિતા અને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ) ■

# મુંબઈ સેન્ટ્રલમાં એસટીના ડેપોમાં આગઃ ફાયરમેન જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સેન્ટ્રલમાં આવેલા સ્ટેટ ટ્રાન્સપોર્ટ ડેપોની ઓફિસમાં રવિવારે બપોરના આગ ફાટી નીકળી હતી, જેમાં આગ બુઝાવવાની કામગીરી દરમિયાન ફાયરમેન જખમી થયો હતો. રવિવારે વહેલી સવારે મલાડની બહુમાળીય ઈમારતમાં પણ આગની દુર્ઘટના બની હતી.

ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ રવિવારે બપોરના લગભગ ૩.૧૫ વાગ્યાની આસપાસ સ્ટેટ ટ્રાન્સપોર્ટની ઓફિસ બિલ્ડિંગમાં બીજા માળા પર આવેલી ઓફિસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ઝડપભેર ઑફિસમાં રહેલી ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, ઓફિસ ફાઈલ, લાકડાના ફર્નિચરમાં ફેલાઈ ગઈ હતી. આગ લાગ્યા બાદ ઘટનાસ્થળે ફાયરબ્રિગેડની ટીમ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જોકે એ દરમિયાન ૨૯ વર્ષનો રમેશ હિરામન મ્હાલે નામનો ફાયરબ્રિગેડનો જવાન મામૂલી માત્રામાં જખમી થયો હતો. તેને તુરંત નાયર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. સારવાર બાદ જોકે તેને રજા આપવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

રવિવારે વહેલી સવારે મલાડ (પૂર્વ) અપર ગોવિંદ નગરમાં રોડ નંબર એક પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૨૦ માળની સતસંઘભારતી કૉ-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીના ૧૮ માળે આવેલા ફ્લેટમાં આગ ફાટી નીકળી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ વહેલી સવારે ૮.૫૫ લાગેલી આગ જોકે ૧૫ મિનિટમાં જ બુઝાવી દેવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું ફાયરબ્રિગેડે કહ્યું હતું. ■

# ત્રણ મહિનામાં ₹ ૨૫ લાખનો ભેસળયુક્ત ખાદ્યપદાર્થ જપ્ત

મુંબઈઃ ભારતમાં તહેવારોના દિવસોમાં મીઠાઇ અને અન્ય દૂધથી બનેલા પદાર્થોની માગણી વધી જાય છે. વધતી માગણીનો ફાયદો ઉપાડીને આ પદાર્થમાં ભેળસેળ કે મિલાવટનું પ્રમાણ પણ વધી જાય છે. આ ભેળસેળ વાળા ઉત્પાદનોને રોકવા ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન વિભાગ (એફડીએ) દ્વારા મુંબઈમાં ગણેશોત્સવથી લઈને અત્યારસુધીમાં અનેક જગ્યાએ કાર્યવાહી કરી લગભગ પચીસ લાખ રૂપિયાનો ભેસળયુક્ત ખાદ્ય પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે. મીઠાઇ અને દૂધથી બનેલા પદાર્થોમાં થતી ભેળસેળને અટકાવવા એફડીએ દ્વારા વિશેષ ટુકડી બનાવવામાં આવી હતી. આ વિશેષ ટુકડીએ ઑગસ્ટ મહિનાથી શહેરની અનેક દુકાનો અને ગોદામોમાં છાપો પાડી ત્યાંથી ખરાબ ગુણવત્તાવાળું અને ભેસળયુક્ત ખાદ્યપદાર્થો જપ્ત કર્યા છે. ઑગસ્ટથી ચાલતી આ ઝુંબેશમાં અલગ અલગ જગ્યાએ કાર્યવાહી કરી પચીસ લાખ ૭૧ હજાર રુપિયાના લગભગ ૧૩ હજાર ૭૨૫ કિલો ભેસળયુક્ત ખાદ્યપદાર્થોના સ્ટોક જપ્ત કર્યા છે. આમાં ખોરાક, મીઠાઈઓ, નમકીન ફરસાણ અને ખાદ્ય તેલ વગેરે જપ્ત કરાયા હતા. આ કામગીરી હેઠળ એફડીએ વિભાગ દ્વારા ૧૬૫ ખાદ્યપદાર્થોના સેમ્પલ તપાસ માટે લેવામાં આવ્યા છે. આ જમા કરેલા સેમ્પલના રિપોર્ટ મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું. ■

# ભિવંડીમાં યુવકની હત્યા કરી ફરાર થયેલો આરોપી ઉત્તર પ્રદેશથી પકડાયો

થાણેઃ ભિવંડીમાં અંગત વિવાદને લઇ ૧૯ વર્ષના યુવકની હત્યા કરીને ફરાર થઇ ગયેલા આરોપીને પોલીસે ઉત્તર પ્રદેશના જોનપુરથી ઝડપી પાડ્યો હતો. ક્રાઇમ યુનિટ-૨ના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સચિન ચૌધરીએ કહ્યું હતું કે ભિવંડીમાં નારપોલી પોલીસ સ્ટેશનની હદમાં ૮ નવેમ્બરે અજાણ્યા યુવકનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો, જેને પગલે ગુનો દાખલ કરીને તપાસ આદરાઇ હતી. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ તેને આધારે મૃતકને ઓળખી કાઢ્યો હતો.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આરોપીની ત્રીજી પત્ની તેને છોડી ગઇ હતી અને આ માટે મૃતકે તેને મદદ કરી હોવાથી આ બાબતનો આરોપીને ગુસ્સો હતો. આથી આરોપીએ યુવકની હત્યા કરી હતી. આરોપી તેની પત્નીની પણ હત્યા કરવા માગતો હતો, જે તેને છોડી ઉત્તર પ્રદેશના પ્રતાપગડ ખાતે ગઇ હતી. આથી આરોપીએ ઉત્તર પ્રદેશ જવા ટ્રેન પકડી હતી.

આરોપીએ મોબાઇલ વાપરવાનું બંધ કરી દીધું હોવાથી તેને શોધવાનું પોલીસ માટે મુશ્કેલ હતું. જોકે બાદમાં આરોપીને બેન્ક એકાઉન્ટની વિગતો તથા મળેલી માહિતીને આધારે પોલીસે તેને જોનપુર જિલ્લાના બક્સા પોલીસ સ્ટેશનની હદમાંથી શુક્રવારે ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ચોરી, લૂંટનો પ્રયાસ, મારામારી સહિત ૨૫ જેટલા ગુના નારપોલીસ ભિવંડી તાલુકા, ઉલ્હાસનગર, નવી મુંબઈ અને થાણેમાં નોંધાયેલા છે. (પીટીઆઇ) ■

# વેપારીના ફ્લેટમાંથી ₹ ૧.૩૪ કરોડના દાગીના ચોરાયાઃ બે મહિલા સહિત પાંચ નોકર સામે ગુનો

મુંબઈઃ તાડદેવ વિસ્તારમાં વેપારી ફ્લેટમાંથી રૂ. ૧.૩૪ કરોડના દાગીના ચોરવાના આરોપસર બે મહિલા સહિત પાંચ નોકર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી વેપારી તાડદેવ વિસ્તારની રાહેજા એક્સેલસિયર બિલ્ડિંગમાં પરિવાર સાથે રહે છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર વેપારીની ૬૮ વર્ષની પત્ની ૨૬ ઑક્ટોબરના રોજ કામ અર્થે બહાર ગઇ હતી. પત્નીએ એ સમયે દાગીના પહેર્યા હતા. પત્ની બપોરે ઘરે પાછી ફર્યા બાદ તેણે દાગીના કાઢીને કબાટમાં રાખી દીધા હતા અને કબાટ લૉક કરી દીધો હતો. એક કલાક બાદ ઘરના બે નોકરને બેડરૂમની સફાઇનું કામ સોંપવામાં આવ્યું હતું અને સફાઇ અગાઉ કબાટમાંની વસ્તુઓ બહાર કાઢવાનું કહેવામાં આવ્યું હતું. સાંજે સફાઇનું કામ પૂરું થયા બાદ કબાટ લોક કરી દેવાયો હતો. બીજે દિવસે વેપારી અને તેમની પત્ની પાર્ટીમાં જવા માગતાં હતાં. તૈયાર થયા બાદ પત્નીએ દાગીના કાઢવા કબાટ ખોલતાં તેમાં દાગીના મળી આવ્યા નહોતા. આથી તેણે વેપારીને આની જાણ કરી હતી. ■

# સુરેશ વાડકરને લતા મંગેશકર પુરસ્કાર

મુંબઇઃ રાજ્ય સરકારના સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા વિવિધ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે અને પીઢ ગાયક સુરેશ વાડકરને ૨૦૨૩નો લતા મંગેશકર એવૉર્ડ જાહેર કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર પ્રાપ્ત કરનારને પાંચ લાખ રૂપિયા રોકડ, પ્રમાણપત્ર અને સન્માનચિન્હ આપવામાં આવે છે. દર વર્ષે રાજ્ય સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા લતા મંગેશકર એવૉર્ડ, નટવર્ય પ્રભાકર પણશીકર થિયેટર લાઇફટાઇમ એચિવમેન્ટ એવૉર્ડ, સંગીતકાર અન્નાસાહેબ કિર્લોસ્કર મ્યુઝિક થિયેટર લાઇફટાઇમ એચિવમેન્ટ એવૉર્ડ, ભારત રત્ન પંડિત ભીમસેન જોષી ક્લાસિકલ મ્યુઝિક લાઇફટાઇમ એચિવમેન્ટ એવૉર્ડ, સ્ટેટ કલ્ચરલ એવૉર્ડ વગેરે પુરસ્કારો આપવામાં આવે છે. લતા મંગેશકર એવૉર્ડ, સંગીતકાર અન્નાસાહેબ કિર્લોસ્કર મ્યુઝિક થિયેટર લાઈફટાઈમ અચીવમેન્ટ એવૉર્ડ, ભારત રત્ન પંડિત ભીમસેન જોશી શાસ્ત્રીય સંગીત લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવૉર્ડની રકમ પાંચ લાખ રૂપિયા હતી. તે હવે વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે. તેમ જ રાજ્ય સાંસ્કૃતિક પુરસ્કારની રકમ એક લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવી છે. ■


પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ




સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક
૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

અંધશ્રદ્ધા નહીં પણ સ્વશ્રદ્ધા સાથે શ્રમવાદને પ્રોત્સાહિત કરતું વૈજ્ઞાનિક અભિગમ સાથેનું વાર્ષિક રાશિ ભવિષ્ય

★ ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૩-૨૦૨૪-૨૦૨૫.
★ તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપત્તિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
★ દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
★ સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો-બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર-પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
★ સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
★ મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર- કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
★ ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
★ સંવત ૨૦૮૦નું રાશિ ભવિષ્ય
★ ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
★ મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.
★ શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.

સંશોધન સભર લેખો
• મંગળ દોષ
• ઋણ-કર્જ સૂચિત કરતા યોગ/ઋણ મુક્તિ કરતા યોગ
• ગ્રહોની અસર અને અલ્ઝાઈમર
• વરસાદ અને જ્યોતિષશાસ્ત્ર
• વૃષભ રાશિમાં ગુરુનું ભ્રમણ
• સૂર્યાત નક્ષત્રબિંદુ અને ચંદ્રાત નક્ષત્રબિંદુ ફળ
• સંતાન પ્રાપ્તિનો સમય
• મેષ લગ્નમાં પંચમહાપુરુષ યોગ

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩ મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્સઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

## હાઈ કોર્ટના આદેશની ઐસીતૈસી

# રાત્રે ૧૦ વાગ્યા પછી મોડે સુધી ફૂટ્યા ધૂમ ફટાકડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. મુંબઈ હાઈ કોર્ટે પણ તેની દખલ લેવી પડી હતી અને દિવાળી દરમિયાન રાતના ફક્ત ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડવાની મંજૂરી આપી હતી. જોકે શનિવાર મોડી રાત બાદ રવિવારે સતત બીજા દિવસે દિવાળી ઊજવણી નિમિત્તે ૧૦ વાગ્યા બાદ પણ મુંબઈમાં અનેક ઠેકાણે ફટાકડા ફૂટતા હોવાનું જણાઈ આવ્યું હતું અને ફટાકડા ફોડવાની કોર્ટને આપેલી સમયમર્યાદા ફક્ત પેપર જ રહી હોવાનું જણાયું હતું.

દિવાળીના તહેવારની ઊજવણીમાં ફટાકડા ફોડ્યા બાદ પ્રદૂષણનું સ્તર હંમેશા વધી જતું હોય છે. હાઈ કોર્ટે ફટાકડા ફોડવા માટેનો સમય રાતના ૮થી ૧૦ વાગ્યાનો નક્કી કરી આપ્યો છે. છતાં મુંબઈમાં શુક્રવારે ધનતેરસના તેમ જ શનિવારે કાળી ચૌદશના મોડી રાત સુધી ફટાકડા ફૂટ્યા બાદ રવિવારે લક્ષ્મીપૂજનના દિવસે પણ ૧૦ વાગ્યા બાદ પણ મોડે સુધી ફટાકડા ફૂટતા રહ્યા હતા.

મુંબઈની હવાની ગુણવત્તા આંકડા પરથી સમાધાનકારણ હોવા છતાં મુંબઈગરાને ફટાકડાને કારણે ધુમાડાનો ત્રાસ જણાઈ રહ્યો છે. વધતા પ્રદૂષણને કારણે હાઈ કોર્ટની ટકોર બાદ મુંબઈ મહાનગરપાલિકાએ પણ મુંબઈગરાને પ્રદૂષણ નહીં કરે તેવા ફટાકડા ફોડીને દિવાળીની ઊજવણી કરવાની અપીલ કરી હતી. પરંતુ દિવાળીના ચાર-પાંચ દિવસ જ ઊજવણી હોવાનું માનીને લોકો મોટા પ્રમાણમાં ફટાકડા ફોડતા હોય છે.

મુંબઈમાં ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફૂટે તેનું ધ્યાન રાખવાની જવાબદારી મુંબઈ પોલીસ સહિત પાલિકાના વોર્ડ સ્તરના ઓફિસરને સોંપવામાં આવી છે. છતાં રવિવારે પણ મોડી રાત સુધી ફટાકડા ફૂટતા રહ્યા હતા, એ બાબતે કેટલી ફરિયાદો આવી એ બાબતે મુંબઈ પોલીસ સહિત પાલિકા પ્રશાસન પાસે કોઈ ચોક્કસ આંકડા પાપ્ત થઈ શક્યા નહોતા.

આ દરમિયાન મુંબઈમાં ત્રણ દિવસ પહેલા મોડી રાતે વરસાદ પડ્યા બાદથી વાતાવરણમાં રહેલું પ્રદૂષણનું સ્તર થોડું ઘટી ઍર ક્વોલિટી ઈન્ડેક્સ સમાધાનકારક જણાયો હતો. શનિવારે સવારના મુંબઈનો સરેરાશ ઍક્યુઆઈ ૯૯ હતો. જોકે દિવસ દરમિયાન અને સાંજે ફટાકડા ફૂટવાને કારણે મોડી સાંજે એક્યુઆઈ ૧૦૦ની ઉપર ગયા બાદ રવિવારે સાંજે ૭.૧૫ વાગ્યાની આસપાસ પણ એક્યુઆઈ ૧૨૫ નોંધાયો હતો.

રવિવારે સાંજે મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૧૨૫ નોંધાયો હતો. સૌથી વધુ પ્રદૂષણ બાંદ્રા-કુર્લા-કૉમ્પલેક્સમાં રહ્યું હતું. અહીં એક્યુઆઈ ૨૦૫ જેટલો ઊંચો નોંધાયો હતો. તો મલાડમાં ૧૯૦, મઝગાંવમાં ૧૪૯, બોરીવલીમાં ૧૪૩, કોલાબામાં ૯૭, અંધેરીમાં ૮૨, ભાંડુપમાં ૮૬ નોંધાયો હતો. ■



**સેલ્ફી વિથ સીએમ...** થાણેમાં દિવાળી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં લોકોને સંબોધતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સેલ્ફી ખેંચી હતી. (અમય ખરાડે)

## મુંબ્રાની શાખાનો વિવાદ હાઈ કોર્ટમાં પહોંચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબ્રાની શિવસેનાની શાખાને મુદ્દે શિવસેનાના શિંદે જૂથ અને ઠાકરે જૂથ આમને સામને આવી ગયા હતા અને તેને કારણે શનિવારે થાણેમાં હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. શિવસેનાના ઠાકરે જૂથે મુંબ્રામાં જઈને શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ બધાની વચ્ચે હવે એવું જાણવા મળ્યું છે કે મુંબ્રાની શાખાનો વિવાદ હવે મુંબઈ હાઈ કોર્ટમાં જશે. આ બાબતે એવી માહિતી મળી છે કે શિવસેનાની મુંબ્રામાં આવેલી એક શાખાને મુદ્દે ઠાકરે જૂથ અને શિંદે જૂથ સામ સામે આવી ગયા હતા. બંને જૂથો દ્વારા આ શાખા પર દાવો માંડવામાં આવ્યો છે. ઉદ્ધવ ઠાકરેએ પણ શનિવારે કોઈપણ સંજોગોમાં આ શાખા પરનો દાવો છોડવામાં નહીં આવે એવું નિવેદન કર્યું હતું. હવે આ શાખાનો વિવાદ હાઈ કોર્ટમાં જશે એવું સાંભળવા મળી રહ્યું છે. શિવસેનાના ઠાકરે જૂથ દ્વારા કાનૂની બાબતો ચકાસવામાં આવી રહી છે. ત્યારબાદ અદાલતમાં દાદ મેળવવામાં આવશે, એમ કહેવામાં આવ્યું છે. ઠાકરે જૂથ દ્વારા આ મુદ્દે હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવશે. ■

## શરદ પવાર પાસે ઓબીસી પ્રમાણપત્ર?

### પ્રમાણપત્રનો ફોટો થયો વાઈરલ, સુપ્રિયા સુળેએ આપ્યો રદિયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીના સ્થાપક શરદ પવારના દાખલા પર ઓબીસી નોંધ હોવાનો ફોટો અત્યારે સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ ફોટો વાઈરલ થયા બાદ શરદ પવારના સમર્થક વિકાસ પાસલકરે દાખલો ખોટો હોવાનો દાવો કર્યો છે. આવી જ રીતે સુપ્રિયા સુળેએ પણ શરદ પવાર પાસે ઓબીસીનું પ્રમાણપત્ર હોવાના દાવાને રદિયો આપ્યો છે.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા ઓબીસીના દાખલા પર બોલતાં સુળેએ કહ્યું હતું કે સાહેબ જ્યારે દસમીમાં હતા ત્યારે તેમનો દાખલો અંગ્રેજીમાં હોઈ શકે? આ બધું હાસ્યાસ્પદ છે અને પવાર પર આરોપ કરનારાનું આ બાલીશપણું છે. આજકાલ ખોટા પ્રમાણપત્રો બજારમાં સહેલાઈથી મળી જાય છે એમ પણ તેમણે કહ્યું હતું.

શનિવારે બારામતીના એક કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સંસદસભ્ય સુપ્રિયા સુળે અને સુનેત્રા પવાર સહિત પવાર કુટુંબના અનેક સભ્યો એકઠા થયા હતા તેના પર બોલતાં સુપ્રિયાએ કહ્યું હતું કે ઉંમર વધે તેની સાથે વૈચારિક ઊંડાણ વધવું જોઈએ. સંબંધો એક તરફ અને રાજકીય વલણ તેના સ્થાને. અમારી લડાઈ વૈચારિક છે, વ્યક્તિગત નથી.

ભાજપમાં પણ અનેક આવા કુટુંબ છે. તેમના અને શરદ પવારના પરિવાર સાથેના સંબંધો ચારથી પાંચ દાયકા જૂના છે. દાખલો આપવાનો હોય તો અટલજીનું કુટુંબ, પ્રમોદ મહાજન, ગોપીનાથ મુંડે, સુષ્મા સ્વરાજ, રાજનાથ સિંહ, અરુણ જેટલી જેવા કુટુંબોનો આપી શકાય તેમના પારિવારિક કાર્યક્રમમાં શરદ પવારને બોલાવવામાં આવે છે. રાજકીય મતભેદ જરૂર છે, પરંતુ વ્યક્તિગત કોઈના પરિવાર સાથે મનભેદ નથી.

શરદ પવારની તબિયત અચાનક બગડી હતી તે અંગે પુછવામાં આવતાં તેમમે કહ્યું હતું કે બધાના પ્રેમ અને આશીર્વાદ પવાર સાહેબનું ટોનિક છે. અત્યારે તેમને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે અને તેઓ પોતાના ઘરમાં જ લોકોને મળી રહ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે શરદ પવારની તબિયત બગડી હોવાના અહેવાલો વહેતા થયા બાદ રવિવારે મોટી સંખ્યામાં તેમના ચાહકો તેમને મળવા માટે પુણેના નિવાસસ્થાન પર પહોંચ્યા હતા. ■

## ટ્રાફિક પોલીસે મરમ્મતની પરવાનગી નકારતા પરેલનો ટીટી બ્રિજ ખૂલ્લો રહેશે

મુંબઈઃ પરેલ ટીટી બ્રિજને નવ મહિના સુધી બંધ કરીને તેના રિપેરિંગ માટેનો પ્રસ્તાવ પાલિકા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, પણ આ રિપેરિંગ કામ માટે ટ્રાફિક પોલીસ વિભાગ પાસેથી પરવાનગી ન મળતા આ બ્રિજ હાલમાં ખૂલો મૂકવામાં આવશે. પાલિકાએ બ્રિજના રસ્તાઓ પરના ખાડાઓ ભરવા અન્ય રેપેરિંગ કામોનો સમાવેશ હતો.

પાલિકાના એક અધિકારીએ જણાવ્યુ હતું કે આ બ્રિજ આવતા પચીસ થી ૩૦ વર્ષો સુધી મજબૂત રહેશે તેથી ગભરાવવાનું કોઈ કારણ નથી. આ ૪૩ વર્ષ જૂના રેપેરિંગ માટે પાલિકાએ ૧૮ કરોડ રૂપિયાનું બજેટ જારી કર્યું હતું.

મુંબઈના દાદરમાં આ બ્રિજ તિલક બ્રિજ સાથે પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોને જોવવાનું કામ કરે છે. ચોમાસા દરમિયાન આ પુલ પર અનેક ખાડાઓ પડી ગયા હતા જેથી આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.


પાલિકાની અધિકારીએ કહ્યું હતું કે બ્રિજના રેપેરિંગ કામમાં પુલના બંને કિનારા પર સિમેન્ટની દીવાલો બનાવવાની યોજના હતી પણ ટ્રાફિક પોલીસ પાસેથી આ કામની મંજૂરી ન મળતા તેને સ્થગિત કરવામાં આવી છે.

પાલિકાની એક ટીમે આ બ્રિજનું પરીક્ષણ કર્યું હતું. અંધેરીમાં ગોખલે બ્રિજની દુર્ઘટના બાદ બીએમસીએ મુંબઈના દરેક બ્રિજનું ઓડિટ કર્યું હતું જેમે દરેક બ્રિજને થોડાક સમય બાદ રિપેરિંગની જરૂર હોવાનું સામે આવ્યું હતું. આ રિપોર્ટમાં પરેલ ટીટી બ્રિજને સમારકામની જરૂર છે એવું કહેવામા આવ્યું હતું. ટ્રાફિક પોલીસે કહ્યું કે આ બ્રિજ મુંબઈમાં ટ્રાફિક માટે મહત્ત્વનો છે. આ બ્રિજ બંધ રાખવાથી ભાયખલા, લાલબાગ, લોઅર પરેલ જેવા અનેક વિસ્તારોમાં ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાશે. આ પુલ દક્ષિણ અને પૂર્વ મુંબઇને જોડે છે જેથી અનેક વખત વીઆઇપી વ્યક્તિઓનાં વાહનો આ બ્રિજ ઉપરથી પસાર થાય છે જેથી તેને નવ મહિના માટે બંધ કરવો શક્ય નથી. ■



**મુહૂર્ત ટ્રેડિંગ...** બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ)માં દિવાળી પર ટ્રેડિંગની ખાસ પરંપરા છે જેને મુહૂર્ત ટ્રેડિંગ કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે મુહૂર્ત ટ્રેડિંગ સમૃદ્ધિ લાવે છે અને રોકાણકારો પર આખું વર્ષ રોકાણકારો પર સંપત્તિનો વરસાદ થાય છે. (અમય ખરાડે)

પ્રગટ થઈ ચૂક્યો છે




**રાજ્યની મહાયુતિમાં ડખો!**

## અજિત પવાર સત્તાની વહેંચણીથી નારાજ: અમિત શાહે સમજાવીને પાછા મોકલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સત્તાની વહેંચણીમાં થઈ રહેલા અન્યાયની ફરિયાદ લઈને ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા હતા અને ૪૦ મિનિટ લાંબી ચર્ચા બાદ અમિત શાહે અજિત પવારની ફરિયાદોના નિવારણની ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે. આ ચર્ચામાં મરાઠા અનામતના મુદ્દાને જે રીતે મુખ્ય પ્રધાન હેન્ડલ કરી રહ્યા છે તેના અંગે નારાજી વ્યક્ત કરવામાં આવી હતી. આવી જ રીતે અજિત પવાર અને તેમના પ્રધાનોને જે રીતે કાપવામાં આવી રહ્યા છે તેની પણ નારાજી વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં હાજર એનસીપીના એક નેતાએ કહ્યું હતું કે અજિત પવાર, પ્રફુલ્લ પટેલ અને સંસદસભ્ય સુનિલ તટકરે અમિત શાહને મળવા ગયા હતા. આ બેઠકમાં લાંબા સમયથી કેબિનેટના વિસ્તરણનો મુદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. આવી જ રીતે અજિત પવાર દ્વારા લેવામાં આવેલા દરેક નિર્ણયને ફડણવીસના માધ્યમથી શિંદે પાસે મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હોવાથી રાજ્યમાં તેમના માથે બે-બે બોસ હોવાનું ચિત્ર ઉભું થઈ રહ્યું છે. ૪૦ મિનિટ લાંબી બેઠકમાં તેમણે રાજ્યમાં મરાઠા અનામતના પ્રશ્નને યોગ્ય રીતે હાથ ધરવામાં આવતો ન હોવાથી ઓબીસી વિરુદ્ધ મરાઠા સમાજ એવો સંઘર્ષ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

સૂત્રોએ એવી માહિતી આપી હતી કે અત્યારે ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી હોવાથી બધા વ્યસ્ત છે, પરંતુ એક વખત ચૂંટણી પૂરી થઈ ગયા બાદ આ બાબતે ચર્ચા કરવામાં આવશે.

અજિત પવારે એમ પણ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી આડે માંડ એક વર્ષનો સમય છે ત્યારે તેમની સાથે આવેલા મહત્તમ વિધાનસભ્યો અને નેતાઓને સત્તાના પદો મળવા જોઈએ, જેથી તેઓ સ્થાનિક સ્તરે તેમની હાજરી દેખાડી શકે. શિંદે આવું થવા દઈ રહ્યા નથી. અમારી પાસે ઘણો ઓછો સમય છે. લોકસભાની ચૂંટણીમાં પ્રભાવ દેખાડવો હોય તો જેના પર સહમતી સધાઈ હતી એટલું આપવું જોઈએ.

અહીં ઉલ્લેખનીય છે કે અજિત પવાર અને એકનાથ શિંદે વચ્ચે પહેલેથી જ સંઘર્ષ છે. અજિત પવારને નાયબ મુખ્ય પ્રધાનપદ અને નાણાં ખાતું આપવામાં આવ્યું તે શિંદેને ગમ્યું નહોતું. આવી જ રીતે પુણે જિલ્લાના વિવિધ વિકાસકામ અંગે અજિત પવારે બેઠક આયોજિત કરી હતી તેનાથી સંઘર્ષમાં વધારો થયો હતો. આ ઉપરાંત અજિત પવારે ભાજપ સાથે સંબંધ ધરાવતા છ સહકારી સાકર કારખાનાને એનસીડીસી પાસેથી લોન લેવા પર નિયંત્રણો લાદ્યા હતા ત્યારે આ નિર્ણયને શિંદે દ્વારા ઉલટાવવામાં આવ્યો હતો. આ બધાને કારણે અજિત પવાર નારાજ છે અને તેમને પોતાના નિર્ણયોની સ્વતંત્રતા જોઈએ છે. અહીં ઉલ્લેખનીય છે કે અજિત પવાર જૂથના નેતા છગન ભુજબળ દ્વારા મરાઠા અનામતના વિરોધમાં કરવામાં આવેલા નિવેદન વખતે અજિત પવારે પોતાના નેતાને રોકવામાં આવ્યા નહોતા તે બાબત પણ એકનાથ શિંદેની નારાજગીમાં વધારો કરી રહી છે. ■

## એન્ટિલિયા કેસમાં પરમબીર સિંહની તપાસ કરવાની અરજી ફગાવાઈ

મુંબઈઃ રાષ્ટ્રીય તપાસ એજન્સીને વિસ્ફોટકોથી ભરેલી સ્પોટ્ર્સ યુટિલિટીના કથિત પ્લાન્ટિંગના સંબંધમાં મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહની તપાસ કરવા વિનંતી કરતી મલાડના રહેવાસી પરશુરામ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને બોમ્બે હાઇ કોર્ટે તાજેતરમાં ફગાવી દીધી હતી.

જસ્ટિસ એએસ ગડકરી અને જસ્ટિસ શર્મિલા દેશમુખની ડિવિઝન બેન્ચે એનઆઈએની કુશળતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને શર્માના દાવાને ફગાવી દીધો હતો કે સિંહે પુરાવા સાથે ચેડાં કર્યાં હતાં અને હાઈ-પ્રોફાઈલ તપાસને પ્રભાવિત કરી હતી.

અરજદારે આક્ષેપ કર્યો હતો કે સિંહે અધિકારીઓ સચિન વાઝે અને પ્રદીપ શર્માને પુનઃસ્થાપિત કર્યા હતા અને એક પેટર્ન દર્શાવી હતી જેનાથી કથિત અપરાધમાં સિંહની ભૂમિકા અંગે વધુ તપાસ જરૂરી હતી. આ નિવેદનોને ફગાવી દેતા કોર્ટે કહ્યું કે, ''પ્રશ્નોમાં રહેલા ગુનાની તપાસ એક વિશેષ એજન્સી એટલે કે એનઆઈએ દ્વારા કરવામાં આવી રહી છે અને તેમની કુશળતા પર શંકા કરી શકાય નહીં.''

બેન્ચે શર્માની શંકાઓનું ખંડન કર્યું, જેમાં વકીલ તરીકે અથવા નિષ્ણાત તપાસકર્તા તરીકે તેમની નિપુણતાનો અભાવ દર્શાવ્યો હતો. કોર્ટે શર્માની અગાઉની સમાન અરજીની પણ નોંધ લીધી હતી, જેને બીજી ડિવિઝન બેન્ચે ૨૩ માર્ચ, ૨૦૨૩ના રોજ ફગાવી દીધી હતી. આ આધારો ઉપરાંત, કોર્ટે એનઆઈએના વેરિફિકેશન રિપોર્ટ પર વિચાર કર્યો, જેમાં શર્માના આપેલા સરનામામાં વિસંગતતાઓ દર્શાવી હતી. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે શર્માનું નિવાસસ્થાન અને સંસ્થાના કાર્યાલયનું સરનામું જે તેમણે જીવન જ્યોત વેલફેર ઓર્ગેનાઈઝેશનનું નેતૃત્વ કરવાનો દાવો કર્યો હતો તે નકલી છે. રિપોર્ટમાં શર્માના રાજકીય પક્ષ સાથેના વર્તમાન જોડાણની પણ નોંધ લેવામાં આવી છે. ''વેરિફિકેશન રિપોર્ટ જણાવે છે કે અરજદાર હાલમાં રાજકીય પક્ષ સાથે જોડાયેલો છે,'' પિટિશનને બરતરફ કરવામાં ફાળો આપતાં બેન્ચે ટિપ્પણી કરી હતી. ■

## બીજી મુંબઈ-અમદાવાદ વંદે ભારત માટે ટ્રાયલ રન યોજાઈ

મુંબઈઃ અમદાવાદ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચેની બીજી વંદે ભારત એક્સપ્રેસ ટૂંક સમયમાં શરૂ થવાની સંભાવના છે. શુક્રવારે આ સૂચિત સેવા માટે ટ્રાયલ રન હાથ ધરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વડોદરા-પુણે વંદે ભારત એક્સપ્રેસ માટે ટ્રાયલ રન કરવાની પણ યોજના છે. મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-ગાંધીનગર કેપિટલ સિટી વચ્ચેની પ્રથમ વંદે એક્સપ્રેસને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી બતાવી હતી.

મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર વચ્ચેની આ ટ્રેન માટે ઑક્ટોબરમાં સરેરાશ દૈનિક સવારી ૧૪૨% હતી જેમાં ૧૫૯૬ મુસાફરો હતા. વળતરની દિશામાં, ૧૬૪૬ મુસાફરોની સરેરાશ દૈનિક સવારી સાથે તે ૧૪૬% હતી. ઉચ્ચ માંગને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવેએ આ રૂટ પર વધુ એક સેવા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, પરંતુ માત્ર મુંબઈ-અમદાવાદ વચ્ચે. ટ્રાયલ રન મુજબ, બીજી વંદે ભારત અમદાવાદથી સવારે ૬.૧૦ વાગ્યે ઉપડશે અને સવારે ૧૧.૩૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. તેની પરત મુસાફરીમાં, ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૩.૫૫ વાગ્યે ઉપડશે અને રાત્રે ૯.૨૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

વડોદરા અને પુણે વચ્ચે વાયા વસઈ રોડ વંદે ભારત એક્સપ્રેસ ચલાવવાની પણ યોજના છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ટ્રેનના ટ્રાયલ રન શેડ્યૂલ મુજબ (તારીખ હજુ જાહેર કરવાની બાકી છે), ટ્રેન વડોદરાથી સાંજે ૪.૩૫ વાગ્યે ઉપડશે અને ૮.૪૦ વાગ્યે વસઈ પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન વસઈથી સવારે ૧૧.૩૭ વાગ્યે ઉપડશે અને બપોરે ૩.૩૦ વાગ્યે વડોદરા પહોંચશે. વસઈ-પુણે લેગ માટે ટ્રાયલ શેડ્યૂલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. ■

## 'મેટ્રો' નો નાણાકીય બોજ ઘટાડવા મંત્રાલયની સામે ગગનચુંબી ઈમારત બનાવવાની દરખાસ્ત

મુંબઇઃ કોલાબાથી સીપ્ઝ (મેટ્રો-૩) સુધીના રૂ. ૩૭,૦૦૦ કરોડના અંડરગ્રાઉન્ડ મેટ્રો પ્રોજેક્ટના નાણાકીય બોજને ઘટાડવા માટે, મંત્રાલયની નજીક અને મનોરાના ધારાસભ્યના નિવાસસ્થાનની સામે એક બહુમાળી ઇમારત બનાવવામાં આવશે, જ્યાં રાજકીય પક્ષો અને સરકારી કચેરીઓનો ઉપયોગ થતો હતો. 'મુંબઈ મેટ્રો'ની યોજના આ ઈમારતને કોમર્શિયલ ઓફિસ માટે વેચીને લગભગ ૧૫૦ થી ૨૦૦૦ કરોડ એકત્ર કરવાની છે.

મંત્રાલયની સામે મનોરાના ધારાસભ્ય નિવાસના માર્ગ પર સરકારી બેરેકમાં કૉંગ્રેસ, શિવસેનાના શિવાલય, શેકાપ, ભારિપ બહુજન ફેડરેશન, કવાડે જૂથ વગેરે રાજકીય પક્ષોની ઓફિસો હતી. આ ઉપરાંત મહારાષ્ટ્ર એડમિનિસ્ટ્રેટિવ આર્બિટ્રેશન, લો કમિશન, ટ્રેઝરી જેવી વિવિધ સરકારી કચેરીઓ પણ આ વિસ્તારમાં આવેલી હતી. આ વિસ્તારમાં કોલાબાથી સિપ્ઝ સુધી મેટ્રો લાઇન પર 'વિધાન ભવન' સબવે સ્ટેશન બનાવવામાં આવ્યું છે. મેટ્રો સ્ટેશન માટે રસ્તો બનાવવા માટે ૨૦૧૭માં તમામ રાજકીય પક્ષો અને સરકારી કચેરીઓને તોડી પાડવામાં આવી હતી. તમામ કચેરીઓને હંગામી ધોરણે વૈકલ્પિક જગ્યા આપવામાં આવી હતી. વિધાન ભવન મેટ્રો સ્ટેશન હવે પૂર્ણ થઈ ગયું છે. ફ્રી પ્રેસ રૂટ પરના રોડ પરનો ટ્રાફિક પણ સુગમ કરવામાં આવ્યો છે. રાજકીય પક્ષો અને સરકારી કચેરીઓની જગ્યા પણ હવે ભરાઈ ગઈ છે અને ઉપયોગ લાયક બનાવવામાં આવી છે. ■

# સંવત ૨૦૭૯નું અંતિમ સપ્તાહ શૅરબજાર માટે સારુ રહ્યું

મુંબઇઃ સંવત ૨૦૭૯નું અંતિમ સપ્તાહ રોકાણકારો માટે સારુ રહ્યું હતું. અફડાતફડી છતાં એકંદરે શેરબજારમાં તેજીવાળાનો હાથ ઉપર રહ્યો હતો. સાપ્તાહિક ધોરણે બીએસઇનો બેન્માચર્ક સેન્સેક્સ ૫૪૦.૯ પોઇન્ટ અથવા તો ૦.૮૪ ટકા વધ્યો છે જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૯૪.૭૫ પોઇન્ટ અથવા તો એક ટકા વધ્યો હતો.

સમીક્ષા હેઠળના ૬ નવેમ્બર, ૨૦૨૩થી ૧૦ નવેમ્બર, ૨૦૨૩ સુધીના સપ્તાહ દરમિયાન આઈટી, ટેક અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાયના બધા સેક્ટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૬૪,૩૬૩.૭૮ના બંધ સામે ૫૪૦.૯૦ પોઈન્ટ્સ (૦.૮૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ સોમવારે ૬૪,૮૩૫.૨૩ ખૂલી, આઠમી નવેમ્બર, ૨૦૨૩ના રોજ ઊંચામાં ૬૫,૧૨૪.૦૦ અને ૧૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ નીચામાં ૬૪,૫૮૦.૯૫ સુધી જઈ અંતે ૬૪,૯૦૪.૬૮ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૩૨૦.૨૯ લાખ કરોડ રહ્યું હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં સ્મોલ કેપ ઈન્ડેક્સ ૨.૧૦ ટકા, બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૧૧ ટકા, મિડકેપ ઈન્ડેક્સ ૨.૬૨ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૩૬ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૪૫ ટકા વધ્યા હતા. આઈપીઓ ૪.૪૪ ટકા અને એસએમઈ આઈપીઓ ૪.૨૫ ટકા વધ્યા હતા. ગ્રીનેક્સ ૧.૨૪ ટકા અને કાર્બોનેક્સ ૧.૧૩ ટકા વધ્યા હતા.

સેકટરલ ઈન્ડેક્સમાં પીએસયુ ૨.૬૮ ટકા, રિયલ્ટી ૨.૬૭ ટકા, ઓટો ૧.૭૭ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૨૧ ટકા, હેલ્થકેર ૪.૧૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૪૯ ટકા, બેન્કેક્સ ૧.૨૭ ટકા, મેટલ ૩.૧૦ ટકા, પાવર ૨.૫૯ ટકા અને એફએમસીજી ૦.૪૪ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૦.૨૩ ટકા, ટેક ૦.૫૭ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૮ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી વધુ વધેલા પાંચ શેરોમાં લાર્સન એન્ડ ટુબ્રો ૪.૧૧ ટકા, એક્સિસ બેન્ક ૩.૮૯ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૬૫ ટકા, બજાજ ફિનસર્વ ૩.૬૧ ટકા અને એનટીપીસીનો સમાવેશ હતો. જ્યારે સૌથી વધુ ઘટેલા પાંચ શેરોમાં ઈન્ફોસિસ ૧.૪૯ ટકા, વિપ્રો ૧.૧૨ ટકા, એચસીએલ ટેક ૧.૦૨ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૦.૮૮ ટકા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ૦.૫૪ ટકાનો સમાવેશ હતો.

કોર્પોરેટ ક્ષેત્રના પરિણામ એકંદરે સારા રહ્યાં છે. મૂડીબજારમાં આઇપીઓ પણ ભરપૂર આવી રહ્યાં છે. આ સપ્તાહે એક એસએમઇ સેગમેન્ટનો આઇપીઓ આવી રહ્યો છે, જ્યારે પ્રોટીન લિમિટેડ અને આસ્ક ઓટોમોબાઇલ સહિત ત્રણ લિસ્ટિંગ છે. દરમિયાન, હેલ્થકેર સેગમેન્ટમાં પુના ખાતે પહેલીથી ત્રીજી ડિસેમ્બર દરમિયાન ધી ગ્લાબલ ફેસ્ટિવલ ઓફ વેલનેસ સુહાના સ્વાસ્થ્યની બીજી એડિશન યોજાઇ રહી છે, જેમાં અનેક અગ્રણી સ્પિરિચ્યુઅલ લીડર્સ, હેલ્થ એજ્યુકેટર્સ અને વેલનેસ એક્સપર્ટસ એકત્ર થશે. એ ગ્રુપની ૭૧૩ કંપનીઓમાં ૪૭૪ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૨૩૮ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને ૧ સ્ક્રિપ્સનો ભાવ સ્થિર રહ્યો હતો, બી ગ્રુપની ૧,૦૫૭ સ્ક્રિપ્સમાંથી ૬૦૫ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૪૪૪ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને આઠ સ્ક્રિપ્સના ભાવ સ્થિર રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન કરન્સી ડેરિવેટિવ્સ સેગમેન્ટમાં કુલ રૂ. ૩૧,૩૭૮.૪૫ કરોડનું કુલ કામકાજ થયું હતું. આ સપ્તાહમાં સૌથી વધારે રૂ.૧૬,૪૨૬.૯૨ કરોડનું ટર્નઓવર શુક્રવાર, ૧૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ થયું હતું. ■

# અમેરિકન શૅર બજારમાં મોટી તેજી, ટ્રેઝરી યીલ્ડ ઠંડી પડવાથી ટેક્નોલોજી શેરોમાં ગરમાટો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વોલ સ્ટ્રીટના મુખ્ય ઈન્ડેક્સ ૧૦ નવેમ્બરે મોટા સુધારો સાથે બંધ થયા છે. ટ્રેઝરી યીલ્ડનો ઉછાળો શાંત થવાને કારણે હેવીવેટ ટેકનિકલ અને ગ્રોથ શેરોથી બજારને તેજીનું ટ્રીગર મળ્યું છે. જ્યારે રોકાણકાર મોંઘવારી અને અન્ય આર્થિક આંકડાની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

ટેકનોલોજી હેવી નાસ્ડેક કમ્પોઝિટે ટકાવારીના ધોરણે ૨૬ મે પછીનો તેની સૌથી મોટો સિંગલ-ડે ઉછાળો નોંધાવ્યો છે. વ્યાજ દરના વિશેમાં ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની કડક ટિપ્પણી બાદ સત્રમાં ઘટાડા બાદ ઇક્વિટીમાં બાઉન્સબેક જોવા મળ્યું છે. નવમી નવેમ્બરે એસએન્ડપી ૫૦૦ અને નેસ્ડેકમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

રોકાણકારનું ધ્યાન બેન્ચમાર્ક ટ્રેઝરી યીલ્ડ પર છે, જો ૧૬ વર્ષના ઉચ્ચતમ સ્તરથી અમુક હદ સુધી ઓછી થઈ શકે છે. મોનેટરી પોલિસી પર પણ નજર રહેશે, કારણ કે વિશ્લેષકોની એવી અટકળ છે કે ફેડરલ રિઝર્વ મોંઘવારી નિયંત્રિત કરવા માટે દર વધી શકે છે.

માર્કેટ એનાલિસ્ટે કહ્યું છે કે, પાછલા અમુક સપ્તાહમાં આ તેજી જોવા મળી છે. આવતા સપ્તાહે પ્રોડ્યૂસર્સ અને રિટેલ સેલ્સના આંકડાની સાથે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ રિપોર્ટ પર બારીકીથી નજર રાખવામાં આવશે. આ રિપોર્ટ વ્યાજ દર અનુમાનોને વધું નક્કર આકાર આપશે. રોકાણકારને આશા છે કે આગામી મોંઘવારી ડેટા બજાર માટે પોઝિટીવ રહેશે.

આ વર્ષ બજારને ઉપર લઇ જવા વાળી મેગાકેપ કંપનીઓના શેરોમાં શુક્રવારે જોરદાર તેજી જોવા મળી છે. નેવીડીઆમાં લગભગ ત્રણ ટકાનો વધારો થયો છે. મેટા પ્લેટફોર્મ ૨.૬ ટકા વધ્યો અને માઈક્રોસોફ્ટ ૨.૫ ટકા વધ્યો છે. કંપની સમાચારમાં ઇલ્યુમિનાના શેરોમાં આઠ ટકાનો ઘટાડો આવ્યો છે. જેનેટિક ટેસ્ટિંગ કંપનીએ સતત બીજા ક્વાર્ટર માટે તેના સંપૂર્ણ રીતે વર્ષના નફાના પૂર્વાનુમાનને ઓછી કરી છે.

ગયા સપ્તાહ દરમિયાન, ડાઉ જોન્સ લગભગ ૦.૭ ટકા વધ્યો છે. એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ ૧.૩ ટકા વધ્યો છે. નેસ્ડેક ૨.૪ ટકા વધ્યો છે. નેસ્ડેકમાં ૬૧ નવા હાઈ બને અને ૩૫૩ નવા લો જોવા મળ્યા છે. જ્યારે ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર ૭૦ નવા હાઈ અને ૧૫૨ નવા લો બન્યા છે. ગયા ૨૦ સત્રોમાં લગભગ ૧૧ અબજ ડેલી એવરેજની સરખામણીમાં, અમેરિકન એક્સચેન્જમાં લગભગ ૧૦.૨ અબજ શેરોમાં ખરીદી-વેચાણ જોવા મળ્યું છે.

સ્થાનિક બજારમાં અંતિમ સત્રમાં સેન્સેક્સ નેગેટિવ ઝોનમાંથી પોઝિટીવ ઝોનમાં પાછું ફર્યું હતું. વિશ્વબજારના નબળા સંકેત અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે નિરસ બનેલા હવામાનમાં સત્રના મોટાભાગના સમયમાં નેગેટીવ ઝોનમાં અથડાયા બાદ છેલ્લા તબક્કામાં મેટલ, પાવર યુટીલિટી અને ફાઇનાન્શિયલ શેરોમાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં સહેજ આગળ વધવામાં સફળ રહ્યાં હતાં. સેન્સેક્સ ૭૨.૪૮ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૬૪,૯૦૪.૬૮ પર બંધ થયો હતો. એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૩૦.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૧૯,૪૨૫.૩૫ પર પહોંચ્યો હતો. સપ્તાહના અંતે થયેલા સુધારા સાથે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ રૂ. ૪૩.૮૧ લાખ કરોડના વધારા સાથે રૂ. ૩,૨૦,૨૯,૨૩૨.૨૪ કરોડના સ્તરે પહોંચી હતી. ■

# અસ્થિર શૅરબજારના માહોલમાં વિભાજીત ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી લાભકારી

મુંબઇઃ શેરબજાર જ્યારે અસ્થિર, અનિશ્ચિત અને મંદીની સાઇકલમાં હોય ત્યારે સામાન્ય રીતે મોટાભાગના રોકાણકારો ચિંતામાં મૂકાઇ જતાં હોય છે કારણ કે આ પરિસ્થિતિ પોર્ટફોલિયો વેલ્યુએશનને આડઅસર કરે છે. અચાનક મંદી ાવવાથી રોકાણકારો ધીરજ ગુમાવી બેસે છે અને વેચવાલી કરી બેસે છે. આ પગલું વાસ્તવમાં તેમનો કોઈ હેતુ સર કરતું નથી અને સરવાળે ખોટનો જ સોદો થાય છે. શેરબજારની અસ્થિરતા અને ચડતી પડતી બજારના અવિભાજ્ય ઘટકો છે. ઇક્વિટી, ડેટ સાધનો, સોનું-ચાંદી કે રિયલ એસ્ટેટ જરેક એસેટ ક્લાસને પોતપોતાના ચક્ર હોય છે. જોકે, કોઈપણ બે એસેટ ક્લાસમાં કોઈપણ સમયે સમાન ચક્ર હોઇ ન શકે. આ બાબત ધ્યાનમાં રાખીને રોકાણકારો મલ્ટિ-એસેટનો વ્યૂહ અપનાવવો જોઇએ, જોકે તમામ રોકાણકારો પાસે આ અંગેની સમજ ના હોવાથી તે એટલું સરળ પણ નથી. આ જ કારણે માર્કેટ રેગ્યુલેટર સેબી નાના રોકાણકારોને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની મદદ લેવાની સલાહ આપે છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ આવા રોકાણકારોને મલ્ટી-એસેટ એલોકેશન ફંડના રૂપમાં સોલ્યુશન ઓફર કરે છે.

અહીં, એક પ્રોફેશનલ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર, રોકાણકાર વતી વિવિધ એસેટ ક્લાસ માટે યોગ્ય અને સમયસર ફાળવણી કરશે. અસરમાં, રોકાણકારને એક જ જગ્યાએ બહુવિધ એસેટ ક્લાસના વિવિધ લાભોનો ઉપયોગ કરવો પડે છે એમ જણાવતાં કિરણ શેરસ્ટોકર્સ પ્રાઈવેટ લિમિટેડના સનમ દેસાઈ કહે છે કે, વ્યક્તિએ એ સમજવાની જરૂર છે કે વિવિધ એસેટ ક્લાસના વિવિધ બજાર ચક્ર અને મૂલ્યાંકન ગતિશીલતાનો લાભ મેળવવા માટે મલ્ટિ એસેટ સંપત્તિ રોકાણ વ્યૂહરચના સારી તક આપે છે. આ વ્યૂહમાં પોર્ટફોલિયો એક એસેટ ક્લાસ તરફ કેન્દ્રિત હોવાને બદલે, રોકાણ શ્રેષ્ઠ વૃદ્ધિ માટે યોગ્ય પ્રમાણમાં ત્રણ કે તેથી વધુ સંપત્તિ વર્ગોમાં વિભાજિત હોય છે. આમ, મલ્ટિ-એસેટ ઇન્વેસ્ટિંગ વ્યૂહરચના અનુસરીને, રોકાણકારો માત્ર તેમના જોખમોમાં વિવિધતા લાવી શકતા નથી, પરંતુ સંતુલિત રીતે તમામ અસ્કયામતોના એકત્રિત લાભ મેળવી શકે છે. વધુમાં, આવા પોર્ટફોલિયો કોઈ ચોક્કસ એસેટ ક્લાસના માર્કેટ સાઈકલને અસર કરતા નથી, જેનાથી રોકાણકારોને એક એસેટ ક્લાસમાં કેન્દ્રિત પોર્ટફોલિયોની સરખામણીમાં સલામતી મળે છે. ■

# ભારત કેન્દ્રીત ઈટીએફમાં ૨.૪૦ અબજ ડોલરનો નેટ ઈન્ફલો

મુંબઈઃ ભારત કેન્દ્રીત એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં વર્તમાન વર્ષમાં નેટ ઈન્ફલોઝ ૨૦૧૪ની સપાટીને પાર કરી ગયાનું જોવા મળી રહ્યું છે. ચીનના વિકલ્પ તરીકે ભારત રોકાણકારોની પ્રથમ પસંદગી તરીકે ઉભરી રહ્યું હોવાથી આમ થયું હોવાનું જાણકારો માને છે.

ભારત કેન્દ્રીત ઈટીએફસ દ્વારા પાછલા ત્રણ મહિનામાં ૭૫.૩૦ કરોડ ડોલરની ખરીદી કરવામાં આવી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. ભારત કેન્દ્રીત ઈટીએફસમાં વર્તમાન વર્ષના ઓકટોબર સુધીમાં ૨.૪૦ અબજ ડોલરનો નેટ ઈન્ફલોઝ જોવા મળ્યો છે, જે ૨૦૧૪ના ઓકટોબર સુધીમાં જોવા મળેલા બે અબજ ડોલર કરતા નોંધપાત્ર વધુ છે. દેશની મજબૂત આર્થિક સ્થિતિ ઉપરાંત ચીનના વિકલ્પ તરીકે ભારત પર ઢોળાઈ રહેલી પસંદગીને કારણે ભારત લક્ષી ઈટીએફસમાં રોકાણકારો વધુ નાણાં ઠાલવી રહ્યા છે. ભારત હજુ વિકાસના પ્રારંભિક તબક્કામાં છે અને આગામી એકથી બે દાયકા સુધી અહીં સારી તકો રહેલી હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.

વર્તમાન તથા આગામી નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૬ ટકાથી વધુ રહેવા વિવિધ એજન્સીઓ દ્વારા અંદાજ મુકાયા છે. એમએસસીઆઈ ઊભરતી બજારોના સ્ટોક ઈન્ડેકસમાં ૧.૩૦ ટકા તથા અમેરિકાના બેન્ચમાર્ક ઈન્ડેકસ એસએન્ડપી ૫૦૦માં ૧૩.૫૦ ટકાની વૃદ્ધિની સામે ભારતનો એનએસઈ૫૦ વર્તમાન વર્ષમાં ૭.૨૦ ટકા વધ્યો છે.

ચીનમાં આર્થિક વિકાસની ચિંતાને કારણે રોકાણકારો તેમના ઊભરતી બજારોના પોર્ટફોલિઓમાં વૈવિધ્યતા લાવવા ઈરાદો ધરાવે છે જેનો સૌથી મોટો લાભકર્તા ભારત જણાય છે. ચીનનો સીએસઆઈ૩૦૦ ઈન્ડેકસ વર્તમાન વર્ષમાં આજ તારીખ સુધીમાં ૬.૨૦ ટકા ઘટયો છે. ■

# જેપી મોર્ગને ભારતનું રેટિંગ અપગ્રેડ કર્યું : ઈમર્જિંગ પોર્ટફોલિયોમાં ત્રણ શેરો સામેલ

મુંબઈઃ ભારતના નક્કર આર્થિક વૃદ્ધિપથ પર વધુ એક વખત વિશ્વાસ વ્યક્ત કરતા રેટિંગ એજન્સીનું અપગ્રેડ મળ્યું છે. જેપી મોર્ગને ભારતનું રેટિંગ અપગ્રેડ કરીને ઓવરવેઈટ કર્યું છે. અગાઉ મોર્ગન સ્ટેનલી, સીએલએસએ અને નોમુરા જેવા અગ્રણી વૈશ્વિક બ્રોકરેજોએ પણ ભારતનું રેટિંગ અપગ્રેડ કર્યું હતું.

જેપી મોર્ગને રેટિંગ અપગ્રેડ કરવા પાછળના ઘણા પરિબળોને ટાંક્યા છે, જેમાં જનરલ ઈલેક્શન સંબંધિત હકારાત્મક મોસમ, ઉભરતાં બજારોની નોમિનલ જીડીપીમાં મજબૂત વૃદ્ધિ અને વધુ વ્યાપક બોન્ડ માર્કેટનો વિકાસ સામેલ છે. તદ્ઉપરાંત આ પરિબળોને કારણે રિસ્ક પ્રીમિયમમાં ઘટાડો થવાની અપેક્ષા છે. જેપી મોર્ગનનું માનવું છે કે અમેરિકામાં લાંબા ગાળાના વ્યાજદરો વધતા અને ડોલરની મજબૂતાઈ વૃદ્ધિ ઈમર્જિંગ માર્કેટની ઇક્વિટી માટે પડકાર બની રહી છે અને સાથેસાથે વ્યાજદરમાં વધારો અને વિકાસદરમાં ઘટાડો પણ પરિણામે છે. અમેરિકામાં આથક મંદી અટકે અને ઓસરે તથા વ્યાજદરમાં વધારાની સાયકલ પૂર્ણ થાય પછી જ ઈમર્જિંગ માર્કેટ માટે સ્થાયી સકારાત્મક માહોલ બની શકે છે.

જેપી મોર્ગન બ્રોકરેજ હાઉસે તેના ઇમર્જિંગ માર્કેટ્સ મોડલ પોર્ટફોલિયોમાં સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, બેંક ઓફ બરોડા અને હિન્દુસ્તાન યુનિલિવરનો સમાવેશ કર્યો છે. અગાઉ મોર્ગન સ્ટેનલીએ આર્થિક અને આવક વૃદ્ધિમાં સુધારાને કારણે ભારતનું રેટિંગ ઓવરવેઇટમાં અપગ્રેડ કર્યું હતું.

સીએલએસએએ તેના ભારત પોર્ટફોલિયો અલોકેશનમાં ૨૦ ટકાનો વધારો કર્યો હતો. નોમુરાએ મજબૂત સકારાત્મક માહોલ અને ચાઇના પ્લસ ટ્રેન્ડથી સંભવિત લાભોને ટાંકીને સપ્ટેમ્બરમાં ભારતનું રેટિંગ ઓવરવેઇટમાં અપગ્રેડ કર્યું હતું.

# તહેવારોની જોરદાર ઘરાકીને પગલે ઈ-વે બિલની સંખ્યા પ્રથમ વખત જ દસ કરોડને પાર કરી ગઇ

મુંબઈ : વર્તમાન વર્ષના દશેરા તથા દિવાળીના તહેવાર પહેલા દેશમાં માલસામાનની હેરફેરમાં જોરદાર વધારો થયાનું ઈ-વે બિલના આંકડા પરથી કહી શકાય છે. રાજ્યની અંદર અને એક રાજ્યથી બીજા રાજ્યમાં માલસામાનની હેરફેર માટે વેપાર ગૃહો દ્વારા ગયા મહિને ઈ-વે બિલ્સ અથવા તો ઈલેક્ટ્રોનિક પરમિટ જનરેટ કરવાની સંખ્યા પ્રથમ વખત દસ કરોડને પાર કરી ગઈ છે.

જીએસટીએનના આંકડા પ્રમાણે ઓકટોબરમાં દેશમાં કુલ ૧૦.૦૩ કરોડ ઈ-વે બિલ જનરેટ થયા છે. જે દશેરા તથા દિવાળી પહેલા માલસામાનની જોરદાર હેરફેર થયાનું સૂચવે છે. વર્તમાન વર્ષના ઓગસ્ટમાં કુલ ૯.૩૪ કરોડઈ-વે બિલ જનરેટ થયા હતા જે અત્યારસુધીનો સૌથી મોટો આંક હતો. તહેવારો ઉપરાંત ફરજપાલનમાં સખતાઈ પણ ઊંચા ઈ-વે બિલ માટે જવાબદાર હોવાનું સરકારી સુત્રો જણાવી રહ્યા છે.

ઈ-વે બિલની ઊંચી સંખ્યા દેશમાં આર્થિક પ્રવૃત્તિમાં સુધારો થયાનું પણ સૂચવે છે. દિવાળી બાદ શરુ થનારી તહેવારોની મોસમ પહેલા પણ માલસામાનની મોટી સંખ્યામાં હેરફેર થવાની શકયતા જોવાઈ રહી છે. રાજ્યની અંદર તથા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં રુપિયા ૫૦,૦૦૦થી વધુના મૂલ્ય સાથેના કન્સાઈનમેન્ટ માટે વેપારગૃહોએ ઈ-વે બિલ જનરેટ કરવાનું રહે છે, જેમાં માલસામાન પર ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)ની ચૂકવણી કરાઈ હોવાની વિગતો હોય છે.

દેશમાં જીએસટીની ચોરી પકડી પાડવા સત્તાવાળા ચકાસણીને વધુ સખત બનાવી રહ્યા છે જેને પરિણામે જીએસટી મારફતની આવકમાં વધારા સાથે કરચોરી પણ મોટી માત્રામાં પકડાઈ રહી હોવાનું સરકારી સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું.

જીએસટી મારફતની આવકમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેશનની સંખ્યા ૯.૨૦ કરોડ રહી હતી અને વસૂલી રુપિયા ૧.૭૨ લાખ કરોડ રહી હતી. ■

# ફુગાવાના ઘટાડા છતાં ખાદ્યપદાર્થોના ભાવમાં થઈ રહેલો વધારો ચિંતાનજક : રિઝર્વ બૅન્ક

મુંબઈઃ તાજેતરના મહિનાઓમાં ફુગાવામાં ઘટાડો થયો હોવા છતાં ભારત ખાદ્યપદાર્થોના ભાવ વધારાનો આંચકો ચિતાનજક હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું. આવા સંજોગોમાં નાણાકીય આરબીઆઇ સંપૂર્ણપણે સાવધ છે અને તેનું વલણ આર્થિક વૃદ્ધિને ટેકો આપવા સાથે ફુગાવાને નિયંત્રિત કરવાનું છે.

ભારતીય છૂટક ફુગાવો, ગ્રાહક ભાવ સૂચકાંક દ્વારા માપવામાં આવે છે, તે સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૦૨ ટકાના ત્રણ મહિનાની નીચી સપાટીએ છે કારણ કે શાકભાજીના ભાવમાં ઘટાડો થયો હતો. પરંતુ તે રિઝર્વ બેન્કના ૪ ટકાના લક્ષ્યાંકથી ઉપર છે. ઓગસ્ટ ૨૦૨૩માં રિટેલ ફુગાવાનો દર ૬.૮૩ ટકા હતો તેમ જાપાનમાં ભારતીય અર્થતંત્ર પરના સેમિનારમાં બોલતા દાસે કહ્યું હતું.

સરકારે સેન્ટ્રલ બેંકને બે ટકાના તફાવત સાથે ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવાને ચાર ટકા રાખવાની જવાબદારી સોંપી છે. રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ મે ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે પોલિસી રેપો રેટમાં ૨૫૦ પોઈન્ટનો વધારો કર્યો છે, જેથી ફુગાવાને નિયંત્રિત કરી શકાય. રિઝર્વ બેંકે પાછલી ચાર મીટિંગમાં પોલિસી રેટ સ્થિર રાખ્યા છે. આગામી મોનેટરી પોલિસી કમિટી બેઠક ડિસેમ્બરની શરૂઆતમાં યોજાવાની છે. મોનેટરી પોલિસી કમિટીએ આ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ફુગાવાનો દર ૫.૪ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. જે ૨૦૨૨-૨૩ના ૬.૭ ટકા કરતા ઓછો છે.

આરબીઆઈની નાણાકીય ટેક્નોલોજી (ફિન ટેક) વાતાવરણનો ઉલ્લેખ કરતાં દાસે કહ્યું કે તે ગ્રાહક કેન્દ્રિત છે. સેલ્ફ-રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન દ્વારા વધુ સારી રીતે શાસન વ્યવસ્થા, અસરકારક દેખરેખ, નૈતિક રીતે યોગ્ય પ્રવૃત્તિઓ અને જોખમ વ્યવસ્થાપન અને ફિનટેકના સ્વ-નિયમનને પ્રોત્સાહિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

જો કે, હેડલાઇન ફુગાવો ખાદ્યપદાર્થોના ભાવના આંચકા પ્રત્યે સંવેદનશીલ રહે છે.ભારતમાં ફિનટેક ક્રાંતિએ અભૂતપૂર્વ ભૂમિકા ભજવી છે. તેની સક્સેસ સ્ટોરી ખરેખર આંતરરાષ્ટ્રીય મોડલ બની ગઈ છે. મોબાઇલ એપ્લિકેશન્સ દ્વારા બેંક ખાતાઓ વચ્ચે તરત જ નાણાં ટ્રાન્સફર કરવાની તેની ક્ષમતાએ લોકોની ડિજિટલ વ્યવહારો કરવાની રીત બદલી નાખી છે. આ ઉપરાંત યુપીઆઈને અન્ય દેશોની ઝડપી પેમેન્ટ સિસ્ટમ્સ સાથે જોડવાનું પણ કામ ચાલી રહ્યું છે. ■

# સિસ્ટમ આઉટેજને કારણે ફોરેક્સમાં ઊથલપાથલઃ આરબીઆઈએ સ્પષ્ટતા માગી

નવી દિલ્હીઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે સિસ્ટમ આઉટેજને કારણે રૂપિયામાં મોટા ઉતાર-ચઢાવ અંગે ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ પાસેથી સ્પષ્ટતા માંગી હતી. જેના કારણે રૂપિયો ૮૩.૫૦ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ડેટા પ્રોવાઇડર એલએસઇજી (લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રૂપ) એ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે અમે ભારતીય ફોરેન એક્સચેન્જ પ્લેટફોર્મને અસર કરતી ટેક્નિકલ સિસ્ટમ આઉટેજને સરખી કરી દીધી છે. અમે શું થયું તેની તપાસ કરી રહ્યા છીએ.એલએસઇજી ગ્રાહકોને ઓથેંટિકેશન સર્વિસમાં સર્જાઈ સમસ્યાઓ એલએસઇજી એ કહ્યું, ટેકનિકલ ઘટનાને કારણે, કેટલાક એલએસઇજી ક્લાયન્ટ્સને ઓથેંટિકેશન સર્વિસમાં સમસ્યા આવી, જેના કારણે કેટલાક લોકોને એફએક્સટી ઍક્સેસ કરવામાં મુશ્કેલી પડી. આના કારણે વ્યવસાયિક સેવાઓને અસર થઈ હતી. મુશ્કેલીઓ દુર થઈ ગઈ છે અને સામાન્ય સેવા ફરી શરૂ થઈ છે. મુખ્ય કારણની તપાસ કરવામાં આવી રહી છે. આરબીઆઈએ આ બાબતને ગંભીરતાથી લીધી છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, આ મામલાની જાણકારી ધરાવતી એક વ્યક્તિએ કહ્યું કે રિઝર્વ બેંક આ બાબતનું ઊંડાણપૂર્વક એનાલિસિસ કરવા માંગે છે. તેના પરથી જાણી શકાય છે કે જો રુપિયો લાઈફ ટાઈમ લો પર ગયો તો તેની પાછળનું કારણ સિસ્ટમની નિષ્ફળતા અથવા કોઈ માનવીય ભૂલ હતી.શું સિસ્ટમ આઉટેજ દરમિયાન બધા નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું? રિઝર્વ બેંક એ જાણવા માગે છે કે શું સિસ્ટમ આઉટેજ દરમિયાન કારોબાર ચાલુ રાખવાની પ્રક્રિયા સંબંધિત તમામ નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું? શુક્રવારે તેની સૌથી નીચી સપાટીએ સુધી ગયા બાદ ડોલર સામે રુપિયો ૮૩.૩૪ની રેકોર્ડ નીચી સપાટીએ બંધ થયો હતો. ■

# ચીનનું અર્થતંત્ર મુશ્કેલીમાંઃ ઈતિહાસમાં પ્રથમ વખત વિદેશી રોકાણમાં ઘટાડો

મુંબઇઃ અમેરિકા-ચાઇના ટ્રેડ વોર અને અન્ય પશ્ચિમી દેશો દ્વારા રશિયા અને અન્ય દેશો પર લાદવામાં આવેલા પ્રતિબંધોની નકારાત્મક અસર ચીનના અર્થતંત્ર પર પડી રહી છે અને ઉપલબ્ધ ડેટા પશ્ચિમના ડી-રિસ્કિંગ ફેક્ટરની અસર દર્શાવી રહ્યાં છે. ચીનના વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ એટલે કે એફડીઆઈમાં ઈતિહાસમાં પ્રથમ વખત ત્રિમાસિક ખાધ નોંધાઈ છે.

ચીનના પેમેન્ટ ડેટા અનુસાર એફડીઆઈનું એક વ્યાપક અંદાજ આપતા ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ લાયબિલિટીઝ, જેમાં વિદેશી કંપનીઓની ચીનમાં જાળવી રાખેલી કમાણીનો સમાવેશ થાય છે તેમાં જુલાઈ-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન ૧૧.૮ અબજ ડોલરની એટલેકે અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયાની ખાધ હતી.

વર્ષ ૧૯૯૮માં ચીનના વિદેશી ફોરેન એક્સચેન્જ રેગ્યુલેટર દ્વારા ડેટાનું સંકલન કરવાની શરૂઆત બાદની પ્રથમ ત્રિમાસિક ખાધ છે. અર્થશાસ્ત્રીઓ આ ખાધને ચીનમાંથી પશ્ચિમી દેશો દ્વારા થઈ રહેલ ડી-રીસ્કિંગની અસર તેમજ ચીનના વ્યાજ દરના ગેરલાભ સાથે સાંકળી રહ્યાં છે.

એફડીઆઈ આઉટફ્લોને કારણે ચાલુ ખાતા અને ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ બેલેન્સનો સમાવેશ કરતા ચીનનું બેઝિક બેલેન્સમાં પણ ૩.૨ અબજ ડોલરની ખાધ નોંધાઈ છે. આ આંકડો પણ ઈતિહાસની બીજી ત્રિમાસિક ખાધ દર્શાવે છે.

ગોલ્ડમેન સાશના વધુ એક આંકડા અનુસાર સપ્ટેમ્બરમાં ચીનમાંથી વિદેશી હૂંડિયામણનો આઉટફ્લો ઝડપથી વધીને ૭૫ અબજ ડોલર થયો હતો, જે ૨૦૧૬ પછીનો સૌથી મોટો માસિક આંકડો છે. ગોલ્ડમેન સાશે લખ્યું કે, ચીનના ઇનવર્ડ એફડીઆઈમાં કેટલીક નબળાઈ મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા કમાણી પરત મોકલવાને કારણે હોઈ શકે છે.

ચીનમાં વ્યાજદર લાંબા સમય માટે નીચા હોવા સામે ચીનની બહારના વ્યાજ દરો લાંબા સમય માટે ઊંચા હોવાથી કેપિટલ આઉટફલોનું દબાણ યથાવત રહેવાની શક્યતા છે. ઓક્ટોબરમાં ચીનની આયાત ત્રણ ટકા વધી જો કે નિકાસ સતત છઠ્ઠા મહિને ઘટી છે. ઓક્ટોબરમાં ચીનની આયાત વધી હતી, પરંતુ સતત છઠ્ઠા મહિને નિકાસમાં ઘટાડો નોંધાયો હતો.

આ દર્શાવે છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પર સંકટ હજુ પણ યથાવત છે. કસ્ટમ્સના ડેટા અનુસાર એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીએ ઓક્ટોબરમાં ચીનની આયાત ત્રણ ટકા વધીને ૨૧૮.૩ બિલિયન ડોલર થઈ હતી.

નિકાસ ૬.૪ ટકા ઘટીને ૨૭૪.૮ બિલિયન ડોલર થઈ છે. આ સમયગાળા દરમિયાન ચીનનો વેપાર સરપ્લસ ઘટીને ૫૬.૫ બિલિયન ડોલર થયો હતો. જે સપ્ટેમ્બરના ૭૭.૭ અબજ ડોલરના આંકડા કરતાં ૩૦ ટકા ઓછું છે. આ સિવાય ટ્રેડ સરપ્લસનું આ ૧૭ મહિનામાં સૌથી નીચું સ્તર છે. ■

# તહેવારોને ટાંકણે ભાવ અંકુશમાં રાખવા અડદ, તૂવેરની સંગ્રહ મર્યાદા વધારાઇ

મુંબઈ : જથ્થાબંધ બજારનાવેપારીઓ માટે અડદ, તુવેરની સ્ટોક મર્યાદા વધારવામાં આવી છે, જ્યારે રિટેલરો માટે યથાવત્ રાખવામાં આવી છે. નવો નિર્ણય ૩૧ ડિસેમ્બર સુધી અમલી બની રહેશે. તહેવારો સમયે કઠોળનો પૂરવઠો વધારવાના ભાગરૂપ સરકારે હોલસેલરોને તુવેર તથા અડદ માટેની સ્ટોક મર્યાદા વધારવાનો નિર્ણય કર્યો છે જોકે, રિટેલરો માટે સ્ટોક લિમિટ જાળવી રાખવામાં આવી છે. સરકારે વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં સ્ટોક મર્યાદા ઘટાડી હતી. હોલસેલરો માટે તુવેર તથા અડદની સ્ટોક લિમિટ જે અગાઉ પચાસ ટન હતી, તે વધારી ૨૦૦ ટન કરવામાં આવી છે. જ્યારે રિટેલરો માટે પાંચ ટનની લિમિટ જાળવી રાખવામાં આવી હોવાની માહિતી ગ્રાહક બાબતો, અન્ન અને વિતરણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશમાં આપવામાં આવી છે. મિલરો માટે સ્ટોક મર્યાદા પાછલા ત્રણ મહિનાનું ઉત્પાદન અથવા વાર્ષિક સ્થાપિત ક્ષમતાના ૨૫ ટકા, આ બેમાંથી જે વધુ હોય તે લાગુ થશે.આયાતકારો વધુ દિવસ સુધી સ્ટોક રાખી શકશે. સરકારનો આ નિર્ણય તાત્કાલિક અમલમાં આવશે અને ૩૧ ડિસેમ્બર સુધી લાગુ થશે. આયાતકારો માટે મર્યાદા ૬૦ દિવસ છે.

# ચીનમાં સીધા વિદેશી રોકાણનો ઘટાડો ભારત માટે સારો સંકેત

મુંબઇ : ભારતમાં સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)માં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ગ્રીનફિલ્ડ રોકાણ (નવું રોકાણ) અપેક્ષિત છે કારણ કે ચીન પ્રથમ વખત ત્રિમાસિક એફડીઆઈ ખાધનો સામનો કરી રહ્યું છે. યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંકટાડ) કહે છે કે નવા રોકાણના સંદર્ભમાં ભારત ટોચના ત્રણમાં છે, જે દર્શાવે છે કે તે નવા પ્રોજેક્ટ્સ માટે વૈશ્વિક ભંડોળ આકર્ષિત કરી રહ્યું છે.

એપ્રિલથી ઓગસ્ટ સુધીમાં ભારતમાં નેટ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૮.૦૩ બિલિયન ડોલરથી ઘટીને ૨.૯૯ બિલિયન ડોલર થઈ ગયું છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું ઓક્ટોબર ૨૦૨૩નું બુલેટિન દર્શાવે છે કે ચાલુ વર્ષ માટે ભારતમાં એફડીઆઈ ૭.૨૮ બિલિયન ડોલર છે, જે ૨૦૨૨ના સમાન સમયગાળામાં ૨૨.૭૯ બિલિયન ડોલરથી ઓછું છે. નીતિ નિર્માતાઓ ૨૦૨૪ સુધીમાં રોકાણ પ્રવાહમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. આ આશાવાદ વિદેશી રોકાણકારો માટે વધુ આવકારદાયક વાતાવરણ ઊભું કરવાના ભારતના પ્રયાસોને કારણે પણ છે, કારણ કે વિશ્વભરના દેશો ચીન પર તેમની નિર્ભરતા ઘટાડવાનું વિચારે છે. આ પગલું આંતરરાષ્ટ્રીય ઉત્પાદન અને વેપાર નેટવર્કનો વધુ મહત્વપૂર્ણ ભાગ બનવાના ભારતના ચાલુ પ્રયાસોને અનુરૂપ છે. ભારત સરકારના સહાયક પગલાંને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ) માટે ટોચની પસંદગી બની રહ્યું છે.

ભારતમાં ફૂડ પ્રોસેસિંગ સેક્ટરને છેલ્લા નવ વર્ષમાં એફડીઆઈમાં રૂ. ૫૦,૦૦૦ કરોડ મળ્યા છે, જેના કારણે પ્રોસેસ્ડ ફૂડની નિકાસમાં ૧૫૦%નો વધારો થયો છે. સરકાર ભારતના અવકાશ ક્ષેત્ર માટે સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ) નિયમો હળવા કરી શકે છે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન ચીનના વિદેશી રોકાણમાં થયેલો તાજેતરનો ઘટાડો તેની અર્થવ્યવસ્થાની સમસ્યાઓ જેમ કે વસ્તીના મુદ્દાઓ, નાણાકીય પડકારો અને રિયલ એસ્ટેટની સમસ્યાઓ દર્શાવે છે. ■

# રાપરમાં આતશબાજીથી ગૌશાળાના ઘાસચારાના ગોદામમાં ભીષણ આગ


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:દીપોત્સવી મહાપર્વની રાત્રે થયેલી આતશબાજીમા દરમિયાન કચ્છમાં ત્રણ જેટલા સ્થળે આગના બનાવો બન્યાં હતા. દિવાળીના સપરમા દિવસે સીમાવર્તી રાપર તાલુકાના ગાગોદર ખાતે આવેલી એક ગૌશાળામાં સંગ્રહ કરવામાં આવેલા કિંમતી ઘાસચારામાં ફટાકડાને કારણે ભીષણ આગ ફાટી નીકળતાં લાખોની કિંમતનો ઘાસચારો બળીને ખાક થઇ જવાની ઘટના સામે આવી છે. આ ઉપરાંત ભચાઉ શહેરના ચાર રસ્તા નજીક ખુલ્લા વાડામાં રોકેટ આવી ચડતાં આગ લાગી હતી જયારે ભુજ શહેરમાં આવેલી ભારતીય સંચાર નિગમ લિમિટેડની કચેરીના સંકુલમાં રાખેલા મોંઘેરા કેબલના ફિંડલામાં આગ લાગી હતી, તો આજે ઠંડીમાં મોખરે રહેલાં અબડાસાના નલિયા ખાતે એક ગાદલાંની દુકાનમાં આગ લાગી ઉઠતા મોટું નુકસાન થયું હતું.

ફાયર ડિપાર્ટમેન્ટના ઇમરજન્સી રિસ્પોન્સના જણાવ્યા અનુસાર, રાપરના ગાગોદર ખાતે આવેલી એક ગૌશાળામાં મોડી સાંજે આગનો બનાવ બનવા પામ્યો હતો જેમાં વાડામાં સંગ્રહ કરાયેલા ઘાસના જથ્થામાં ફટાકડાનો તણખો ઝરતાં લાગેલા દવાનળમાં પશુધન માટે લાઈફલાઈન સમો ઘાસચારો બળીને ખાક થઇ ગયો હતો. પશુઓ દાઝી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જયારે ભુજ શહેરના હરીપર માર્ગે આવેલા દૂરસંચાર કેન્દ્રના કમ્પાઉન્ડમાં કેબલના જથ્થામાં આગ ભભૂકી ઉઠતાં આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોમાં ઉચાટ ફેલાઈ ગયો હતો, જોકે સમયસર દોડી આવેલી ફાયર વિભાગની ટુકડીઓએ આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

જયારે નલિયા ગામની જૂની બજારમાં આવેલી ગાદલાની દુકાનમાં ફટાકડાને કારણે આગ લાગી જતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગને સ્થાનિક લોકોએ પોતાની રીતે પાણીની મદદથી કાબુમાં લેતા રાહત ફેલાઈ હતી. આગના કારણે દુકાનમાં મોટું નુકસાન પહોંચ્યું હોવાનું દુકાનદારે રડતાં-રડતાં જણાવ્યું હતું. ■



**સૌરાષ્ટ્ર પ્રકાશમયઃ દિવાળીની ઉજવણી, ચોપડા પૂજન થયુંઃ** સૌરાષ્ટ્રમાં રવિવારે સવારે દેવ દર્શન બાદ સાંજે આતશબાજીથી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ, ભાવનગર સહિતના મહાનગરોમાં વેપારીઓ અને વ્યવસાયકારોએ પરંપરાગત વિધિ સાથે ચોપડાં પૂજન કર્યું હતું. (તસવીરઃ પ્રવિણ સેદાણી)

# અમરેલીમાં આપઘાતની બે ઘટનામાં બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં આપઘાતની અલગ-અલગ બે ઘટનામાં બેના મોત થયા હતાં. જેમાં અમરેલીમાં પુત્રનુ અકસ્માતમા મોત બાદ તેના આઘાતમા પિતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધુ હતુ. જ્યારે ધારીમાં પત્ની સાથે ઝઘડો થયા બાદ પતિએ ઝેર પી આપઘાત કર્યો હતો. અમરેલીમા રહેતા અસરફભાઇ હારુનભાઇ નાગાણી (ઉ.વ.૫૮) નામના આધેડનો દીકરો પાંચ વર્ષ પહેલા અકસ્માતમા મૃત્યુ પામ્યો હતો. તેમની બહુ યાદ આવતી હોય અને તેના વગર જીવવુ ન હોય લાગી આવતા અસરફભાઇએ ઝેરી દવાના ટીકડા ખાઇ લીધા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામા આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત થયુ હતુ. બીજી ઘટના ધારીમા હિમખીમડીપરામા રહેતા યુનુસ પઠાણ (ઉ.વ.૩૪) નામનો યુવક તેની પત્ની અને બાળકો સાથે બગસરા રહેતા હતા. ત્યાં પત્ની સાથે ઘરના કામકાજ બાબતે બોલાચાલી થઇ હતી જેથી યુવક ધારી તેના પિતાના ઘરે રહેવા માટે આવતો રહ્યો હતો. ■

# રંગીલા રાજકોટમાં દિવાળી ધામધુમથી ઉજવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં દિવાળીના મહાપર્વની આનંદ અને હર્ષોઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. દિવાળીના આ મહાપર્વ પર રાજકોટ જાણે નાની અયોધ્યા નગરી બન્યું હોય અને સમૃદ્ધિના રંગે રંગાયું હોય તેવો માહોલ રહ્યો હતો. રાજકોટની ગુંદાવાડી, લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ મુખ્ય બજારો સહિત આખા શહેરને લાઇટિંગથી શણગારવામાં આવ્યુ હતું. શહેરના લોકો પરિવાર સાથે ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. રાજકોટ શહેરમાં સર્વત્ર દિવાળીના પર્વને લઇ ઉલ્લાસ-ઉમંગનો માહોલ જોવા મળે છે. ત્યારે શહેર મનપા દ્વારા પણ દિવાળી નિમિતે ખાસ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં રેસકોર્ષ, બહુમાળી ચોક, કાલાવડ રોડ, મુખ્ય બજારો જેવા સમગ્ર શહેરના અનેક વિસ્તારોને લાઇટિંગનો શણગાર કરવામાં આવ્યા હતા તેમજ ધનતેરસના દિવસે મનપા દ્વારા રેસકોર્ષ મેદાનમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ આતશબાજીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે પણ આતશબાજીના આ કાર્યક્રમને નિહાળવા માટે બહોળી સંખ્યામાં રાજકોટવાસીઓ ઉમટી પડ્યા હતા અને આતશબાજીની મજા માણી હતી. આ વર્ષે રાજકોટ શહેરમાં વેપારી દ્વારા સુતળી-બોમ્બ, શંભુ, ભો-ચકરી, રોકેટ સહિતના ફટાકડા આકારની ચોકલેટ તૈયાર કરવામાં આવી છે. આ ફટાકડા આકારની ચોકલેટ હાલ રાજકોટની બજારમાં ખૂબ જ ધૂમ મચાવી હતી. લોકોએ રૂ. ૬૦૦થી લઈ કિલોના ભાવે ચોકલેટની ખરીદી કરી હતી. ■

# આપના વધુ એક નેતા ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટીમાંથી ૧૧મી નવેમ્બરે રાજીનામું આપનાર યુવા નેતા નિખિલ સવાણી ભાજપમાં જોડાયા હતા. નિખિલ સવાણીએ સોશિયલ મીડિયામાં પોતે આ અંગે જાહેરાત કરી હતી. ૧૧મી નવેમ્બરે નિખિલ સવાણીએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. આપ પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને સંબોધીને લખેલા રાજીનામાંના પત્રમાં નિખિલ સવાણીએ લખ્યું હતું કે હું નિખિલ સવાણી આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીઓ અને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી તાત્કાલીક અસરથી રાજીનામું આપું છું. અત્રે ઉલ્લેખનીય છે નિખિલ સવાણી આમ આદમી પાર્ટીમાં જોડાયા પહેલા કોંગ્રેસમાં હતા, તે યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ હતા. નિખિલ સવાણીને કોંગ્રેસના નેતાઓ પર પક્ષપાતનો આરોપ લગાવ્યા બાદ યુથ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા, જે બાદ જુલાઈ ૨૦૨૧માં નિખિલ સવાણી ઈસુદાન ગઢવીની હાજરીમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ■

# તળાજાના ખેડૂતોની દિવાળી બગડીઃ બકાલુ વેચાયું નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મોટાભાગના ગાડમાંઓના ખેડૂતો શાકભાજી ની થોડાઓછા વત્તા અંશે ખેતી કરેછે.જેમાં અમુક બકાલાનો પાક લેનાર ખેડૂતને દિવાળી એ રડવા નો વખત આવ્યો છે. શિયાળામા ખાસ ખાવાની સલાહ આપવામાં આવે છે તેવા લીલા શાકભાજી ના ભાવ સારા છે.

ખેત જણસ કોઈપણ હોય પુરવઠા અને માગ નો અહીં નિયમ લાગુ ચોક્કસ પડે છે. તળાજા યાર્ડમાં રીંગણાં, કરેલા, ભીંડો, દૂધી, મરચા સહિતના શાક ની આવક સામે માગ ઓછી હોય ખેડૂતોને રડવા નો વખત આવ્યો છે. રૂ.૧ થી લઇ ૫-૭ રૂપિયે કીલો હોલસેલ ભાવે જરૂરિયાત પ્રમાણે વેપારીલઈ જાય છે.બાકીના શાક વેંચાય વગરના પડ્યા રહે છે. ખેડૂતો ને અમુક શાક ગામડે થી યાર્ડ મા બાઈક પર લાવવા પણ પોસાતા નથી.આખે આખી ગાંસડી ૩૦ થી ૫૦ રૂપિયામાં વેચાય છે. તેની સામે દેશી ટમેટાની આવક નહિવત થતા પાર્સલના ટમેટા આવે છે.જેના ભાવ એકજ દિવસમાં બમણા થઈ ગયા છે. ત્રીસ રૂપિયે કિલો વેચાતા ટમેટા હોલસેલમા પાંત્રીસ રૂપિયે વેચાતા માર્કેટમા છૂટક પચાસ થી સાઈઠ રૂપિયે કિલો વેચાય છે.

શિયાળામા ખાસ કરીને લીલા શાકભાજી ખાવાની તબીબો દ્વારા સલાહ મળે છે તેમાં તુવેર,લીલી વાલોળ, ચપટા,ચોળી જેવા શાક ની આવક મધ્યમછે.તેના ભાવ રૂપિયા પચાસ કે તેનાથી વધુ ના ભાવે વેચાય રહ્યા છે.તળાજામા ફ્રુટના વેપારીઓ કહે છેકે આવી મંદી ભૂતકાળમાં ક્યારેય જોવા મળીનથી. જરૂરિયાત હોય તોજ લોકો ફ્રુટ ખરીદે છે.તેમાંય હવે છેતરપીંડી થઈ રહી છે.હોલસેલ પેટીમાં પેક આવતા ફ્રુટ ની ઉપર નો થર સારો હોય છે.નીચે સાવ ઝીણો અને નુકશાની વાળો માલ નીકળે છે.આથી સ્થાનિક દલાલો ખરીદી મા રસ ઓછો દાખવે છે. ■

# ખોરાકની શોધમાં જળાશયમાંથી રસ્તા પર આવી ચડેલો મગર વાહન તળે કચડાયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના કકરવા નજીક ખોરાકની શોધમાં જળાશયમાંથી બહાર આવી ચડેલા છ ફૂટ લાંબા મગરમચ્છનું અજાણ્યા વાહન તળે કચડાઈ જવાથી મોત થયું હતું.

કકરવા ગામના જળાશયોમાં તેમજ ચાંગ ડેમમાં મગરોની હાજરી નથી તેમ છતાં આ મગર દૂરના અંતરના કોઈ અજ્ઞાત જળાશયમાંથી બહાર નીકળી અહીં માર્ગ પર ખોરાકની શોધમાં પહોંચી આવ્યો હશે અને રાત્રીના અંધકારમાં વાહન તળે કચડાઈ ગયો હશે તેવો જાણકારોએ મત વ્યક્ત કર્યો હતો.

જાહેર રસ્તા પર મૃત હાલતમાં મગર દેખાતા વટેમાર્ગુઓનું ટોળું એકત્ર થઇ ગયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગવી વન્યજીવ સંપદા ધરાવતા કચ્છના મુંદરા અને ભુજ તાલુકાના કેટલાક વિસ્તારોમાંના જળાશયોમાં મગરોની વ્યાપક પ્રમાણમાં વસાહતો આવેલી છે.

ભૂતકાળમાં રહેણાંક વિસ્તારોમાં, કોઝવે, તેમજ ભુજના હમીરસર તળાવમાં પણ ચોમાસાની ઋતુમાં મગર આવી ચડ્યાનાં સેંકડો બનાવો નોંધાયેલા છે. ■

# ₹ ૧૯ કરોડની છેતરપિંડી કરનાર આંતરરાજય ટોળકી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આસામ સરકારની નીચે કામ કરતી માતક ઓટોનોમસ કાઉન્સિલ નામની સંસ્થાના નામે ખોટા વર્કઓર્ડર બનાવી રાજકોટના કારખાનેદારને ૩૫ હજાર મોટર પંપનો ઓર્ડર આપી તેની ડિપોઝીટ,સેમ્પલ એપ્રુવલ વગેરેના નામે કરોડો રુપિયા મેળવી લઈ અને મોટર પંપ મંગાવી તેને ઓળવી જઈ એકંદરે રૂ.૧૮.૮૮ કરોડની છેતરપીંડી કરનાર આંતરરાજય ટોળકીના પાંચ સભ્યોને ક્રાઈમ બ્રાંચે જુદા-જુદા શહેરોમાંથી ઝડપી લીધા છે. તપાસમાં કરોડો રુપિયાની કિંમતના દિલ્હી અને ઉદયપુરના કૌભાંડોનો પણ પર્દાફાશ થયો છે.

મળતી માહિતી મુજબ રાજકોટના ભુમેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એકયુબ એન્જીટેક કંપની આવેલી છે. જેના માલીકોને આરોપીઓએ આસામ સરકારની નીચે કામ કરતી માતક ઓટોનોમસ કાઉન્સીલના નામે ૩૫ હજાર મોટર પંપ (કિંમત રૂ.૮૭.૫૦ કરોડ)નો ઓર્ડર આપી તેની સિકયુરીટી,ડિપોઝીટ,સેમ્પલ એપ્રુવલ,કન્સલ્ટીંગની પેટે રૂ.૪.૭૩ કરોડ પડાવી લીધા હતા. આ ઉપરાંત રૂ.૧૪.૧૫ કરોડની કિંમતના ૫,૬૬૦ મોટર પંપ આસામ મંગાવી ઓળવી લીધા હતા. આ રીતે કુલ રૂ.૧૮.૮૮ કરોડની છેતરપીંડી કરી હતી. જે અંગે આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાંચ ઉપરાંત એસઓજી અને આજી ડેમ પોલીસની જુદી-જુદી ટીમોને મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ,ઉત્તરપ્રદેશ અને આસામ ખાતે રવાના કરાઈ હતી. આ ટીમોએ આખરે આ આંતરરાજય ટોળકીના પાંચ સભ્યોને ભોપાલ,લોનાવાલા અને ગાજીયાબાદ વગેરે શહેરોમાંથી ઝડપી લીધા હતા. જેમાં મુખ્ય સૂત્રધાર પાર્થ ભારદ્વાજ (રહે. ગુવાહાટી,આસામ),તેના પીએ નંદા ગૈરે (ગાજીયાબાદ,યુપી),મુખ્ય કન્સલ્ટન્ટ પવન શર્મા (રહે. હાપુટ,યુપી),કન્સલટન્ટ સમરીત તન્સર (રહે. ગાજીયાબાદ,યુપી) અને વધુ એક કન્સલ્ટન્ટ મનીષ વિશ્વકર્મા (રહે. ભોપાલ,મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે. આસામમાં ગોડાઉનમાં માલ સ્વીકારનાર તરીકે ખરગેશ્વર ભુયાન (રહે. ગુવાહાટી,આસામ)નું નામ ખુલ્યું છે. જે હાલ પકડાયો નથી. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે આ ટોળકીએ માતક ઓટોનોમસ કાઉન્સીલના નામે ગુવાહાટીમાં ઓફીસ ખોલી હતી. જયાંથી બ્લેન્કેટ,મચ્છરદાની,સ્કૂલબેગ,સોલાર પેનલ વગેરે વસ્તુઓના દેશભરના સપ્લાયરોનો સંપર્ક કરી માતક ઓટોનોમસ કાઉન્સીલના નામે ખોટા વર્ક ઓર્ડરો આપી,સિકયુરીટી ડિપોઝીટ,સેમ્પલ એપ્રુવલ,કન્સલ્ટીંગ ફીના નામે કરોડો રુપિયા મેળવી લેતી હતી. ■

# ગળપાદર નજીક લૂંટારુ ત્રિપુટી વેપારીની ₹ ૧.૧૧ લાખની મતાની લૂંટ ચલાવી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દિવાળી પર્વનું હાલ વેકેશન ચાલતું હોઈ પર્યટન સ્થળો પ્રવાસીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે ગાંધીધામના ગળપાદર નજીક એરપોર્ટ ચોકડી પાસે છરીની અણીએ યુવાન વેપારીએ પહેરેલાં સોનાના ઘરેણાં અને સ્માર્ટ ફોન મળી ૧ લાખ ૧૧ હજારની મતાની લૂંટ ચલાવી લૂંટારુ ટોળકી પલાયન થઇ જતાં ચકચાર પ્રસરી જવા પામી છે.

ઘટના અંગે આદિપુર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, અંજારની ભાગોળે આવેલા વરસામેડી ગામમાં બાગેશ્રી- ૨ નામના રહેણાંક વિસ્તારમાં રહેતાં અને પડાણામાં એચ.કે. ઈમ્પેક્સ નામની વેપારી પેઢી ધરાવતા ૩૦ વર્ષિય હાર્દિક કિશોરભાઈ પરમાર ગત શુક્રવાર એટલે કે ધનતેરસના તહેવારની અંધારી રાત્રે અગિયારેક વાગ્યાના અરસામાં અંજાર તરફ જતાં સુમસામ સર્વિસ રોડ પર ફોર્ડ મોટર્સના શોરૂમ પાસે ફટાકડા ફોડવા માટે આવી રહેલા મિત્રોના આગમનની રાહ જોતો ઉભો હતો તે દરમિયાન, નંબર પ્લેટ વગરના મોટરસાઇકલ પર ધસી આવેલી લૂંટારુ ત્રિપુટીએ યુવાન વેપારીના પેટ પર છરી રાખીને ગળામાં પહેરેલી સોનાની ચેઈન, હાથમાં પહેરેલું સોનાનું કડું, મોબાઈલ ફોન, એમ્બ્રેન કંપનીની મોંઘી પાવરબેન્ક અને ખિસ્સામાં રહેલા પાંચસો રૂપિયાની નોટ આંચકીને અંજાર તરફ ફરાર થઈ ગઈ હતી.

ઘટના બાદ ફરિયાદી ડરી ગયો હોઈ ઘરે જતો રહ્યો હતો અને બીજા દિવસે રાત્રે આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આસપાસ લાગેલા સીસીટીવી કેમેરા અને મોબાઈલ નંબર ટ્રેકરની મદદ લઇ અજાણ્યા આરોપીઓની શોધખોળ આદરી છે. ■

# પાટડીના ચાર પોલીસ સ્ટેશનમાં ૬૦ ટકા સ્ટાફની ઘટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના પાટડી તાલુકાનો વિવિધ ક્ષેત્રે વિસ્તાર થયો છે. પરંતુ પોલીસ તંત્ર ઠેરનું ઠેર છે. વર્ષ ૨૦૨૩ પાટડી તાલુકાની વસ્તી ૨,૧૫,૦૪૯ નોંધાઈ હતી. તાલુકાના તાબામાં આવતા ચાર પોલીસ મથકોમાં ૨૦૩ના મહેકમ સામે માત્ર ૮૦નો પોલીસ સ્ટાફ જ હાજર છે. આથી તાલુકામાં દર ૨૭૦૦ વ્યક્તિ સામે એક જ પોલીસકર્મી ફરજ બજાવે છે.પાટડી તાલુકાનો વિકાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. વિકાસ વધવાની સાથે તાલુકાની વસ્તી પણ કુદકેને ભ્રુસકે વધી રહી છે. પાટડીની ૨૦૦૧મા વસ્તી ૧૬૮૪૯૦ હતી. જે ૨૦૧૧માં વધીને ૧૮૦૫૬૦ થઇ હતી. અને ૨૦૧૭માં આ આંકડો વધીને ૧,૯૨,૩૯૨ સુધી પહોંચ્યોં હતો. અને હાલ ૨૦૨૩મા આ આંકડો વધીને ૨,૧૫,૦૪૯ એ પહોંચ્યો છે. એટલે કે ૨૦૦૧થી ૨૦૨૩ સુધીમાં પાટડી તાલુકાની વસ્તીમાં ૨૮ ટકાનો વધારો નોંધાયો હતો. જ્યારે પાટડી તાલુકાના તાબામા આવતા ચાર પાટડી, દસાડા, ઝીંઝુવાડા અને માલવણ પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ,એએસઆઇ, હેડ કોન્સ્ટેબેલ અને પોલિસ કોન્સ્ટેબલ તથા મહિલા પોલીસ મળી કુલ ૨૦૩ના મહેકમ સામે માત્ર ૮૦ પોલીસ સ્ટાફ જ હાજર છે. એટલે એક બાજુ ૨૩ વર્ષમાં વસ્તી ૨૮ ટકા વધી ને બીજી બાજુ પોલીસ બેડામાં ૬૦ ટકાની તોતિંગ ઘટ હોવાથી હાલમાં પોલિસ અધિકારીઓની સ્થિતી દયનિય બની છે. પાટડી પોલીસ સ્ટેશનમાં હાલ ૩૮ કોન્સ્ટેબલના મહેકમ સામે માત્ર ૧૭ કર્મી હાજર જ્યારે બજાણા પોલીસ સ્ટેશનમાં ૪૯ના મહેકમ સામે માત્ર ચાર જ કર્મી હાજર. દસાડા સ્ટેશનમાં ૨૦ની સામે માત્ર નવ જ કર્મી હાજર છે. પાટડી તાલુકાની કુલ ૨,૧૫,૦૪૯ની વસ્તી સામે માત્ર ત્રણ જ મહિલા પોલીસ છે. જેમાં પાટડી, દસાડા અને માલવણ પોલીસ મથકમાં એક-એક મહિલા પોલીસ સ્ટાફ છે, જ્યારે ઝીંઝુવાડા પોલીસ મથકમાં એક પણ મહિલા પોલીસ સ્ટાફ નથી. ■

# રાજકોટ નજીક કારખાનાના શ્રમિકની બે સાથીએ હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ નજીકના કુવાડવા વિસ્તારમાં પીપળીયા અને ધમલપર વચ્ચે આવેલા લોખંડના સળીયાને પોલીશીંગનું કામ કરતા કારખાનામાં કામ કરતા મૂળ યુપીના ગોંડા જિલ્લાના રાધેશ્યામ પાંડેની તેના જ બે સાથીઓએ માથામાં પત્થરના ઘા ઝીંકી હત્યા કરી હતી. બંને આરોપીઓ ભાગી જતાં પોલીસે શોધખોળ જારી રાખી છે. મળતી માહિતી મુજબ ધમલપર નજીકના રોડ પરના કાંઠે રાધેશ્યામની લાશ પડી હોવાની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો જ્યાં પત્થર પડયો હતો. જેથી તેના માથામાં ઘા ઝીંકી હત્યા કરાયાનું સ્પષ્ટ બન્યું હતું. પોલીસે તપાસ આગળ ધપાવતાં જાણવા મળ્યું કે હત્યાનો ભોગ બનનાર રાધેશ્યામ છેલ્લા બે વર્ષથી કારખાનામાં નોકરી કરતો હતો. હાલ તે કારખાનાના લેબર કવાર્ટરમાં રહેતો હતો. છેલ્લા પખવાડીયાથી જ કારખાનામાં મૂળ ઓરીસ્સાના પ્રશાંત અને ચમ્પુ નામના બે શ્રમિકો પણ કામે લાગ્યા હતા. ગઈકાલે રાત્રે આ બંને શ્રમિકો સાથે રાધેશ્યામ કારખાના નજીક અવાવરૂ જગ્યાએ આંટો મારવા નીકળ્યો હતો ત્યારે કોઈપણ કારણસર બંને પક્ષો વચ્ચે ઝઘડો થતાં ઉશ્કેરાઈ જઈ પ્રશાંત અને ચમ્પુએ નજીકમાં પડેલો પાંચથી સાત કિલો વજનનો પત્થર ઉપાડી તેના ઘા રાધેશ્યામના માથામાં ઝીંકી દીધા હતા. જેથી તેને હેમરેજ થતા મૃત્યુ થયું હતું. ■

# મોરબીમાં વીજ આંચકાથી યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી તાલુકાના પીપળી ગામની સીમમાં ગાડી સફાઈ કરતી વખતે ઇલેક્ટ્રિક શોર્ટ લાગતા યુવાનનું મોત થયું હતું. ટંકારા નજીક મીતાણા ઓવરબ્રિજથી મોરબી તરફ આવતા પેટ્રોલપંપ સામે રોડ પર અજાણ્યા વાહનચાલકે બાઈકને ઠોકર મારતા બાઈક સવારનું મોત થયું હતું.મળતી માહિતી મુજબ મૂળ ટંકારા તાલુકાના નસીતપર ગામના રહેવાસી નીલેશભાઈ અંબારામભાઈ સવસાણી પીપળી ગામની સીમમાં મારુતિ ચેમ્બર્સ એ.કે.કન્સ્ટ્રકશન ઓફીસ બહાર ગાડીની સફાઈ કરતો હતો ત્યારે ઇલેક્ટ્રિક શોર્ટ લાગતા સારવાર દરમિયાન યુવાનનું મોત થયું હતું. ■

# ગુજરાતમાં ચાલુ વર્ષે યુજી મેડિકલની ૪૧૮, પીજીની ૭૦૦ બેઠકો વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ વર્ષે એમડી, એમએસ અને એમસીએચની ૪૧૮ અને એમબીબીએસની ૭૦૦ સીટોનો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી)ની સીટો વધી ૯૭૨ થઈ ગઈ છે. જ્યારે અંડર ગ્રેજ્યુએટ (યુજી)ની ૨૪૫૦ મેડિકલ સીટો થઈ ગઈ છે. આ ઉપરાંત ચાર ચાર મેડિકલ કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને અંડર ગ્રેજ્યુએટના અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેના કારણે અમદાવાદમાં પીજીની ૪૧૪ અને એમબીબીએસની ૪૦૦ સીટો થઈ ગઈ છે.નેશનલ મેડિકલ કાઉન્સિલે જાહેર કરેલા આંકડા મુજબ, રાજ્યની ૧૬ કોલેજમાં એમડી, એમએસ અને એમસીએચની ગયા શૈક્ષણિક વર્ષ સુધીમાં ૫૫૪ બેઠકો હતી, જેમાં ૩૪૧ સીટોનો વધારો થયો છે. જ્યારે ચાર કોલેજોને ઉચ્ચ અભ્યાસક્રમ માટે મંજૂરી અપાઈ છે. તેની ૭૭ સીટ વધતા સંખ્યા ૯૭૨એ પહોંચી ગઈ છે. આવી જ રીતે એમબીબીએસની ૧૬ કોલેજમાં ગયા શૈક્ષણિક વર્ષમાં ૧૭૫૦ સીટ હતી. તેમાં ૭૦૦ સીટનો વધારો થયો છે. અમદાવાદમાં ગત શૈક્ષણિક વર્ષ સુધી પીજીની ૨૮૮ સીટ હતી. તેમાં ૧૨૬ સીટનો વધારો થતા ૪૧૪ થઈ ગઈ છે. જ્યારે યુજીની ૧૫૦ સીટ હતી, જેમાં ૨૫૦નો વધારો થતા આ સંખ્યા ૪૦૦એ પહોંચી છે. સુરતમાં પીજીની ૧૪૮ સીટ હતી. તેમાં ૧૦૦ સીટોનો વધારો થતા ૨૪૮ થઈ ગઈ છે. જ્યારે યુજીની ૨૫૦ સીટ હતી. તેમાં ૧૫૦નો વધારો થતા આ સંખ્યા ૪૦૦એ પહોંચી ગઈ છે. આ ઉપરાંત પાટનગર ગાંધીનગરમાં બે કોલેજોને એમબીબીએસના અભ્યાસક્રમ શરૂ કરવા માટે મંજૂરી આપતા અહીં ૩૦૦ સીટો થઈ છે. પહેલાં અહીં મેડિકલની એક પણ કોલેજ ન હતી. ■